દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 215 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 September 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૭ ૮ ૯ ૧૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હવે ફ્રાન્સમાં ભડકો

## પ્રમુખ મેક્રોન સામે દેશભરમાં તોફાનોઃ 'બ્લોક એવરીથિંગ'ના નામે ઉગ્ર આંદોલન

પૅરિસ : બુધવારે પેરિસ અને ફ્રાન્સના અનેક ભાગોમાં વિરોધીઓએ ચક્કાજામ કર્યા હતા, આગ લગાવી હતી અને પોલીસે ટીયર ગેસના ગોળા ફેંક્યા હતા, જેનાથી પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન પર તેમના નવા વડા પ્રધાનની નિયુક્તિને મામલે દબાણ વધ્યું હતું. મંગળવારે મેક્રોન નવા વડા પ્રધાન તરીકે સેબેસ્ટિયન લેકોર્નુને નિયુક્ત હોવાની જાહેરાત કરતાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

સરકારના ગૃહ મંત્રાલયે મેક્રોન વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી પ્રદર્શનો, બજેટ કાપ અને અન્ય ફરિયાદોના આયોજિત દિવસના શરૂઆતનાં કલાકોમાં ૧૫૦ જણની ધરપકડની જાહેરાત કરી હતી. 'બ્લોક એવરીથિંગ'ના પોતાના સ્વ-ઘોષિત

(જુઓ પાનું ૨) ▶▶



અશાંતિઃ પૅરિસમાં બુધવારે મોટા પાયે તોફાનો થયાં હતાં. (એજન્સી)

# નેપાળની કમાન કોને? સુશીલા કાર્કીનું નામ આગળ

કાઠમંડુ : નેપાળના રાજકારણમાં નવો વળાંક આવી રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે. હિંસા અને સત્તાના સંકટ વચ્ચે હવે દેશનું સુકાન કોણ સંભાળશે એને લઈને જેન-ઝી આંદોલનકર્તાઓએ વર્ચ્યુઅલ બેઠક બોલાવી હતી. આ ઑનલાઈન સભામાં ૫,૦૦૦ કરતાં પણ વધુ યુવાનોએ ભાગ લીધો હતો અને સૌથી વધુ સમર્થન ભૂતપૂર્વ સર્વોચ્ચ ન્યાયાધીશ સુશીલા કાર્કીને મળ્યું હતું.

કાઠમંડુના નેતા બાલેન શાહ જેમને અત્યાર સુધી જેન ઝીના નેતા માનવામાં આવતા હતા તેમણે યુવાનોની અપીલનો કોઈ

(જુઓ પાનું ૨) ▶▶

સૈન્યે સૂત્રો હાથમાં લેતાં નેપાળમાં વિનાશ પછી શાંતિ



# ટ્રમ્પે ફરી દોસ્તીનો હાથ લંબાવ્યો, મોદીએ ઝાલી લીધો

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં આયત થતી ભારતના ઉત્પાદનો પર ભારે ટૅરીફ લગાવ્યા બાદ અને ભારત પર વેપાર પ્રતિબંધો લગાવવાની અનેક વાર ધમકીઓ આપ્યા બાદ ભારત અને અમેરિકાના સંબંધોમાં તિરાડ આવી છે. એવામાં ટ્રમ્પે એક મહત્ત્વનું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે ભારત સાથે વેપાર વાટાઘાટો માટે તૈયારી બતાવી છે, જેના પર

(જુઓ પાનું ૨) ▶▶

## ભારત પર લાદો ૧૦૦ ટકા ટૅરિફઃ ટ્રમ્પની ઈયુને સલાહ

નવી દિલ્હી : યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવા માટે રશિયા પર દબાણ વધારવાના સંયુક્ત પ્રયાસના ભાગ રૂપે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયન (ઇયુ) ને ભારત અને ચીન પર ૧૦૦ ટકા સુધીનો ટૅરિફ લાદવા કહ્યું

(જુઓ પાનું ૨) ▶▶

## ભારત જીત્યું

ફક્ત ૫૭ રનમાં યુએઈ ઓલઆઉટઃ ટીમ ઈન્ડિયાએ ૪.૩ ઓવરમાં ટાર્ગેટ ચૅઝ કર્યું

૧૧

# ઈયુ-ભારત વેપાર કરારઃ મોદીની મેલોની સાથે ચર્ચા

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ઈટલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોની સાથે વાતચીત કરી હતી. તેમણે ભારત અને યુરોપિયન યુનિયન(ઇયુ) વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર અંગે ચર્ચા કરી હતી. તેમજ તેમણે તેમના સમર્થન બદલ આભાર પણ માન્યો હતો. મોદીએ ટેલિફોનિક વાતચીતમાં મેલોની સાથે યુક્રેનમાં સંઘર્ષનો અંત લાવવાના ઉપાયો તેમજ ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર(આઇએમઇઇસી)ના અમલ અંગે પણ ચર્ચા કરી હતી. મોદીએ એક્સ પર જણાવ્યું કે વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની સાથે ખૂબ જ સારી વાતચીત થઇ હતી. અમે ભારત-ઇટલી વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે અમારી સંયુક્ત પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી અને યુક્રેનમાં સંઘર્ષનો વહેલી તકે અંત લાવવા માટે સહિયારો રસ દાખવ્યો હતો. તેમણે જણાવ્યું કે ભારત-યુરોપિયન સંઘના પરસ્પર ફાયદાકારક વેપાર કરાર પૂર્ણ કરવા અને આઇએમઇઇસી પહેલના માધ્યમથી કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવામાં ઇટલીના સક્રિય સમર્થન બદલ વડા પ્રધાન મેલોનીનો આભાર. ભારત અને યુરોપિયન સંઘ આ વર્ષના અંત સુધીમાં પ્રસ્તાવિત મુક્ત વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા પર વિચાર કરી રહ્યા છે.■

# પહેલાં તોડફોડ, પછી સાફસફાઈ

## ▶ નેપાળની જેન ઝીએ તોફાનો પછી રસ્તાઓ સાફ કર્યા



કાઠમંડૂઃ નેપાળમાં જેન ઝીએ વિશાળ વિરોધ પ્રદર્શનો પછી રસ્તા પરની ગંદકી સાફ કરી હતી. સરકાર વિરોધી હિંસક પ્રદર્શનો કર્યાના એક દિવસ પછી જેન ઝી સ્વયંસેવકોએ સ્થાનિકો સાથે મળીને કાઠમંડુમાં રસ્તાઓ પરની ગંદકી સાફ કરી હતી અને કાટમાળ હટાવ્યો હતો.

નેપાળમાં અનેક દિવસો સુધી ચાલેલી અરાજકતા પછી ૧૦ સપ્ટેમ્બર, બુધવારે કાઠમંડુમાં એક હૃદયસ્પર્શી દૃશ્ય જોવા મળ્યું હતું. હિંસક સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનોએ રાષ્ટ્રને આઘાત પહોંચાડ્યાના એક દિવસ પછી જેન ઝી સ્વયંસેવકોએ સ્થાનિકો સાથે મળીને કાઠમંડુમાં રસ્તાઓ પર સફાઈ કરી હતી.

એક વાયરલ વીડિયોમાં ડઝનબંધ યુવાનો કચરો ઉપાડતા, બળી ગયેલી સામગ્રી દૂર કરતા અને રાજધાનીની શેરીઓમાં વ્યવસ્થા સુધારતા જોવા મળ્યા હતા. આ વીડિયોની ઓનલાઈન ખૂબ પ્રશંસા કરાઈ હતી. એવું કહેવાય છે કે વિરોધ પ્રદર્શનોને વેગ આપનારો ગુસ્સો છતાં નેપાળના યુવાનો ફરીથી તેમના સમુદાયોના નિર્માણ માટે કટિબદ્ધ છે. વીડિયોનું ટાઈટલ હતું વ્યાપક વિરોધ પ્રદર્શનોના એક દિવસ પછી જેન ઝી હવે કાઠમંડુની સફાઈમાં રોકાયેલા છે.

નેપાળમાં સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ બાદ જેન ઝીના નેતૃત્વ હેઠળના સમુદાયે વિરોધ પ્રદર્શન કર્યા હતા, જેના કારણે વ્યાપક પ્રદર્શનો બાદ વડાપ્રધાન કેપી શર્મા ઓલીને રાજીનામું આપવાની ફરજ પડી હતી. વિરોધીઓએ ઓલી, રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડલ અને અન્ય મંત્રીઓના ઘરોને પણ આગ ચાંપી દીધી હતી. ફેડરલ સંસદ અને કાઠમંડુમાં હિંસામાં માત્ર બે દિવસમાં ઓછામાં ઓછા બાવીસ લોકો માર્યા ગયા છે અને ૫૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

સરકારે થોડા સમય માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મુક્યો હતો ત્યારબાદ સોમવારે રાત્રે તેને હટાવી લેવામાં આવ્યો હતો પરંતુ વિરોધ પ્રદર્શનો વધુ ઉગ્ર બન્યા હતા. અશાંતિ દરમિયાન સંસદના ભાગો સહિત જાહેર અને ખાનગી મિલકતોને આગ ચાંપી દેવામાં આવી હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે નેપાળી સેના અને સુરક્ષા દળોને તહેનાત કરવામાં આવ્યા હતા અને કર્ફ્યૂ લાદવામાં આવ્યો હતો. છતાં તણાવ વચ્ચે નેપાળના યુવાઓ દ્વારા તેમના શહેરને સાફ કરતી તસવીરો આશાનું પ્રતીક બની ગઈ છે, જે સાબિત કરે છે કે આ પેઢી માત્ર પરિવર્તનની માગ કરી રહી નથી પણ તેમના દેશના ભવિષ્યની જવાબદારી લેવા માટે પણ તૈયાર છે. ■

# 'કરિશ્મા કપૂરનાં સંતાનોને ૧,૯૦૦ કરોડ તો મળ્યા, હજી શું જોઈએ છે?'

## ▶ સંજય કપૂરની પત્ની પ્રિયાની દલીલઃ પ્રિયાને સંજયની તમામ સંપત્તિની વિગતો આપવા કોર્ટનો હુકમ

નવી દિલ્હીઃ દિવંગત પતિ સંજય કપૂરની તમામ સંપત્તિ જાહેર કરવાનો દિલ્હી હાઈ કોર્ટે બુધવારે પ્રિયા કપૂરને આદેશ આપ્યો હતો. સંજય કપૂરનું ૧૨મી જૂને અવસાન થયું હતું.

સંજય કપૂરની ૧૨ જૂન સુધીની તમામ સ્થાવર અને જંગમ મિલકત જાહેર કરવાનો કોર્ટે પ્રિયા કપૂરને આદેશ આપ્યો હતો.

સંજયના વસિયતનામાને પડકારતી અને તેની કથિત ૩૦,૦૦૦ કરોડની મિલકતમાં હિસ્સાની માગણી કરતી સંજયના બે બાળક, ભૂતપૂર્વ પત્ની અને અભિનેત્રી કરિશ્મા કપૂરે દાખલ કરેલી ફરિયાદની સુનાવણી કરતા ન્યાયાધીશ જ્યોતિ સિંહે ઉપરોક્ત આદેશ આપ્યો હતો.

દરમિયાન પ્રિયા કપૂરે ન્યાયાધીશ જ્યોતિ સિંહને માહિતી આપી હતી કે સંજયના બે બાળક સમાયરા કપૂર (૨૦) અને કિઆન રાજ કપૂર (૧૫)ને અગાઉ જ ફેમિલી ટ્રસ્ટ પાસેથી ૧,૯૦૦ કરોડ રૂપિયા મળી ગયા છે. હજુ વધુ તેમને શું જોઈએ છે એવો પ્રશ્ન પ્રિયાએ કર્યો હતો.

વસિયતનામું રજિસ્ટર કરાવવામાં આવ્યું હતું? એવા કોર્ટે કરેલા પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રિયાના વકીલ સિનિયર એડવોકેટ રાજીવ નાયરે કહ્યું હતું કે વસિયતનામું રજિસ્ટર કરવામાં ન આવ્યું હોવા છતાં તે અપાત્ર નથી ઠરતું.

કોર્ટે પ્રિયાને નૉટિસ પાઠવી કેસની આગામી સુનાવણી માટે નવ ઑક્ટોબર મુકરર કરી હતી.

સંજય કપૂરની ૮૦ વર્ષની માતાએ પણ એમ કહીને વસિયતનામાને પડકાર્યું હતું કે વસિયતનામા અને દસ્તાવેજોની જાણકારી મેળવવા મેં ૧૫ કરતાં પણ વધુ ઈમેલ કર્યા હતાં. ૧૦,૦૦૦ કરોડ રૂપિયા જેટલી સંપત્તિ મારી હોવી જોઈએ, પરંતુ આજે મારા માથા પર છત પણ નથી એવા સંજોગોમાં મારા પુત્રએ વિદાય લીધી છે. (એજન્સી)■

# મંગળ પર જીવન હતુંઃ નાસાને પુરાવા મળ્યા

વૉશિંગ્ટનઃ નાસાના પર્સિવર્ન્સ રૉવરે મંગળ પરના તળાવના તળિયે જમા થયેલા ગારમાંથી અબજો વર્ષ અગાઉ બનેલા ખડકના નમૂનામાંથી પ્રાચીન સુક્ષ્મ જીવના અસ્તિત્વના સંકેત મળ્યા હોવાનું વૈજ્ઞાનિકોએ કહ્યું હતું.

નમૂનામાં જોવા મળેલા ખનીજ બિનજૈવિક પ્રક્રિયાથી પણ મેળવી શકાય એમ હોવાનું તેમણે કહ્યું હતું.

બુધવારે પબ્લિશ કરવામાં આવેલી સંશોધનની વિગતો પૃથ્વીના પડોશી ગણાતા મંગળ ગ્રહ પર એક સમયે જીવસૃષ્ટિ હોવાના પુરાવાનું પ્રતિનિધિત્વ કરે છે.

વર્ષ ૨૦૨૧માં મંગળ પર ઉતરાણ કરનાર છ પૈંડાનું રૉવર એક સમયે ભરપૂર પાણી ધરાવતા અને પ્રાચીન તળાવની હાજરી ધરાવતા મંગળના ઉત્તરીય વિસ્તારમાં આવેલા ઝીઝેરો જ્વાળામુખીનું મુખ શોધી રહ્યું છે.

રૉવર ખડક તેમ જ રિગૉલિથ તરીકે ઓળખાતા છૂટક દ્રવ્યો-પદાર્થોના નમૂના એકઠું કરી રહ્યું છે અને ઉપલબ્ધ ઉપકરણોની મદદથી તેનું પૃથ્થકરણ કરી રહ્યું છે. (એજન્સી)■

# ૯૦ ટકા ખરડાઓને મહિનામાં મંજૂરી મળે છેઃ કેન્દ્રની સુપ્રીમમાં દલીલ

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે વર્ષ ૧૯૭૦થી રાજ્ય વિધાનસભા દ્વારા અત્યાર સુધી મંજૂર કરવામાં આવેલા ૯૦ ટકા ખરડાને એક જ મહિનાની અંદર રાજ્યપાલની મંજૂરી મળી ગઈ હતી. કુલ ૧૭,૧૫૦ ખરડામાંથી માત્ર ૨૦ વખત જ ગવર્નરે ખરડા અટકાવ્યા હતા.

વિધાનસભા દ્વારા મંજૂર કરવામાં આવેલા ખરડાને હાથ ધરવા અંગે કોર્ટે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ માટે સમયમર્યાદા મુકરર કરવી જોઈએ એ પ્રકારના પ્રેસિડેન્શિયલ રેફરન્સની સુનાવણી કરતી મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈના વડપણ હેઠળની પાંચ ન્યાયાધીશની બનેલી ખંડપીઠે કેન્દ્ર સરકારના પગલાંનો એમ કહીને વિરોધ કર્યો હતો કે અન્ય પક્ષ માટે આ બાબત યોગ્ય નહીં ગણાય કેમ કે તેમને આ પ્રકારના કોઈ પણ આંકડાઓનો ઉલ્લેખ કરવાની પરવાનગી આપવામાં નહોતી આવી.

છેલ્લાં પંચાવન વર્ષમાં ૯૦ ટકા ખરડાને રાજ્યપાલે એક મહિનાની અંદર મંજૂરી આપી દીધી હતી અને માત્ર ૨૦ વખત જ ખરડાને રોકી રાખવામાં આવ્યા હતા, એમ કાયદા અધિકારીએ કહ્યું હતું.

સિબલે આ સૂચનોનો એમ કહીને વિરોધ કર્યો હતો કે આ પ્રકારના વિવાદ વર્ષ ૨૦૧૪ પછી જ મોટાપાયે ઊભા થયા હતા.

આ પ્રકારના કોઈ આંકડાઓનો ઉલ્લેખ કરવાની મને પરવાનગી આપવામાં નહોતી આવી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# પૉર્ન સામગ્રીઃ અભિષેક બચ્ચનની અરજી પર આદેશ આપશે અદાલત

નવી દિલ્હીઃ નામ, વાંધાજનક કામુક સામગ્રી, એઆઈ જનરેટેડ પોર્નોગ્રાફિક સામગ્રી સહિત બનાવટી વીડિયો અને તસવીરોનો વૅબસાઈટ ઉપરાંત અન્ય પ્લેટફોર્મ પર ગેરકાયદે ઉપયોગ કરવા પર અંકુશ આણવાની અને પબ્લિસિટી ઍન્ડ પર્સનાલિટી રાઈટ્સનું રક્ષણ કરવાની માગણી કરતી બોલિવૂડના અભિનેતા અભિષેક બચ્ચનની અરજીને મામલે આદેશ બહાર પાડીશું, એમ દિલ્હી હાઈ કોર્ટે બુધવારે કહ્યું હતું.

બચ્ચન જે મામલે છુટકારાની માગણી કરી રહ્યા છે તેની વકીલે કરેલી રજૂઆતની ન્યાયાધીશ તેજસ કારિયાએ નોંધ લીધી હતી અને કહ્યું હતું કે આ મામલે અમે આદેશ બહાર પાડીશું.

નવ સપ્ટેમ્બરે કોર્ટે અભિષેક બચ્ચનની પત્ની ઐશ્વર્યારાય બચ્ચનની આ જ પ્રકારની અરજીની સુનાવણી કરતાં કોર્ટે કહ્યું હતું કે આ મામલે બચાવકર્તા વૅબસાઈટ અને પ્લેટફોર્મને મનાઈ ફરમાવતો વચગાળાનો આદેશ આપવામાં આવશે. અગાઉ વર્ષ ૨૦૨૩માં બચ્ચન દંપતીની પુત્રી આરાધ્યાએ પણ તેનાં આરોગ્યને લગતી ગેરમાર્ગે દોરતી સામગ્રી સોશ્યલ મીડિયા પર પ્રસારિત કરવા પર રોક લગાવવાની હાઈ કોર્ટમાં માગણી કરી હતી. (એજન્સી)■

# ૧૫ દિવસના બાળકને માતાએ ફ્રીજમાં મૂકી દીધું

લખનઉઃ ઉત્તર પ્રદેશના મુરાદાબાદના કુર્લા વિસ્તારમાં એક વિચિત્ર ઘટના બની છે. પોસ્ટપાર્ટમ સાયકોસિસથી પીડિત ૨૩ વર્ષીય એક મહિલાએ તેના ૧૫ દિવસના બાળકને ફ્રીજમાં મૂકી દીધું અને બાદમાં પોતે સૂઇ ગઇ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

આ ઘટના ગત શુક્રવારે બની હતી. પ્રાપ્ત વિગતો અનુસાર બાળકને બાદમાં તેની દાદીએ બચાવ્યું હતું. તેણીએ તેનો રડવાનો અવાજ સાંભળ્યો હતો. તુરંત જ તેને બચાવવા માટે રસોડામાં દોડી ગયા હતા. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર બાળકને તાત્કાલિક હોસ્પિટલ લઇ જવામાં આવ્યું હતું. જ્યાં તેની હાલત સ્થિર હોવાનું જણાવાયું હતું.તાજેતરમાં જ એક પુત્રને જન્મ આપનારી આ મહિલાની પ્રસૂતિ બાદથી જ તબિયત લથડી હતી. જ્યારે તેણીએ તેના બાળકને ફ્રીજમાં રાખ્યું ત્યારે તેના પરિવારે શરૂઆતમાં વિચાર્યું કે તેણી પર દુષ્ટ શક્તિઓનો પ્રભાવ છે. તેથી તેની હાલતમાં સુધારો લાવવા માટે કેટલીક ધાર્મિક વિધિઓ પણ કરવામાં આવી હતી. પરંતુ બધું જ વ્યર્થ ગયું હતું. ■

# બિહાર પછી દેશભરમાં મતયાદીના એસઆઈઆરને અપાઈ લીલી ઝંડી

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે બિહારના ધોરણે દેશના તમામ રાજ્યમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની કવાયત હાથ ધરવાને લીલીઝંડી આપી દીધી છે. ચૂંટણી પંચે એસઆઈઆરની તૈયારીની સમીક્ષા માટે રાજ્યોના સીઈઓ સાથે મેરેથોન બેઠક કરી હતી.

સાડાત્રણ કલાક ચાલેલી આ બેઠકમાં ચૂંટણી પંચે મતદાતાઓની ચકાસણી માટે સ્થાનિક સ્તરે માન્ય હોય તેવા દસ્તાવેજોની યાદી તૈયાર કરવા ચૂંટણી અધિકારીઓને જણાવ્યું હતું.

ઑક્ટોબર મહિનાથી દેશભરમાં મતયાદીઓની વિશેષ સર્વગ્રાહી સમીક્ષા (એસઆઈઆર) કવાયત શરૂ થાય તેવી શક્યતા છે. ચૂંટણી પંચ તેમ જ તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીઓ વચ્ચેની બેઠકમાં આ મામલે સહમતી સધાઈ છે. સૂત્રોના જણાવ્યાનુસાર ચૂંટણી પંચે તમામ રાજ્યના મુખ્ય અધિકારીઓને ૩૦ સપ્ટેમ્બર સુધીમાં જરૂરી કાર્યવાહી અને તૈયારી પૂરી કરી લેવા જણાવ્યું છે.

મોટા ભાગનાં રાજ્યોએ પણ સપ્ટેમ્બરના અંત સુધીમાં આ મામલે તેઓ પૂરી રીતે તૈયાર થઈ જશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

બિહાર વિધાનસભા ચૂંટણી પૂરી થાય તે અગાઉ જ દેશવ્યાપી એસઆઈઆરની જાહેરાત કરી દેવામાં આવે એવી શક્યતા છે.

જોકે તમામ રાજ્ય આ મામલે ચૂંટણી પંચને પ્રોગ્રેસ રિપોર્ટ સુપરત કરશે ત્યાર બાદ જ અંતિમ તારીખ નક્કી કરવામાં આવશે.

મતદારોની ચકાસણી માટે એકઠાં કરવામાં આવનારાં દસ્તાવેજોની યાદી તૈયાર કરવાનું પણ મુખ્ય ચૂંટણી અધિકારીઓને જણાવી દેવામાં આવ્યું છે. બિહારમાં એસઆઈઆરની પ્રક્રિયા અંગે ચૂંટણી પંચે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે જે મતદાતાઓને નૉટિસ પાઠવવામાં આવી છે તેમનો મત જાણ્યા વિના મતદાર યાદીમાંથી તેમનું નામ કાઢવામાં નહીં આવે. કાયદેસર મતદાતા અને નૉટિસ પાઠવવામાં ન આવી હોય તેવા મતદાતાઓનું નામ મતદાર યાદીમાંથી કાઢવામાં નહીં આવે એવી બાંયધરી ચૂંટણી પંચે આપી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી, વિપક્ષોની ફાટફૂટ બહાર આવી ગઈ

**ભારતમાં** બીજા નંબરનો સર્વોચ્ચ બંધારણીય હોદ્દો ગણાતા દેશના ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણી પતી ગઈ અને ધારણા પ્રમાણે જ ભાજપના સી.પી. રાધાકૃષ્ણન ચૂંટાઈ આવ્યા. ભારતમાં ઉપરાષ્ટ્રપતિ સંસદના ઉપલા ગૃહ એવા રાજ્યસભાના ચેરપર્સન તરીકેની ભૂમિકા પણ ભજવે છે તેથી રાધાકૃષ્ણન હોદ્દો સંભાળે પછી પાંચ વર્ષ સુધી બંને હોદ્દા પર કામ કરશે.

જગદીપ ધનખડના અચાનક આવી પડેલા રાજીનામાના કારણે ખાલી પડેલા બંને હોદ્દા માટેની ચૂંટણીમાં સાઉથ વર્સીસ સાઉથનો જંગ હતો. આ જંગ રસપ્રદ બનશે એવું મનાતું હતું. શાસક મોરચા એનડીએના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણન તામિલનાડુના અને સંયુક્ત વિપક્ષી ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડી તેલંગાણાના છે તેથી ભાજપને ટેકો આપનારા સાઉથના પક્ષોમાં ભંગાણ પડશે ને ભાજપ તરફથી ક્રોસ વોટિંગ થશે એવી વાતો વિપક્ષોએ ચલાવી હતી પણ એવું કશું થયું નથી. રાધાકૃષ્ણન સરળતાથી જીત્યા છે અને તેમને ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએના સાંસદો કરતાં વધારે મત મળ્યા છે તેનો અર્થ એ થયો કે, ક્રોસ વોટિંગ ભાજપ કે તેના સાથી પક્ષોમાંથી નથી થયું પણ વિપક્ષોના સાંસદોએ કર્યું છે.

ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણી માટે લોકસભા અને રાજ્યસભાના સભ્યો મતદાન કરે છે. રાજ્યસભાના નોમિનેટેડ સભ્યો પણ મતદાન કરવા માટે લાયક મનાય છે તેથી કુલ ૭૮૧ સાંસદ મતદાન કરી શકે તેમ હતા. ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણી જીતવા સાદી બહુમતી જરૂરી છે તેથી જે ઉમેદવારને કુલ મતદારોના અડધા મત વત્તા એક મત મળે એ ઉમેદવાર વિજેતા જાહેર થાય છે.

ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં પ્રેફરેન્શિયલ મત સિસ્ટમ પણ છે. મતલબ કે દરેક સાંસદ મતપત્રકમાં ઉમેદવારોને પસંદગીના ક્રમ આપે છે. મતગણતરી થાય ત્યારે સૌથી પહેલાં ફસ્ટ પ્રેફરન્સ એટલે કે સાંસદે જેની સામે એકડો લખ્યો હોય એ મતો ગણતરીમાં લેવાય છે. ફસ્ટ પ્રેફરન્સના મતોથી સાદી બહુમતી મળી જાય તો ઉમેદવાર વિજેતા જાહેર થાય છે પણ ગણતરીના પ્રથમ રાઉન્ડ પછી કોઈ ઉમેદવાર સાદી બહુમતી માટે જરૂરી મતો ના મેળવી શકે તો ગણતરી બીજા રાઉન્ડમાં જાય છે અને એલિમિનેશન પ્રક્રિયા શરૂ થાય છે.

આ પ્રક્રિયા હેઠળ જે ઉમેદવારને સૌથી ઓછા મત મળ્યા હોય તેને બાકાત કરી દેવામાં આવે છે. તેને મળેલા બધા મત બાકીના ઉમેદવારોમાં વહેંચી દેવાય છે. આ વહેંચણીમાં મતદાર એટલે કે સાંસદના સેકન્ડ પ્રેફરન્સને ધ્યાનમાં લેવાય છે તેથી મતદારે જેના નામ સામે બગડો લખ્યો હોય તેને આ મત ફાળવી દેવાય છે. આ ફાળવણી પછી કોઈ ઉમેદવારને સાદી બહુમતી માટે જરૂરી મતો મળી જાય તો તેને વિજેતા ઉમેદવાર જાહેર કરાય છે પણ સેકન્ડ રાઉન્ડ પછી પણ કોઈને સાદી બહુમતી ના મળે તો બીજા નંબરે સૌથી ઓછા મત મેળવનાર ઉમેદવારને દૂર કરીને તેના મતોમાંથી થર્ડ પ્રેફરન્સના મતો બાકીના ઉમેદવારને વહેંચાય છે.

આ એક પ્રક્રિયા છે પણ અત્યાર સુધી ભારતમાં કદી ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં સેકન્ડ પ્રેફરન્સના મતની ગણતરી કરવાની પણ જરૂર નથી પડી. બે કરતાં વધારે ઉમેદવારો ઊભા રહે એ સંજોગોમાં આ પ્રક્રિયા મહત્ત્વની બને પણ મોટા ભાગે ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં સીધો જંગ હોય છે ને બે જ ઉમેદવાર હોય છે. આ વખતે પણ સી.પી. રાધાકૃષ્ણન અને સુદર્શન રેડ્ડી એમ બે જ ઉમેદવાર હતા તેથી પહેલા રાઉન્ડમાં જ ફેંસલો થઈ ગયો. આ ફેંસલામાં ભાજપ મેદાન મારી ગયો છે.

આ ચૂંટણી જીતવા માટે બહુમતીનો આંકડો ૩૯૧ હતો અને શાસક એનડીએ પાસે ૪૨૨ સાંસદ હતા. જગન મોહન રેડ્ડીની વાયએસઆર કૉંગ્રેસે ભાજપના રાધાકૃષ્ણનને ટેકો આપવાની જાહેરાત પહેલાંથી જ કરી દીધી હતી. રાજ્યસભામાં સાત અને લોકસભામાં ચાર મળીને વાયએસઆર કૉંગ્રેસ પાસે ૧૧ સાંસદ છે. એનડીએના ૪૨૨ સાંસદમાં વાયએસઆર કૉંગ્રેસના ૧૧ સાંસદો ઉમેરાય તો કુલ આંકડો ૪૩૩ પર પહોંચે પણ રાધાકૃષ્ણનને એનડીએની તાકાત કરતાં ૩૦ મત વધારે એટલે કે ૪૫૨ મત મળ્યા છે તેના પરથી સ્પષ્ટ છે કે, વિપક્ષોમાંથી પણ કેટલાક સાંસદે ભાજપના ઉમેદવારને મત આપ્યા છે. આ ચૂંટણીએ ફરી વિપક્ષોની ફાટફૂટ બહાર લાવી દીધી છે.

ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં પક્ષો કોઈ પક્ષ વ્હિપ નથી આપી શકતી અને મતદાન પણ ગુપ્ત હોય છે તેથી કોણે કોને મત આપ્યો એ ખબર નથી પડતી. આ વખતે પણ કોણે ક્રોસ વોટિંગ કર્યું એ સ્પષ્ટ નથી પણ કૉંગ્રેસની શશિ થરૂર આણિ મંડળી તરફ શંકાની સોય તકાઈ રહી છે. અલબત્ત ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં પાર્ટી દ્વારા પોતાના જ ઉમેદવારને મત આપવો એવો વ્હિપ આપી શકાતો નથી તેથી પાર્ટીની લાઈનની વિરુદ્ધ મતદાન કરનાર સામે કોઈ પગલાં લઈ શકાતાં નથી.

આ સંજોગોમાં કોઈ પણ પાર્ટીને પોતાના તરફથી કોણે ક્રોસ વોટિંગ કર્યું તેની ખબર પડે તો પણ કાયદેસરનાં પગલાં લઈ શકાતાં નથી. પક્ષના બંધારણ પ્રમાણે, પક્ષવિરોધી પ્રવૃત્તિ માટેનાં પગલાં લઈ શકાય પણ પક્ષ કાર્યવાહી કરે ત્યારે સાંસદપદ જતું નથી તેથી ક્રોસ વોટિંગ કરનારા સલામત છે. કોઈ તેમનું કશું ઉખાડી નહીં શકે.

રાધાકૃષ્ણનની જીત સાથે જગદીપ ધનખડ હવે ઈતિહાસ બની ગયા છે. ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામું આપ્યા પછી ધનખડ સાવ ખોવાઈ ગયા છે અને તેમનો કોઈ અતોપતો જ નથી. વચ્ચે તેમણે રાજસ્થાનના ધારાસભ્ય તરીકેનું પેન્શન લેવા માટે અરજી કરી ત્યારે અચાનક લોકોને પાછા યાદ આવી ગયેલા પણ હવે પાછા ભુલાઈ ગયા છે. તેનો અફસોસ કરવા જેવો પણ નથી કેમ કે ધનખડમાં યાદ રાખવા જેવું કશું હતું પણ નહીં. રાજ્યસભાના ચેરપર્સન તરીકે એકદમ પક્ષપાતી વલણ બતાવનારા ધનખડમાં હોદ્દાની ગરિમા નહોતી ને દેશના બીજા નંબરના સર્વોચ્ચ હોદ્દા પર બેસનારી વ્યક્તિ તરીકેનું ગૌરવ નહોતું. એ ભાજપના સામાન્ય કાર્યકરની જેમ વર્તતા ને બેફામ લવારા કરતા તેથી તેમની વિદાયથી ઝાડ પડ્યું ને જગા થઈ જેવી હાલત છે.

રાધાકૃષ્ણન આ જગા ભરવા આવ્યા છે ત્યારે તેમની પાસેથી સૌથી પહેલી અપેક્ષા એ જ છે કે, બીજા ધનખડ સાબિત ના થાય. રાધાકૃષ્ણનનો ટ્રેક રેકોર્ડ ધનખડ જેવો નથી. એ બિનવિવાદાસ્પદ વ્યક્તિત્વ ધરાવે છે અને અત્યાર લગી ગૌરવથી વર્ત્યા છે એ જોતાં આ આશા ફળશે એમ માની શકાય. ભારતમાં રાષ્ટ્રપતિપદનો રસ્તો ઉપરાષ્ટ્રપતિ ભવન થઈને જાય છે એવું કહેવાય છે. રાધાકૃષ્ણનનો ટ્રેક રેકોર્ડ જોતાં એ ભવિષ્યમાં રાષ્ટ્રપતિપદના પ્રબળ દાવેદાર બની શકે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, ગુરુવાર, તા. ૧૧-૯-૨૦૨૫,
પંચમી શ્રાદ્ધ, ભરણી શ્રાદ્ધ

- ભારતીય દિનાંક ૨૦, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર અશ્વિની બપોરે ક. ૧૩-૫૭ સુધી, પછી ભરણી
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષમાં (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૬, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૨ (તા. ૧૨)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૯, રાત્રે ક. ૧૯-૩૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – ચતુર્થી. પંચમી શ્રાદ્ધ, ભરણી શ્રાદ્ધ, માધવદેવતિથિ (આસામ), સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુની, વાહન મહિષી.
- મુહૂર્ત વિશેષઃ અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, ગુરુગ્રહદેવતાનું પૂજન, પરદેશનું પસ્તાનું, પ્રયાણ શુભ, હજામત, નવા વાસણ, નિત્ય થતાં પશુ લે-વેંચ, નૌકાયંત્ર, દસ્તાવેજ, દુકાન-વેપાર સંબંધિત કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.
- શ્રાદ્ધ પર્વઃ પાંચમ તિથિએ દિવગંતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. પાંચમનું શ્રાદ્ધ લક્ષ્મીજીના આશીર્વાદ અપાવે છે. આયુર્વેદની દૃષ્ટિએ ભાદરવો એ શરદઋતુમાં આવે છે. જેને આયુર્વેદમાં રોગોની માતા તરીકે ઓળખાય છે. આ ઋતુમાં પિત્તનો પ્રકોપ થાય છે આથી જેણે આ ઋતુરોગ વિનાની કાઢી તેનું વરસ નિરોગી નીકળ્યું તેવું ગણવામાં આવે છે. આ ઋતુમાં તાવ વિગેરે પિત્તપ્રકોપનાં દિવસો ગણાય છે. પિત્તનાં શમન માટે દૂધ શ્રેષ્ઠ છે. આથી દૂધની બનાવટો જેમ કે ખીર-દૂધપાક વિગેરે શ્રાદ્ધમાં જમવાનું વિધાન છે.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય અર્ધચતુષ્કોણ વ્યવહારમાં મુશ્કેલી પડે. બુધ-રાહુ પ્રતિયુતિ તોતડાપણું.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય અર્ધચતુષ્કોણ, બુધ-રાહુ પ્રતિયુતિ (તા. ૧૨)
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# કોઈ દેખે યા ન દેખે અલ્લાહ દેખ રહા હય...

**સૃષ્ટિનું** સર્જન કરનારા મહાન અલ્લાહતઆલા (ઈશ્વર, પ્રભુ)એ મનુષ્ય માત્રમાં બે ચીજો મૂકી છે, ૧-શરીર અને ૨-રૂહ (આત્મા):

શરીર ફના એટલે કે નાશ થનાર ચીજ છે અને રૂહ બાકી રહેનારી ચીજ છે. એક ખ્યાતનામ શાયરે પોતાના શે'રની બે પંક્તિઓમાં અલ્લાહના આ ભેદને ઘણી જ સહજતાથી વ્યક્ત કરી છે.

**જિસ્મ મરતા હૈ લેકિન**
**રૂહ કો મૌત આતી નહીં...!**

આ સનાતન સત્ય છે. આત્મા અમર છે, તે મૃત્યુ પામતો નથી. આ સંદર્ભમાં આપણા ગુજરાતી સાહિત્યના મુઠ્ઠી ઊંચેરા શાયર જનાબ બરકત વિરાણી 'બેફામ'ની આ લા'જવાબ શે'ર પાછળ રહેલી સચ્ચાઈને પણ જાણવી રસપ્રદ બની રહેવા પામશે.

**નહોતી ખબર કે રૂહમાં ખૂશ્બુ હોય છે,**
**મરી ગયા પછી શરીર ગંધાય છે.**

આથી પરવરદિગારે શરીર અને રૂહ બંનેની શક્તિ અને કુવ્વત (કૌશલ્ય) માટે અલગ અલગ બજારો બનાવ્યાં છે અને મનુષ્યને ઉંમરની પુંજી અદા કરી છે. તે ફરમાવ્યું છે કે, આ જાહેરી બજારમાંથી, જેમાં દરેક પ્રકારના વસ્ત્રો, અનાજ, મેવા મસાલા, સ્વાદિષ્ટ મીઠાઈઓ દરેક પ્રકારના આરામ તથા આસાએસના તેમના સાધનો એક તરીકાથી (પદ્ધતિથી) રાખવામાં આવ્યા છે. તેમાંથી જરૂરત મુજબ ખરીદો, ખાવો-પીવો અને જેટલી હદ સુધી શરીરનો હક છે, એટલી હદ સુધી - તેને ખોરાક પહોંચાડો અને મારી બંદગી અને મારી ઈબાદતમાં લાગ્યા રહો. આ થોડા દિવસના ફાની બજારથી તમારા દિલને લોભાવા દેશો નહીં....!

બીજું, રૂહાની બજાર છે. તેમાં પોતાની રૂહની (જે હંમેશાં બાકી રહેનારી છે) તાકાત તથા કુવ્વત માટે અને તેની તાઝગી તથા પરવાઝ (ઊંચું ઉડ્ડયન) માટે અલ્લાહે આપણને રૂહાની બજારો ઈનાયત ફરમાવ્યા છે. તેને આપણે મસ્જિદો - પ્રાર્થનાલયો કહીએ છીએ. આ રૂહાની બજારમાં દરેક ચીજ મુશ્ક (કેસર) અને અંબરથી મઘમઘતી અને નૂર તથા તજલ્લીથી ભરપૂર સજાવવામાં આવી છે.

હવે ઈન્સાન પોતાની ઉંમર, જે તેની પુંજી છે, તેને લઈને એ જાતે પાકના બરકતવાળા બજારમાં એટલે મસ્જિદમાં હાજર થઈ જાય અને પોતાની હંમેશાં બાકી રહેનારી રૂહની પરવરીશ, તાઝગી, કુવ્વત માટે ખૂબ દિલ ખોલીને રૂહાની સોદા (ચીજો) ખરીદે, દિલ ખોલીને પોતાની રૂહને રૂહાની ખોરાક ખવડાવે અને નૂર ઈમાનનાં છલકાતા જામ પર જામ પીવડાવે, પછી જુઓ કે એ રૂહ કેવાં કેવાં ભયાનક જંગલો, જીવલેણ રસ્તાઓ અને જોખમી ખીણોથી બચાવીને તમને સિદ્દિકો (આલિમ, જ્ઞાની, વિદ્વાનો)ના મુકામ, બુલંદ દરજ્જે (ઉચ્ચ સ્થાને) પહોંચાડી દેશે.

સુબ્હાનલ્લાહ! (સર્વ વખાણ ઈશ્વર માટે) આ રૂહમાં રૂહાની ખોરાક અને રૂહાની દેખરેખને કારણે એવી રૂહાની રોશની અને રૂહાની પરવાઝ આવી જશે, કે સકરાતનો અંધકાર અને કબરનું અંધારું અને પુલસિરાતની સંકડાશ ઝપાટાબંધ નૂર અને તજલ્લીમાં બદલાઈ જશે. દરેક તરફ નૂર જ નૂર ઝગમગી ઊઠશે.

અય પ્યારા મોમીનો! સારી સમજ પેદા કરો અને ઈબરત (જ્ઞાન)ની નિગાહથી જુઓ અને નસીહત (બોધ)ના કાનથી સાંભળો. જે લોકોએ પૂરી ઉંમર માત્ર શરીરની દેખભાળ કરી અને રૂહાની દેખભાળ ના કરી, તેમના તાજા માજા શરીરોને (કબરમાં) કીડાઓ ખાઈ ગયા. એ તમામ દેખભાળ માટીમાં મળી ગઈ. નતીજો (પરિણામ) એ આવ્યો કે ન તો આખેરતના ભયાનક જંગલો, જીવલેણ રસ્તાઓ અને મુશ્કેલ ખીણોથી બચવાનો કોઈ માર્ગ મળ્યો, ના કોઈ પાક મુકામ હાંસલ કરી શકાયો, ન સકરાતનો અંધકાર, કબરનું અંધારું અને પુલસિરાતની સંકડાશથી ચેન મળ્યું, બલકે સેતાન સાથે દોઝખનો અઝાબ જ મળ્યો. જેણે પોતાની રૂહને રૂહાની ખોરાકથી દેખભાળ કરી, તેને દીન અને દુનિયાનું બધું ચેન, શુકુન અને શાંતિ મળી.

શરીરને પાક-સાફ રાખો અને પોતાની હેસિયત મુજબ પાક-સ્વચ્છ કપડાં પહેરો અને કપડાંમાં દરૂદો સલામના મુશ્ક, અંબર અને ગુલાબનાં અત્તરો લગાવો. એ પછી રબ્બે કા'બાના બજારમાં જઈને પોતાની ઉંમરની પુંજીથી ખૂબ દિલ ખોલીને રૂહને તાજી માજી કરવા માટે રૂહાની ને'મતો (કૃપાઓ) અને રૂહાની ખોરાકનો સોદો કરો.

પાક છે તે ઝાતે ઈલાહી, જેણે કાએનાતની તખલીક (પેદા) કરી અને તે જ તેનો પાલનહાર છે.

બોધઃ હિકમત (બુદ્ધિ-ચાતુર્ય)ના થોડાંક બોધવચનો ઈન્શાઅલ્લાહ દિલમાં રોશની પ્રગટાવશે. તો મોમીનના બંને જહાં આબાદ બની રહેશે.

* તૂટેલી કબરોને ધ્યાનથી જો કેવાં કેવાં હસીનોની માટી ખરાબ થઈ ગઈ છે.

* તે દિવસ પર ગમગીન થાઓ જે ગુજરી ગયું અને તેમાં કોઈપણ નેકી (પુણ્ય) ન કર્યું.

* ખરાબ છે તે વ્યક્તિ જે પોતે તો મરી જાય પણ તેનો ગુનાહ જીવતો રહે.

* અપમાનના જીવનથી સન્માનની મોત સારી છે.

* તે લોકો સારા ન હોઈ શકે જેઓ આખેરત (મરી ગયા પછીના જીવન) માટે દુનિયા ત્યજી દે છે, સારા અને બહેતર (શ્રેષ્ઠ) તો તે લોકો છે જેઓ દુનિયા અને આખેરત બંને પ્રાપ્ત કરે છે.

* સચ્ચાઈ અને નેકી પર ચાલનારાઓ જન્નત (સ્વર્ગ)માં છે, જૂઠ અને બદકારી (ગુનાહિતકૃત્ય પર ચાલનારા દોઝખમાં છે.

* જે કોમમાં બેહયાઈ, બેશરમી ફેલાઈ જાય તો અલ્લાહતઆલા તેના પર બલાઓ અને આફતોનો અઝાબ (પ્રકોપ) મોકલતો રહે છે, જેમાં જાલિમ શાસનકર્તાને હુકુમત (સત્તા) આપવા સહિત કુદરતી આફતો દ્વારા તે પોતાની નારાજગી પ્રકટ કરતો હોય છે. આ એક સનાતન સત્ય છે જે કદી મિથ્યા થતું નથી.

* જ્યારથી સૃષ્ટિ અસ્તિત્વમાં આવી ત્યારથી આ પરંપરા ચાલુ છે અને ઈલાહી વાણી મુજબ તો આ કયામતનો સમય ચાલી રહ્યો છે. સેતાન ઈન્સાનનો દિલોદિમાગ પર હાવી થઈ કબ્જો જમાવી દીધો છે.

**સાપ્તાહિક સંદેશ**

કોઈના ઐબ; ખામીઓ અને વાંધાવચકા ન કાઢો અને તમારામાંથી કોઈ એકબીજાની ચૂગલી, ચાડી પણ ન કરો. આ માનસિક બીમારીને દિલોદિમાગમાંથી સદા માટે કાઢી નાખો. સેતાનની વાતમાં ન આવો.

* સેતાનના ભરમાવવાથી બચતા રહો. ■

# મોદીની મણિપુર મુલાકાતમાં નૃત્યના કાર્યક્રમનો વિરોધ થઈ રહ્યો છે

## 'હજી આંસુ સુકાયા નથી, ઘા રુઝાયા નથી ત્યાં અમે નાચીએ...'

ઇમ્ફાલ/ચુરાચંદપુરઃ મણિપુરમાં કુકી-ઝો સમુદાયનું પ્રતિનિધિત્વ કરતા અનેક સંગઠનોએ બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ૧૩ સપ્ટેમ્બરે રાજ્યની સંભવિત મુલાકાતનું સ્વાગત કર્યું હતું. પરંતુ તેમના સ્વાગત સમારોહ અંતર્ગત આયોજિત નૃત્ય કાર્યક્રમોનો વિરોધ કર્યો હતો.

ઇમ્ફાલ હમાર વિસ્થાપિત સમિતિએ દાવો કર્યો હતો કે વડા પ્રધાને સ્વાગત સમારોહમાં હાજરી આપવાને બદલે વંશીય હિંસાથી પ્રભાવિત લોકો સાથે વાતચીત કરવી જોઇએ. ચુરાચંદપુર જિલ્લાના ગંગટે વિદ્યાર્થી સંગઠને કહ્યું કે તે વડા પ્રધાનની સંભવિત મુલાકાતનું સ્વાગત કરશે. પરંતુ અમે આંખોમાં અશ્રુ સાથે નાચી શકીએ નહીં.

ઇમ્ફાલ હમાર વિસ્થાપિત સમિતિએ એક નિવેદનમાં જણાવ્યું કે અમારો શોક હજુ પૂરો થયો નથી, અમારા આંસુ હજુ સૂકાયા નથી, અમારા ઘા હજુ રુઝાયા નથી, અમે ખુશીથી નાચી શકીએ નહીં. તેમાં જણાવાયું છે કે ભવ્ય સ્વાગત સમારોહમાં હાજરી આપવાને બદલે વડા પ્રધાને રાહત શિબિરોમાં રહેતા વિસ્થાપિત લોકો સાથે વાતચીત કરવી જોઇએ.

જો કે ચુરાચંદપુર સ્થિત વિદ્યાર્થી સંગઠને દાવો કર્યો કે વડા પ્રધાનની હાજરી વંશીય હિંસાથી પ્રભાવિત લોકોને તેમના ઘા ભરવામાં અને તેમની ફરિયાદો રજૂ કરવામાં મદદ કરશે. કુકી સમુદાયની ટોચની સંસ્થા, કુકી ઇંપી મણિપુરે ભારપૂર્વક જણાવ્યું કે રાજ્યમાં વડા પ્રધાનનું સ્વાગત થવું જોઇએ, પરંતુ આ મુલાકાતથી કુકી-ઝો લોકોની સામૂહિક આકાંક્ષાઓને ન્યાય અને માન્યતા પણ મળવી જોઇએ.

સંગઠને દાવો કર્યો કે રાજકીય સમાધાનની માંગ સ્પષ્ટ અને દ્રઢ છે અને કામચલાઉ રાહત ઉપાય કાયમી ઉકેલ લાવી શકતા નથી. વડા પ્રધાનની આ સંભવિત મુલાકાતને મેઇતેઇ-પ્રભુત્વ ધરાવતા ઇમ્ફાલ ખીણના લોકોના એક વર્ગ માટે તેમની મુશ્કેલીઓ વ્યક્ત કરવાની તક તરીકે જોવામાં આવી રહી છે. ■

# કૅનેડાએ ૮૦ ટકા ભારતીય વિદ્યાર્થીઓના વિઝા નકારી કાઢ્યા

નવી દિલ્હીઃ વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓ માટે કૅનેડા છેલ્લા ઘણા વર્ષોથી પસંદગીનું સ્થળ રહ્યું છે. એક અંદાજ મુજબ વર્ષ ૨૦૨૪ માં કેનેડામાં લગભગ ૪,૨૭,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતાં. પરંતુ હવે કૅનેડાએ તેની વિઝા પોલિસી કડક બનાવવામાં આવી રહી છે. એક અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૫ માં અત્યાર સુધી કેનેડાએ ૮૦ ટકા ભારતીય વિદ્યાર્થીઓની વિઝા અરજી નકારી કાઢી છે.

કૅનેડિયન સરકારના સત્તાવાર આંકડા મુજબ વર્ષ ૨૦૨૪ માં ફક્ત ૧.૮૮ લાખ ભારતીય વિદ્યાર્થીઓએ કેનેડામાં પ્રવેશ મેળવ્યો હતો, આ આંકડો બે વર્ષ પહેલાં નોંધાયેલા પ્રવેશ કરતાં અડધો છે.

કેનેડા સરકાર સરકાર ૨૦૨૫માં ૪,૩૭,૦૦૦ સ્ટડી પરમિટ જ આપવાની છે, જે ગયા વર્ષ કરતાં લગભગ ૧૦ ટકા ઓછી છે. જેમાંથી ૭૩,૦૦૦ પોસ્ટગ્રેજ્યુએટ માટે, ૨,૪૩,૦૦૦ અંડરગ્રેજ્યુએટ અને આશરે ૧,૨૦,૦૦૦ રિન્યુઅલ અને સ્કૂલના વિદ્યાર્થીઓ માટે હશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### હવે ફ્રાન્સમાં ભડકો

ઇરાદાથી દૂર હોવા છતાં, ઉનાળા દરમિયાન ઓનલાઈન શરૂ થયેલા વિરોધ આંદોલનને વ્યાપક વિક્ષેપ પાડ્યો હતો, જેમાં ૮૦,૦૦૦ પોલીસ કર્મચારીની અસાધારણ તહેનાતીનો વિરોધ કરવામાં આવ્યો હતો, જેમણે બેરિકેડ તોડી નાખ્યા હતા અને ઝડપથી ધરપકડ કરી હતી.

ગૃહ પ્રધાન બ્રુનો રિટેલ્યુએ જણાવ્યું હતું કે પશ્ચિમી શહેર રેન્સમાં એક બસને આગ લગાવવામાં આવી હતી. દક્ષિણ-પશ્ચિમમાં, ઇલેક્ટ્રિકલ કેબલ્સને થયેલા આગના નુકસાનથી એક લાઇન પર ટ્રેન સેવાઓ બંધ થઈ ગઈ હતી અને બીજી લાઇન પર ટ્રાફિક ખોરવાઈ ગયો હતો, એમ સરકારી પરિવહન અધિકારીઓએ જણાવ્યું હતું.

અત્યાર સુધીના વિરોધ પ્રદર્શનો અગાઉના અશાંતિના હુમલાઓ કરતાં ઓછા તીવ્ર જણાયા હતા, જેણે પ્રમુખ તરીકેના તેમના પ્રથમ અને ચાલુ બીજા કાર્યકાળમાં મેક્રોનને અનેક રીતે હચમચાવી નાખ્યા હતા. તેમ છતાં, બુધવારે પેરિસ અને અન્યત્ર દેખાવો અને રમખાણ પોલીસ સાથે છૂટાછવાયા અથડામણોએ કટોકટીની લાગણીમાં વધારો કર્યો જે સોમવારે ફ્રાન્સની નવીનતમ સરકારના પતન પછી ફરી એકવાર ઘેરાઈ ગઈ છે, જ્યારે વડા પ્રધાન ફ્રાન્કોઇસ બાયરોએ સંસદીય વિશ્વાસ મત ગુમાવ્યો હતો.

સવારના ધસારાના સમયે વિરોધીઓના જૂથોએ વારંવાર પૅરિસના બેલ્ટવેને અવરોધવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસ અને ટીયર ગેસ દ્વારા તેમને વિખેરવામાં આવ્યા હતા. રાજધાનીમાં અન્યત્ર, વિરોધીઓએ કચરાપેટીઓના ઢગલા કર્યા હતા અને પોલીસ અધિકારીઓ પર વસ્તુઓ ફેંકી હતી. પેરિસ પોલીસે સવાર સુધીમાં ૧૫૯ ધરપકડની જાણ કરી હતી. નેપાળ બાદ હવે ફ્રાન્સમાં પણ સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન શરૂ થયા છે. ફ્રાન્સના લોકો પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોનની નીતિઓ વિરુદ્ધ 'બ્લોક એવરીથિંગ'ના નારા સાથે રસ્તા પર ઊતરી આવ્યા છે. ■

### નેપાળની કમાન કોને?

જવાબ નહોતો આપ્યો. બાલેન શાહે અમારી હાકલનો કોઈ જવાબ ન આપતાં અન્ય વૈકલ્પિક નામોની ચર્ચા કરવામાં આવી હતી અને સૌથી વધુ સમર્થન સુશીલા કાર્કીને મળ્યું હતું.

જેન ઝી ભાવિ નેતાની પસંદગી માટે ડિસ્કોર્ડ ઍપ મારફતે મતદાન કરાવી રહ્યા છે. મતદાન માટે હજુ ૨૩ કલાક બાકી છે અને અત્યાર સુધીમાં સુશીલા કાર્કીને સૌથી વધુ મત મળ્યા છે. સુશીલા કાર્કી નેપાળનાં પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ છે.

વિરોધપ્રદર્શનના નામે સંભવિત હિંસાને અંકુશમાં લેવા નેપાળના સૈન્યએ બુધવારે કરફ્યૂ બાદ રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધનો આદેશ આપ્યો હતો.

દેશભરમાં ભાંગફોડ અને આગજનીની ઘટનાઓને પગલે નેપાળના સૈન્યએ મંગળવારે રાતથી જ રાષ્ટ્રવ્યાપી સુરક્ષાની જવાબદારી હાથમાં લઈ લીધી હતી.

પ્રદર્શનકર્તાઓએ સંસદભવન, રાષ્ટ્રપતિના કાર્યાલય, વડા પ્રધાનના નિવાસસ્થાન, સરકારી ઈમારતો, સુપ્રીમ કોર્ટ, રાજકીય પક્ષોના કાર્યાલય અને વરિષ્ઠ નેતાઓના ઘરને આગ ચાંપ્યાના એક દિવસ બાદ નેપાળમાં સઘન સુરક્ષાવ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી.

લોકોને ઘરમાં જ રહેવાનો આદેશ આપવામાં આવ્યા બાદ રસ્તાઓ ખાલીખમ નજરે પડ્યા હતા.

(એજન્સી)■

### ટ્રમ્પે ફરી

પ્રતિક્રિયા આપતા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વાતચીત માટે તૈયાર હોવાનું કહ્યું છે.

મંગળવારે ટ્રમ્પે તેમની માલિકીના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશ્યલ પર પોસ્ટ કરીને લખ્યું, મને એ જાહેર કરતા ખુશી થઇ રહી છે કે ભારત અને યુએસ વચ્ચે વેપાર અવરોધો દૂર કરવા માટે વાટાઘાટો ચાલી રહી છે. હું આગામી અઠવાડિયે મારા ખૂબ જ સારા મિત્ર, વડા પ્રધાન મોદી સાથે વાત કરીશ. મને વિશ્વાસ છે કે આ વાટાઘાટો આપણા બંને મહાન દેશો માટે સારા પરિણામો સાથે પૂર્ણ થશે!

ટ્રમ્પની પોસ્ટ અંગે વડાપ્રધાન મોદીએ એક્સ પર લખ્યું, ભારત અને અમેરિકા મિત્રો અને ભાગીદાર છે. મને વિશ્વાસ છે કે આપણી વચ્ચે વેપાર વાટાઘાટો ભારત-અમેરિકા ભાગીદારીની અપાર સંભાવનાઓને ખોલશે. આપની ટીમો આ ચર્ચાઓને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા માટે કામ કરી રહી છે. હું પણ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરવા માટે આતુર છું. અમે બંને દેશોના લોકો માટે ઉજ્જવળ અને સમૃદ્ધ ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરીશું. ■

### ભારત પર લાદો

છે, એવો અહેવાલ એક અખબારે બુધવારે આપ્યો હતો. ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત-અમેરિકા સંબંધો વિશે સકારાત્મક દૃષ્ટિકોણની આપ-લે કરી અને વેપાર કરાર સીલ કરવા માટે ચાલી રહેલા પ્રયાસોનો ઉલ્લેખ કર્યા પછી તરત જ આ અહેવાલ આવ્યો હતો.

મોસ્કો માટે યુદ્ધના આર્થિક ખર્ચને વધારવાના માર્ગો પર ચર્ચા કરવા માટે વોશિંગ્ટનમાં એકઠા થયેલા વરિષ્ઠ અમેરિકા અને ઇયુ અધિકારીઓ વચ્ચે મંગળવારે યોજાયેલી બેઠકમાં ટ્રમ્પે આ અસાધારણ માગ કરી હતી, એમ અહેવાલમાં નામ ન આપનારા અધિકારીઓને ટાંકીને જણાવાયું છે. ■

# નેપાળમાં અનેક ગુજરાતીઓ ફસાયાઃ હેલ્પલાઈન નંબર જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેપાળમાં ભારેલાઅગ્નિ જેવી સ્થિતિ છે, રાજધાની કાઠમંડુ સહિતના શહેરમાં જેન ઝી વિરોધ પ્રદર્શનોના કારણે દેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે. જો કે નેપાળની રાજકીય અરાજકતાં અને હિંસક સ્થિતિ વચ્ચે નેપાળના પ્રવાસે ગયેલા ગુજરાતીઓ ફસાઈ ગયા છે, મળતી વિગતો મુજબ ભાવનગરના ૪૩ અને અમદાવાદના નવ સહિત ગુજરાતના લગભગ ૩૦૦થી વધુ લોકો ફસાયા છે. આ તમામ ગુજરાતીઓને હોટલ, વૃદ્ધાશ્રમ સહિતની જગ્યાઓ પર સિક્યોરિટી સાથે સુરક્ષિત રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ભાવનગરના નારી ગામના ૪૩ શ્રદ્ધાળુ ૨૯ ઓગસ્ટના રોજ નેપાળ પ્રવાસ માટે રવાના થયા હતાં. નેપાળમાં ફાટી નીકળેલી હિંસાને કારણે તમામ લોકોનું બહાર નીકળવું પણ મુશ્કેલ બનતાં તેઓ પોખરાની એક હોટલમાં પુરાયા છે.

નેપાળથી તેમણે એક વીડિયો બનાવી સરકાર પાસે મદદ માગી હતી. સ્થાનિક કોર્પોરેટર ઉપેન્દ્રસિંહને આ માહિતી મળતાં તેમણે તમામ ફસાયેલા લોકોના સમાચાર મેળવી તાત્કાલિક ધારાસભ્ય જિતુ વાઘાણીને આ અંગે જાણ કરી હતી. જિતુ વાઘાણીએ ફસાયેલા લોકો સાથે ફોન પર વાત કરી અને સૌને સુરક્ષિત સ્થળે રહેવાની સૂચના આપી છે. અમદાવાદ જિલ્લાના કોઇપણ નાગરિકો હાલ નેપાળના પ્રવાસે હોય તો તે અંગેની જાણ તેમના સ્વજનો દ્વારા તુરંત હેલ્પલાઈન નંબર પર કરવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે. આ ઉપરાંત નેપાળના કાઠમંડુ ખાતે ફસાયેલા ભારતીય પ્રવાસી નાગરિકો સંપર્કમાં હોય તો તેઓને કાઠમંડુસ્થિત ભારતીય એમ્બેસીના હેલ્પલાઇન નંબર પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું હતું. દરમિયાન ભારત સરકાર અને ગુજરાત સરકાર પણ આ પ્રવાસીઓના સતત સંપર્કમાં છે. આ ઘટના અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક કેન્દ્ર સરકાર સાથે સંપર્ક સાધ્યો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ફસાયેલા ગુજરાતી મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. ગુજરાતના પ્રવાસીઓને સુરક્ષિત પરત લાવવા માટે વહીવટી તંત્ર દેશના વિદેશ મંત્રાલય સાથે સતત સંપર્કમાં હોવાનું જાણવા મળ્યું હતું.

# કૅગના રિપોર્ટમાં આવક અને ખર્ચમાં વિસંગતતાનો ખુલાસો, રાજ્ય સરકારે ૨૦૨૩-૨૪માં ₹ ૨૭૧૭૬ કરોડ વ્યાજ ચૂકવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના બુધવારે છેલ્લા દિવસે ગૃહમાં ૨૦૨૩-૨૪ના વર્ષનો કંટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)નો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં રાજ્યના આવક-ખર્ચ, રાજકોષીય ખાધ, અને અન્ય નાણાકીય માપદંડોની વિગતવાર માહિતી આપવામાં આવી છે. કેગ દ્વારા આવક અને ખર્ચમાં વિસંગતતા પર કેગ દ્વારા ટિપ્પણી કરવામાં આવી છે. રિપોર્ટમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યની રાજકોષીય ખાધ ₹૨૩,૪૯૩ કરોડ નોંધાઈ છે, જે અગાઉના વર્ષ ૨૦૨૨-૨૩ની ₹૧૬,૮૪૬ કરોડની ખાધ કરતાં નોંધપાત્ર રીતે વધુ છે. આ આંકડા દર્શાવે છે કે રાજ્યની આવક કરતાં ખર્ચમાં વધારો થયો છે.

આ રિપોર્ટમાં રાજ્યની આવક, બિન કર આવક અને કરવેરાની આવકમાં વિસંગતતા હોવાનો ઉલ્લેખ કરાયો છે. રાજ્યના હિસ્સાની તબદીલી તથા ખર્ચમાં પણ વિસંગતતા હોવાનું બહાર આવ્યું છે. રાજ્યમાં ૨૦૧૯-૨૦માં મહેસૂલી પુરાંત ૧૯૪૫ કરોડ હતી જે ૨૦૨૩-૨૪માં ૩૩૪૭૭ કરોડ થઈ હતી. આવક અને ખર્ચનો તફાવત મહેસૂલી પુરાંતમાં પરિણમ્યો છે.

કેગના રિપોર્ટ મુજબ, વ્યાજની ચુકવણી, કર્મચારીઓના વેતન અને પેન્શન પરનો ખર્ચ વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૯૬,૫૮૨ કરોડ થયો છે, જે ૨૦૨૨-૨૩ના ₹૭૯,૭૮૪ કરોડ કરતાં વધુ છે. આ ખર્ચ છેલ્લાં પાંચ વર્ષ (૨૦૧૯-૨૦૨૪) દરમિયાન રાજ્યના કુલ મહેસૂલી ખર્ચના ૪૪ ટકા થી ૫૧ ટકા જેટલો રહ્યો છે, જે રાજ્યના નાણાકીય સંસાધનો પરના દબાણને દર્શાવે છે.

કેગ રિપોર્ટમાં આવક અને ખર્ચના હિસાબમાં કેટલીક ગંભીર વિસંગતતાઓ પર ટિપ્પણી કરવામાં આવી છે. રાજ્ય સરકારે ₹૩૨૨ કરોડના ૨૯ ચલણોની તપાસ કરતાં જાણવા મળ્યું છે કે ખર્ચ ઘટાડવાને બદલે અયોગ્ય રીતે હિસાબમાં દર્શાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વણવપરાયેલી રકમને આવક તરીકે દર્શાવવામાં આવી હતી, જે હિસાબનાં ધોરણોની વિરુદ્ધ છે.

રિપોર્ટમાં એકલ નોડલ એજન્સીઓના ખાતામાં ૭,૭૪૩ કરોડની રકમ વણવપરાયેલી રહી હોવાનું બહાર આવ્યું છે. આ રકમ કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રોજેક્ટ્સ માટે ફાળવવામાં આવી હતી. આ ઉપરાંત, કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી રકમના ઉપયોગ માટે જરૂરી ૪,૭૪૫ કરોડના ઉપયોગ પ્રમાણપત્રો (યુટીલાઈઝેન સર્ટિફિકેટ) રાજ્ય સરકાર રજૂ કરી શકી નથી, જે ભંડોળના પારદર્શક ઉપયોગ પર પ્રશ્ન ઊભો કરે છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં વેતન અને પેન્શન માટે ૯૬૫૮૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.નોડલ એજન્સીમાં ૭૭૪૩ કરોડ રૂપિયા વણવપરાયેલા પડ્યા છે. બીજી બાજુ કેન્દ્રની રકમ પર રાજ્ય સરકાર પ્રમાણપત્ર જાહેર કરી શકી નથી. કેગના રિપોર્ટમાં ૨૪ વિભાગોને અપાયેલા નાણાં પર ટિપ્પણી કરવામાં આવી છે. કેગના અહેવાલ પ્રમાણે રાજ્યમાં વણવપરાયેલી રકમને આવક તરીકે દર્શાવવામાં આવી છે. ખર્ચમાં ઘટાડાને બદલે અયોગ્ય રીતે હિસાબમાં દર્શાવાયા છે. વર્ષ ૨૦૨૩-૨૪માં મૂડીની આવકમાં ૧૦૮૧૯ કરોડનો ઘટાડો થયો છે.

## ટ્રાફિક દંડની ₹ ૧૪૮.૮૦ કરોડની રકમ ગુમઃ કૅગના રિપોર્ટમાં ઘટસ્ફોટ

અમદાવાદઃ ગુજરાત સરકારે ટ્રાફિક નિયમોના ભંગ બદલ વસૂલેલા દંડની સંપૂર્ણ રકમ એટલે કે ૧૦૦ ટકા 'ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ ફંડ'માં જમા કરાવવાની જોગવાઈ હોવા છતાં માત્ર ૮૭ ટકા રકમ જ ટ્રાન્સફર કરવામાં આવી છે. આ ચોંકાવનારો ખુલાસો કેગના ઑડિટ રિપોર્ટમાં થયો છે. આ રિપોર્ટ મુજબ, કુલ રૂ. ૧૪૮.૮૦ કરોડની રકમ ટ્રાન્સફર થઈ નથી. કેગના વાર્ષિક નાણાકીય ઑડિટ રિપોર્ટમાં ૨૦૧૨-૧૩ થી ૨૦૨૩-૨૪ સુધીના સમયગાળાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન ગુજરાત સરકારે ટ્રાફિક દંડ તરીકે કુલ રૂ. ૧,૧૨૩.૨૯ કરોડ વસૂલ્યા હતા, પરંતુ તેમાંથી માત્ર રૂ. ૯૭૪.૪૯ કરોડ જ 'ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિ' (જીએસએમએસએન)ના ફંડમાં ટ્રાન્સફર થયા. આ આંકડા દર્શાવે છે કે ૧૩ ટકા જેટલી રકમ એટલે કે રૂ.૧૪૮.૮૦ કરોડ અન્યત્ર જતી રહી છે. નિયમ મુજબ, ટ્રાફિક દંડમાંથી મળતી આવક રાજ્યનિધિમાં જમા થવી ફરજિયાત છે. આ આવકનો ઉપયોગ માર્ગ સુરક્ષા સંબંધિત પ્રવૃત્તિઓ માટે થાય છે. આ હેતુસર, ડીજી અને આઈજીપી, ગાંધીનગરના નામે એક ખાનગી લેજર ખાતું (પીએલએ) ખોલવામાં આવ્યું છે, જેમાં ૨૦૦૬થી સરકારે ૧૦૦ ટકા દંડની રકમ જમા કરાવવાની જોગવાઈ કરી હતી.

રિપોર્ટમાં આપેલા વર્ષવાર આંકડાઓ પર એક નજર કરીએ તો ૨૦૧૨-૧૩ઃ કુલ રૂ ૩૮.૨૨ કરોડ વસૂલાયા હતા, જેમાંથી માત્ર રૂ. ૨૨.૯૯ કરોડ (૬૦.૧૮ ટકા) ટ્રાન્સફર થયા હતા. ૨૦૧૫-૧૬ઃ કુલ રૂ. ૭૮.૬૫ કરોડ વસૂલાયા હતા, જેમાંથી માત્ર રૂ. ૫૯.૭૬ કરોડ (૭૬.૦૧ ટકા) ટ્રાન્સફર થયા હતા.

# ૧૫મી ગુજરાત વિધાનસભાના ૭મા સત્રમાં ૧૫ કલાક ૫૬ મિનિટ કામકાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાનું સાતમું સત્ર તા. ૮/૯/૨૦૨૫ થી તા.૧૦/૯/૨૫ સુધીના પંદરમી દરમિયાન સભાગૃહની કુલ-૦૩ બેઠકો મળી હતી. આ સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ- ૧૫ કલાક ૫૬ મિનિટ કામ કર્યુ હતું. સત્ર દરમિયાન કુલ-૫૩ ધારાસભ્યોએ ચર્ચામાં ભાગ લીધો હતો. સત્ર દરમિયાન કુલ-૦૭ સ્વર્ગસ્થ મહાનુભાવોના અવસાન અંગે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખો કરવામાં આવ્યા અને સ્વ. પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીના માનમાં સભાગૃહ મુલતવી રાખવામાં આવ્યું હતું.

સત્ર દરમિયાન સભાગૃહમાં મૌખિક જવાબો માટેના કુલ-૧૨૨૫ તારાંકિત પ્રશ્નોના જવાબો ગૃહમાં રજૂ થયા તે પૈકી કુલ-૨૯ પ્રશ્નો પર ગૃહમાં મૌખિક ચર્ચા કરવામાં આવી હતી. સત્ર દરમિયાન કુલ-૧૪૯ અતારાંકિત પ્રશ્નો મળેલા અને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) હેઠળ ૬૩ અતારાંકિત પ્રશ્નોની યાદી મેજ ઉપર મૂકવામાં આવી હતી. સત્ર દરમિયાન કુલ ૦૫ સરકારી વિધેયકો ગૃહે પસાર કર્યા હતા.

તા.૯/૯/૨૫ના રોજ સભાગૃહમાં માનનીય મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ઓપરેશન સિંદૂરની સફળતા માટે વડા પ્રધાનશ્રીને અભિનંદન પાઠવવા અંગેના સરકારી પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો તથા માનનીય નાણા પ્રધાન કનુભાઈ દેસાઇ દ્વારા જી.એસ.ટી.ના દરોના પ્રજાલક્ષી રીફોર્મ્સ માટે વડા પ્રધાનને અભિનંદન પાઠવવા અંગેના સરકારી પ્રસ્તાવને પણ વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો હતો. સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૧૦/૯/૨૫ના રોજ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ અંતર્ગત વોકલ ફોર લોકલ અંગેના છેલ્લા દિવસના પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સત્ર દરમિયાન કુલ-૦૧ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ પ્રધાન દ્વારા સભાગૃહમાં નિવેદન કરવામાં આવ્યુ. સત્ર દરમિયાન કુલ-૦૭ સમિતિની બેઠકો મળી અને જુદી જુદી સમિતિઓના કુલ-૦૯ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા હતો. બંધારણ તથા પ્રવર્તમાન કાયદાની જોગવાઇઓ અન્વયે બોર્ડ/કોર્પોરેશનોના કુલ-૨૩ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા. વર્તમાન સત્ર દરમિયાન છઠ્ઠા સત્ર દરમ્યાન વિધાનસભાએ પસાર કરેલા જેને રાજ્યપાલની અનુમતિ મળી હતી તેવા ૦૬ વિધેયકો વિધાનસભાના મેજ પર મૂકવામાં આવ્યા હતા. ઉપરાંત ૦૬ અધિસૂચના અને ૦૨ વટહુકમ અને ૦૧ બાંહેધરીપત્રક તેમ જ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબના સન ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના મહાનગરપાલિકાઓના ઑડિટ અહેવાલો તા.૯/૯/૨૫ના રોજ તેમ જ સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટેના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલ, મકાન અને અન્ય બાંધકામ ક્ષેત્રના કામદારોના કલ્યાણ અંગેનો માર્ચ ૨૦૨૨ના પૂરા થતા વર્ષ માટેનો અહેવાલ અને ગુજરાતમાં જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ સહિત પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના અમલીકરણના કામગીરી ઑડિટ પરનો અહેવાલ તા.૧૦/૦૯/૨૦૨૫ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા. સત્ર દરમિયાન રાજ્યમાંથી ૪૦૧૬ જેટલા પ્રેક્ષકોએ ગૃહની કાર્યવાહી નિહાળી હતી.

# ધારાસભ્ય હાર્દિક પટેલ વિરુદ્ધ ધરપકડ વૉરન્ટઃ મુદતમાં વારંવાર હાજર ન રહેતા અમદાવાદ ગ્રામ્ય કોર્ટની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટીદાર આંદોલનના પ્રણેતા અને ભાજપના વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલની મુશ્કેલી ફરી વધી છે. વર્ષ ૨૦૧૮ના નિકોલના આંદોલન સમયના એક કેસમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટ દ્વારા ધરપકડ વોરન્ટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. મુદ્દત દરમિયાન વારંવાર ગેરહાજર રહેવા બદલ કોર્ટ દ્વારા આ વોરન્ટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન હાર્દિક પટેલ સવાલો પૂછી રહ્યા હતા એ વખતે આ સમાચાર આવ્યા હતા.

પાટીદારો માટે અનામતની માગ સાથે પાસ દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું. ૨૦૧૮માં અનામત આંદોલન દરમિયાન નિકોલ પોલીસ સ્ટેશનમાં વર્તમાન ધારાસભ્ય હાર્દિક પટેલ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. જે અંગેનો કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં દાખલ થયો હતો. આ કેસની કોર્ટમાં મુદ્દતો દરમિયાન હાર્દિક પટેલ વારંવાર હાજર રહેતા ન હતા. કેસ ચાર્જફ્રેમ સ્ટેજ પર હોય અને આરોપી હાજર ન રહેવાથી કોર્ટ દ્વારા વિરમગામના ધારાસભ્ય અને પાટીદાર નેતા હાર્દિક પટેલ વિરુદ્ધ ધરપકડ વોરન્ટ જારી કર્યું હતું.

પાટીદાર અનામત આંદોલન સમયે હાર્દિક પટેલ સહિતના નેતાઓએ નિકોલના મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતે પાટીદારોને અનામત અને ખેડૂતોના દેવા માફીની માગ સાથે વગર પરવાનગીએ પ્રતીક ઉપવાસનું આયોજન કર્યું હતું. ફરિયાદ મુજબ, આ દરમિયાન રેલીને અટકાવવામાં આવતા આરોપીઓએ પોલીસને અપશબ્દો કહીને ઝપાઝપી કરી અને શહેર પોલીસ કમિશ્નરના જાહેરનામાનો ભંગ કર્યો હતો.

# રાજ્યમાં એક વર્ષમાં ૧૬૬ સિંહનાં મોત થયાની સરકારની વિધાનસભામાં કબૂલાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના ત્રીજા અને અંતિમ દિવસે સિંહના મોતનો પ્રશ્ન ગુંજ્યો હતો. વિધાનસભામાં કૉંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડા, વિમલ ચુડાસમા તેમજ આપના ધારાસભ્ય ઉમેશ મકવાણા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે છેલ્લાં એક વર્ષમાં કુલ ૧૬૬ સિંહોના મૃત્યુ થયા હતા. સરકારે ખુદ સ્વીકાર્યું હતું કે ઑગસ્ટ ૨૦૨૩થી જુલાઇ ૨૦૨૪ સુધીમાં ૧૪૧ મૃત્યુ થયા હતા, જ્યારે ઑગસ્ટ ૨૦૨૪થી જુલાઇ ૨૦૨૫ સુધીમાં આ મોતનો આંકડો ૧૬૬ સુધી પહોંચી ગયો હતો, ગયા વર્ષની સરખામણીએ ૨૫ સિંહના મૃત્યુ વધારે છે.

છેલ્લાં એક વર્ષમાં ૮૧ સિંહના મૃત્યુ બીમારીને કારણે થયા હતા. આંતરિક લડાઈને કારણે ૩૬ સિંહોના મોત, વૃદ્ધાવસ્થા-કુદરતી રીતે ૨૭ સિંહના મૃત્યુ, માર્ગ અકસ્માતને કારણે ૧ સિંહનું મૃત્યુ, ઇલેક્ટ્રિક શોકને કારણે ૨ સિંહોના મૃત્યુ, અકસ્માતે કૂવામાં પડી જવાથી ૧૩ સિંહના મૃત્યુ જ્યારે અકસ્માતે પાણીમાં ડૂબી જવાથી ૬ સિંહના મૃત્યુ થયા હતા. આમ એક વર્ષમાં ૧૬૬ સિંહના મૃત્યુ થયા હતા, જેમાંથી ૨૨ સિંહના અકસ્માતે મૃત્યુ થયા હતા.

આ ઉપરાંત સરકારે જણાવ્યું હતું કે જુલાઇ ૨૦૨૫ સુધીમાં અમરેલી જિલ્લામાં છેલ્લાં ૬ મહિનામાં ૧૪ સિંહબાળ અને ૧૭ સિંહોના મૃત્યુ થયા હોવાનું સામે આવ્યું હતું. જેમાં મલ્ટિપલ ઓર્ગન ફેકીયરને કારણે ૫ સિંહબાળ અને ૬ સિંહના મૃત્યુ થયા હતા. ન્યુમોનિયા એનીમિયા, એનોકસિયાના કારણે ૫ સિંહબાળના મૃત્યુ તેમજ ન્યુમોનિયા એનીમિયા, એનોકસિયા અને સેપ્ટેસિમિયાનાં કારણે ૪ સિંહોના મૃત્યુ થયા છે. શ્વસન, યકૃત અને મૂત્રપિંડની નિષ્ફળતાના કારણે બે સિંહબાળ અને ચાર સિંહના મૃત્યુ થયા હતા. કરોડરજ્જુમાં ઇજા પહોંચતા આઘાતથી તેમજ એનાપ્લાસમોસિસના કારણે ૧-૧ સિંહબાળનુ મૃત્યુ થયુ હોવાનુ સામે આવ્યું હતું.

સરકારે જણાવ્યું હતું કે સિંહોના કુદરતી મૃત્યુના કિસ્સામાં તકેદારીના ભાગરૂપે સરકાર દ્વારા ભરવામાં આવેલા પગલાં બાબતે છેલ્લાં બે વર્ષમાં કુલ રૂ. ૩૭૩૫.૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

ઑગસ્ટ ૨૦૨૩થી જુલાઇ ૨૦૨૪ સુધીમાં સરકારે રૂ. ૨૦૩૫.૨૯ અને ઑગસ્ટ ૨૦૨૪થી જુલાઇ ૨૦૨૫ સુધીમાં રૂ. ૧૭૦૦.૩૧નો ખર્ચ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

થોડા મહિના પહેલા વન વિભાગ દ્વારા એશિયાઈ સિંહના ૧૬માં વસ્તી અંદાજ-૨૦૨૫ના આંકડા આજે જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં સિંહોની સંખ્યા ૮૯૧ નોંધાઈ હતી.

# સુરતમાં ગણેશોત્સવ દરમિયાન પોલીસ અને અલ્પેશ કથિરિયા વચ્ચે થયેલી ઝપાઝપીનો વીડિયો વાયરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના 'સુદામા કા રાજા' ગણેશ પંડાલમાં થોડા દિવસો પહેલા પાટીદાર નેતા અલ્પેશ કથિરિયા અને પોલીસ વચ્ચે બોલચાલી અને ઘર્ષણ થયું હતું. પંડાલમાં કાર્યકર્તાઓ વચ્ચે બબાલ અને બોલાચાલી થતા પોલીસે સામાન્ય લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. આ અંગેના વીડિયો વાયરલ થયો હતો, જેમાં અલ્પેશ કથિરિયાના સમર્થકોને પોલીસે ધક્કો મારીને બહાર કાઢ્યા હતા.

મળતી માહિતી મુજબ, આ ઘટના ગણેશ મહોત્સવ દરમિયાન બની હતી. કોઈક કારણોસર બંને જૂથો વચ્ચે બોલાચાલી શરૂ થઈ, જેણે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. પરિસ્થિતિ વણસતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. વાયરલ થયેલા વીડિયોમાં પોલીસ અધિકારીઓ યુવાનોને નિયંત્રિત કરવા માટે લાઠીચાર્જ કરતા જોવા મળ્યા હતા. વીડિયોમાં પાસ નેતા અલ્પેશ કથિરિયા અને તેમની સાથેના કેટલાક યુવકો પર પણ લાઠીચાર્જ થયો હોવાનું સામે આવ્યું હતું.

આ બબાલ બાદ શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તાત્કાલિક હસ્તક્ષેપ કર્યો હતો અને બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવ્યું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને ત્યાર બાદ સમાધાન થતાં મામલો થાળે પડ્યો હતો. વાયરલ વીડિયો મુદ્દે અલ્પેશ કથીરિયાએ મૌન સેવ્યું હતું. તેણે માત્ર એટલું જણાવ્યું હતું કે અમારે સમાધાન થઈ ગયું છે, હું આ મુદ્દે કોઈ પ્રતિક્રિયા નહીં આપું.

અલ્પેશ કથિરિયા અને તેના સમર્થકો લાઠી ખાઈને પણ ચૂપ કેમ છે તેવી ચર્ચાએ વરાછામાં જોર પકડ્યું હતું. બનાવ અંગે પોલીસે જણાવ્યું કે, સામાન્ય બળ પ્રયોગ કરીને આંતરિક ઘર્ષણની સ્થિતિ ટાળવામાં આવી હતી. પોલીસે આ અંગેની ફરિયાદ લેવાની તજવીજ પણ કરી હતી, પરંતુ તેમનું આંતરિક સમાધાન થઈ ગયું હતું.

# ગુજરાતમાં મેઘરાજાએ વિરામ લીધો, ઉઘાડ નીકળતાં ધરતીપુત્રો ખુશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધોધમાર વરસાદ પડ્યા બાદ બે દિવસથી મેઘરાજાએ વિરામ લીધો છે. આગામી ત્રણ થી ચાર દિવસ સુધી આ પ્રકારનું વાતાવરણ રાજ્યમાં જોવા મળી શકે છે. જોકે ૧૪ સપ્ટેમ્બરથી રાજ્યમાં ફરી વરસાદનો રાઉન્ડ શરૂ થઈ શકે છે. હાલ ઉઘાડ નીકળતાં ખેડૂતો ખુશ થઈ ગયા છે અને નિંદામણ સહિત દવા છંટકાવનું કામ આરંભી દીધું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર મુજબ, રાજ્યમાં સિઝનનો સરેરાશ ૧૦૭.૭૫ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમાં ૧૩૫.૬૦ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧૮.૭૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૦.૭૦ ટકા, પૂર્વ મધ્યમાં ૧૧૦.૧૦ ટકા અને સૌરાષ્ટ્રમાં ૯૩.૩૬ ટકા વરસાદ વરસ્યો છે. નર્મદા ડેમમાં ૯૦.૫૭ ટકા જળસંગ્રહ છે, જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયમાં ૮૮.૧૧ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૧૩૮ ડેમ હાઇ એલર્ટ, ૧૯ ડેમ એલર્ટ અને ૧૩ ડેમ વૉર્નિંગ પર છે. આ ઉપરાંત ૧૦૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૫ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૧૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૧૦ ડેમ ૨૫ થી ૫૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૧૦ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં કુલ ૨૧૩ રોડ રસ્તા બંધ છે. જેમાં પંચાયત હસ્તકના ૧૭૭ રોડ, ૧૪ સ્ટેટ હાઈવે, ૧૯ અન્ય માર્ગ તથા ૩ નેશનલ હાઇવે સામેલ છે. પાલનપુરના ૧૭, કચ્છના ૪, અમદાવાદ અને મહેસાણાના ૧-૧ મળી જીએસઆરટીસીના કુલ ૨૩ રૂટ બંધ છે.

# વડોદરામાં મગરે કરેલા હુમલામાં આઠ જણનાં મોત બદલ ૬૫ લાખનું વળતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરની વિશ્વામિત્રી ઉપરાંત ઓરસંગ અને ઢાઢર નદીમાં મોટી સંખ્યામાં મગરો રહે છે. આ નદીઓમાં પાણી છોડવામાં આવતા મગરો શહેરના રોડ રસ્તા પર આંટાફેરા મારતા પણ જોવા મળે છે. તાજેતરમાં ગણેશ વિસર્જન માટે બનાવવામાં આવેલા કૃત્રિમ કુંડમાંથી પણ મગર પકડાયો હતો. મગરના હુમલાના બનાવ બાબતે તપાસ કરતાં એક વર્ષમાં મગરના હુમલામાં કુલ આઠ લોકોના મોત નીપજ્યાં હોવાનું સામે આવ્યું હતું. આ મામલે રાજ્ય સરકારે મૃતકોના પરિવારને રૂ.૬૫ લાખનું વળતર ચૂકવ્યું હતું.

જ્યારે જંગલી પ્રાણી દ્વારા હુમલો કરીને માનવને ઈજા પહોંચાડે અથવા તેનું મૃત્યુ થાય ત્યારે સરકાર દ્વારા આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. અગાઉ મૃતકના પરિવારને પાંચ લાખની સહાય આપવામાં આવતી હતી, જેમાં તાજેતરમાં વધારો કરવામાં આવ્યો હતો. શહેરમાં વિશ્વામિત્રી નદીમાં વસવાટ કરતા મગરનો મુખ્ય ખોરાક માછલી, પક્ષી અને સુવર છે. આ ઉપરાંત નદીમાં ઘણી હોટલો હજી પણ નોનવેજનો કચરો ફેંકતા હોવાથી તે પણ મગરનો ખોરાક છે. જ્યારે જિલ્લામાં ઓરસંગ, ઢાઢર અને વિશ્વામિત્રી નદીમાં વસવાટ કરતા મગરો નદી કિનારે પાણી પીવા માટે આવતા કૂતરા, સુવર અને પશુનો પણ શિકાર કરે છે.

# પાટણની સાંતલપુરમાં નદીમાં ૧૨ યુવક ડૂબ્યા, મૃત્યુઆંક વધીને પાંચ થયો

અમદાવાદઃ પાટણના સાંતલપુર તાલુકામાં મંગળવારે બે અલગ-અલગ ડૂબવાની ઘટના બની હતી. જેમાં નળિયા ગામ નજીકની ખારી નદીમાં નવ અને રણમલપુર ગામ નજીક ત્રણ યુવક મળીને કુલ ૧૨ યુવકો નદીમાં ડૂબ્યા હતા, જેમાંથી ૬ યુવકોને બચાવી લેવામાં આવ્યા હતા. જેમાં ૨ના મોત અને ૪ યુવકો ગુમ હોવાનું સામે આવ્યું હતું. જેમાં પછી એકનો મૃતદેહ મળ્યો હતો. સમગ્ર ઘટના મામલે સ્થાનિક વહીવટીતંત્રની એસડીઆરએફની ટીમ દ્વારા ગુમ યુવકોની શોધખોળ શરૂ કરી હતી. બુધવારે વધુ ૨ મૃતદેહ મળી આવ્યા હતા. બંને ઘટનામાં અત્યાર સુધી કુલ મૃત્યુઆંક પાંચ થયો હતો. જેમાં એક ઘટનામાં નળિયા ગામ નજીક પસાર થતી ખારી નદીમાં નવ યુવક ડૂબ્યા હતા. જે પૈકી ૪ને બચાવી લેવાયા હતા. જ્યારે ચારનાં મોત નીપજ્યાં હતાં અને ત્રણ ગુમ છે. જેમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

# વાપીની ત્રણ પેપર મિલ પર આઈટીના દરોડામાં ₹ ૧૦૦૦ કરોડના બેનામી વ્યવહારો મળ્યા

અમદાવાદઃ વાપીની ત્રણ પેપર મીલ પર આવક વેરા વિભાગ દ્વારા પાડવામાં આવેલા દરોડામાં એક હજાર કરોડના બેનામી વ્યવહાર મળી આવ્યા હોવાની વિગતો જાણવા મળી હતી. વાપી, મુંબઈ અને પુણેની આઈટી ટીમ દ્વારા ગજાનંદ પેપર મીલ, શ્રી અજીત પલ્પ એન્ડ પેપર મીલ અને એન.આર. અગ્રવાલ પેપર મીલ પર દરોડા પાડીને તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસમાં મોટાભાગની ખરીદી કાગળ પર દર્શાવવામાં આવી જ નહીં હોવાનુ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતુ. આઈટી ટીમ દ્વારા ત્રણ પેપર મીલના ૨૫ સ્થળ પર તપાસ કરવામાં આવી હતી. તપાસમાં પેપર સહિતના સામાનની ખરીદી ચોપડા પર દર્શાવ્યા વિના બારોબાર જ બતાવી દેવામાં આવી હતી. સાથે સાથે જે વસ્તુની ખરીદી કાગળ પર બતાવી નહોતી તે વસ્તુ બારોબાર જ વેચી દેવામાં આવી હતી, જેથી ટૅક્સ ભરપાઈ કરવો નહીં પડે તે રીતની સમગ્ર ગોઠવણ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતુ. તેના કારણે આઇટી ટીમ દ્વારા ત્રણેય પેપર મીલના દસ્તાવેજ કબજે કરીને તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં જ બેનામી વ્યવહારનો આંકડો એક હજાર કરોડની આસપાસ પહોંચી ગયો હતો. આગામી દિવસોમાં આઈટી દ્વારા જપ્ત કરવામાં આવેલા દસ્તાવેજની ઊલટ તપાસ કરીને વધુ ટૅક્સ ચોરી ઝડપી પાડવામાં આવે તેવી પણ શક્યતા સેવાઈ રહી છે.આઇટીએ પાડેલા દરોડાની પ્રાથમિક તપાસમાં જ એક હજાર કરોડથી વધુના બેનામી વ્યવહાર મળી આવ્યા હોવાના કારણે આ ત્રણેય મીલના છેલ્લાં ૧૦ વર્ષ દરમિયાન ભરવામાં આવેલા આઇટી રિટર્નની પણ ચકાસણી કરવામાં આવશે, કારણ કે તેઓ દ્વારા છેલ્લાં કેટલાં વર્ષોથી આ રીતે ટૅક્સ ચોરી કરવા માટે વેપલો કરી રહ્યા હોવાની પણ શક્યતા રહેલી છે.

# લોકોના વિરોધને જોતા હેલ્મેટ ફરજિયાતના કાયદા પર પુનર્વિચાર કરોઃ ધારાસભ્ય કુમાર કાનાણી

અમદાવાદઃ સુરત બાદ સૌરાષ્ટ્રના રાજકોટમાં હેલ્મેટ ફરજિયાતના કાયદાની કડક અમલવારી શરૂ કરવામાં આવી રહી છે. જેને કારણે રાજકોટના લોકો આ કાયદાનો વિરોધ કરી રહ્યા છે. એવામાં સુરતના ધારાસભ્ય કુમાર કાનાણીએ સરકારને આ કાયદા અંગે પુનર્વિચાર કરવા સૂચન કર્યું હતું. કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે, હેલ્મેટ ફરજિયાત પહેરવા માટેના કાયદાથી લોકોને અનેક પ્રકારની તકલીફ પડી રહી છે. આથી લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. ગુજરાતમાં તમામ શહેરોની અંદર હેલ્મેટના કાયદા માટેનો પુનર્વિચાર કરવો જોઈએ અને લોકોને તકલીફ ના પડે, તે પ્રકારનો નિર્ણય કરવો જોઈએ. રાજકોટમાં લાગુ થયાના ઘણાં સમય પહેલા સુરતમાં પણ હેલ્મેટ ફરજિયાતનો નિર્ણય લેવાયો છે. રાજકોટમાં હેલ્મેટના કાયદાને લઈને વિરોધના સૂર ઉઠતાં ત્યાંના ધારાસભ્યોએ ગૃહમંત્રીને રજૂઆત કરી છે.

આ રજૂઆત બાદ રાજકોટમાં પોલીસ વિભાગે પણ વિચારવાનું શરૂ કર્યું છે. હાલ કાર્યવાહી રોકવામાં આવી હોય તેમ મને લાગી રહ્યું છે. જો કે આ પ્રશ્ન સુરત શહેર સહિત ગુજરાતના તમામ મહાનગરોનો છે. હેલ્મેટ ફરજિયાત પહેરવા માટે જે કાયદો છે, તેમાં લોકોને અનેક મુશ્કેલીઓ પડી રહી છે. આથી તેનો વિરોધ થઈ રહ્યો છે.

# નેવીનગરમાંથી રાઇફલ અને ૪૦ બુલેટ્સ ચોરીને ફરાર થયેલા અગ્નિવીર, તેના ભાઇની તેલંગણાથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોલાબાના હાઇ-સિક્યુરિટીવાળા નેવીનગરમાં નાવિકની રાઇફલ તેમ જ ૪૦ બૂલેટ્સ સાથેની બે મેગેઝિન ચોરી ફરાર થયેલા અગ્નિવીર અને તેના મોટા ભાઇને મુંબઇ ક્રાઇમ બ્રાન્ચે તેલંગણાથી મંગળવારે રાતના ઝડપી પાડ્યા હતા. નેવીનો યુનિફોર્મ પહેરીને નેવીનગરમાં પ્રવેશ્યા બાદ ચોરેલા શસ્ત્રો બેગમાં ભરી અગ્નિવીરે દીવાલની બીજી બાજુ ઊભેલા તેના ભાઇ પાસે ફેંકી દીધાં હતાં અને ફરાર થતા પહેલાં તેણે થોડો સમય ત્યાં વિતાવ્યો હતો.

ક્રાઇમ ઇન્ટેલિજન્સ યુનિટે (સીઆઇયુ) તેલંગણાના આસિફાબાદથી પકડી પાડેલા બંને ભાઇની ઓળખ રાકેશ રમેશ ડુબુલા (૨૨) અને ઉમેશ રમેશ ડુબુલા (૨૫) તરીકે થઇ હતી. તેમની પાસેથી રાઇફલ અને ૪૦ બૂલેટ્સ જપ્ત કરવામાં આવી હતી. રાકેશ ડુબુલા નેવીમાં અગ્નિવીર (નાવિક) છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ક્રાઇમ બ્રાન્ચના અધિકારીના જણાવ્યા અનુસાર રાકેશ ડુબુલા ૬ સપ્ટેમ્બરે નેવીનો યુનિફોર્મ પહેરી નેવીનગરમાં પ્રવેશ્યો હતો અને ત્યાં રડાર પ્રોટેક્ટર ગાર્ડ તરીકે ફરજ બજાવી રહેલા જુનિયર નાવિક પાસે પહોંચ્યો હતો અને તેને જણાવ્યું હતું કે હું તને રિલીવ કરવા આવ્યો છું. તેણે નાવિકને રાઇફલ અને ત્રણ મેગેઝિન સોંપવા કહ્યું હતું. નાવિકને દેખીતી રીતે કોઇ શંકા ગઇ નહોતી. આથી રાઇફલ અને મેગેઝિન તેને સોંપી નાવિક હોસ્ટેલમાં જતો રહ્યો હતો.

રાકેશે થોડા સમય બાદ રાઇફલ અને મેગેઝિન બેગમાં મૂકી દીધાં હતાં અને દીવાલની બીજી બાજુ ઊભેલા તેના ભાઇ ઉમેશ પાસે બેગ ફેંકી દીધી હતી. બંને ભાઇ બાદમાં ત્યાંથી ભાગી છૂટ્યા હતા. તેઓ લોકમાન્ય ટિળક ટર્મિનસ (એલટીટી) પર પહોંચ્યા હતા અને ત્યાંથી ટ્રેન પકડીને તેઓ પુણે ગયા હતા અને ત્યાંથી પોતાના વતન જવા રવાના થયા હતા.

બીજી તરફ હોસ્ટેલમાં ગયેલા નાવિકને કલાકમાં યાદ આવ્યું હતું કે તે પોતાની ઘડિયાળ ભૂલી ગયો છે. આથી તે આથી તે ઘડિયાળ લેવા પાછો આવ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે તેને રિલીવ કરનારો અધિકારી શસ્ત્રો સાથે ગાયબ છે. નાવિકે આસપાસના વિસ્તારોમાં તેની શોધ ચલાવી હતી, પણ તેનો કોઇ પત્તો ન લાગતાં આખરે તેણે પોતાના ઉપરી અધિકારીઓને જાણ કર્યા બાદ કફ પરેડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ હતી.

દરમિયાન સીઆઇયુના અધિકારીઓએ અનેક સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને તેને આધારે તેમણે આરોપીઓનું પગેરું આસિફાબાદમાં હોવાનું શોધી કાઢ્યું હતું. બાદમાં ટીમ ત્યાં જવા રવાના થઇ હતી અને બંને આરોપીને પકડી પાડ્યા હતા. પોલીસ ટીમ બાદમાં બંનેને મુંબઈ લાવવા માટે ત્યાંથી રવાના થઇ હતી.

પોલીસને પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે રાકેશે પોતાના વતનમાં અભ્યાસ પૂરો કર્યો હતો અને ૨૦૨૩માં તે સશસ્ત્રો દળમાં અગ્નિવીર તરીકે જોડાયો હતો. રાકેશને ઑગસ્ટ, ૨૦૨૩થી ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન મુંબઈના નેવીનગરમાં નિયુક્ત કરાયો હતો. રાકેશ મુખ્યત્વ સેન્ટ્રી ડ્યૂટી બજાવતો હતો, આ વિસ્તારમાં સલામતી કેવી હોય છે તે રાકેશ સારી રીતે જાણતો હતો.

પોલીસે જણાવ્યું હતું કે રાકેશનો ભાઇ ઉમેશ પરિણીત છે અને તેને એક સંતાન છે. ઉમેશ તેના ગામમાં પિતા સાથે દુકાન ચલાવતો હતો.

# ઉદ્ધવ ઠાકરેની દશેરા રેલી શિવાજી પાર્કમાં

## પચીસ શરતો સાથે પરવાનગી: એકનાથ શિંદે આઝાદ મેદાનમાં?

મુંબઈ મહાનગરપાલિકાએ છત્રપતિ શિવાજી મહારાજ પાર્ક ખાતે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને દશેરાની રેલી યોજવા માટે પરવાનગી આપી હોવાની માહિતી સંજય રાઉતે આપી હતી. આ પછી, શિંદે જૂથે પણ દશેરા રેલી માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

શિંદે જૂથે આ કાર્યક્રમ માટે વર્લી ડોમ અને આઝાદ મેદાનનું નિરીક્ષણ કર્યુ છે. આઝાદ મેદાનમાં રેલીનું આયોજન કરવા માટે જરૂરી પરવાનગી મેળવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. જોકે, શિંદેની શિવસેનાને અત્યાર સુધી પરવાનગી મળી નથી. બીજી તરફ મહાનગરપાલિકાએ કુલ ૨૫ શરતો સાથે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને રેલી માટે પરવાનગી આપી છે. આમાંની ૧૬મી શરતે ઠાકરે જૂથની ચિંતા વધારી દીધી છે.

**શરતો નીચે મુજબ છે:**

૧. જમીનના ઉપયોગ માટે દરરોજ ૨૫૦ રૂપિયા + ૧૮% (જીએસટી + સીજીએસટી) લાઇસન્સ ફી ચૂકવવાની રહેશે. ૨. ૨૦૧૫ ની નોટિસ ઓફ મોશન નંબર ૬૬૬ હેઠળ માનનીય અદાલત દ્વારા લાદવામાં આવેલી શરતો અને નિયમોનું પાલન કરવું પડશે.

૩. ૨૦.૦૧.૨૦૧૬ ના સરકારી નિર્ણય નં. બીએમસી-૨૫૧૫/પ્રમાણ નં. ૧૨૭૦/નવી-૨૧ ના નિયમો અને શરતોનું પાલન કરવું પડશે.

૪. ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓનું પાલન કરવું પડશે.

૫. કાર્યક્રમ માટે સંબંધિત પોલીસ સ્ટેશનની પૂર્વ પરવાનગી લેવી ફરજિયાત રહેશે. ઉપરાંત, લાઉડસ્પીકરના ઉપયોગ માટે પણ પોલીસ સ્ટેશનની પરવાનગી લેવી પડશે.

૬. માનનીય હાઈકોર્ટ દ્વારા જાહેર હિતની અરજી નં. ૧૭૩/૨૦૧૦ તારીખ ૧૩.૦૩.૨૦૧૫, ૨૪.૦૬.૨૦૧૫, ૧૭.૦૭.૨૦૧૫ અને ૧૦,૧૧,૧૨ અને ૧૬ ઓગસ્ટ ૨૦૧૬ ના રોજ આપવામાં આવેલા આદેશોનું પાલન કરવું પડશે.

૭. ચીફ ફાયર ઓફિસર પાસેથી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવું ફરજિયાત છે.

૮. સ્ટ્રક્ચરલ એન્જિનિયર પાસેથી સ્થિરતા પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત છે.

૯. રૂ. ૫૦૦/- ના સ્ટેમ્પ પેપર પર એક રજિસ્ટર્ડ બાંયધરીપત્ર સબમિટ કરવું પડશે જેમાં જણાવવામાં આવશે કે તમે માનનીય હાઈકોર્ટ/સરકાર તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ નિયમો અને શરતોનું ઉલ્લંઘન કરશો નહીં.

૧૦. કાર્યક્રમનો અવાજ મેદાનની બહાર ન સંભળાય તે માટે યોગ્ય સાવચેતી રાખવી જોઈએ. ઉપરાંત, માનનીય હાઈકોર્ટ દ્વારા નોટિસ ઓફ મોશન નં. (ગઘખક્ક્ષમશક્ષલ નં. ૧૦-૨૦૧૩) પીઆઈએલ નં. ૧૧૬/૨૦૦૯ માં આપેલા આદેશ મુજબ, લાઉડસ્પીકરના ઉપયોગને કારણે કોઈને પણ ધ્વનિ પ્રદૂષણની ફરિયાદનો અવકાશ ન મળે તેની કાળજી લેવી જોઈએ.

૧૧. ઘટના પછી મેદાનને તેની મૂળ સ્થિતિમાં પુનઃસ્થાપિત કરવું પડશે,

૧૨. કાર્યક્રમ દરમિયાન કોઈપણ પ્રકારના વાહનના પ્રવેશ પર સખત પ્રતિબંધ રહેશે.

૧૩. શિવાજી પાર્ક ગ્રાઉન્ડ અંગે માનનીય હાઈકોર્ટ દ્વારા સમયાંતરે લાદવામાં આવેલા આદેશો અને નિયમો અને શરતોનું પાલન કરવાનું રહેશે.

૧૪. જો કોઈ સફાઈ ખર્ચ ઘન કચરા વિભાગનો બાકી હોય, તો તે મુખ્ય સુપરવાઈઝર ઘન કચરા જી/ઉત્તરી વિભાગને ચૂકવવા પડશે.

૧૫. રાત્રે ૧૦:૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારની મીટિંગ/કાર્યક્રમની મંજૂરી નથી.

૧૬. જો સરકાર/મ્યુનિસિપલ કોર્પોરેશન તે દિવસે કોઈ કાર્યક્રમનું આયોજન કરે છે, તો પરવાનગી રદ થઈ શકે છે.

૧૭. જો મેદાનને કોઈ નુકસાન થયું હોય અથવા મેદાનનો દુરુપયોગ થયો હોય, તો ચૂકવેલ સુરક્ષા ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે.

૧૮. ઉપરોક્ત કાર્યક્રમો માટેની બધી વ્યવસ્થા પોતાના ખર્ચે કરવાની રહેશે.

૧૯. કાર્યક્રમ માટે બાંધવામાં આવેલ મંડપ/મંડપ/સ્ટેજ કાર્યક્રમ પૂર્ણ થયા પછી તરત જ દૂર કરવા જોઈએ અને મેદાનને તેની મૂળ સ્થિતિમાં પાછું લાવવું જોઈએ.

૨૦. જો શરતોનું કોઈપણ ઉલ્લંઘન થશે, તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

૨૧. જો શિવાજી પાર્કના મેદાનના કોઈપણ ભાગને કોઈપણ રીતે નુકસાન થયું હોય, તો તેને તેની મૂળ સ્થિતિમાં પુનઃસ્થાપિત કરવો જોઈએ જેથી તેનો ઉપયોગ બીજા દિવસથી થઈ શકે.

૨૨. પરિસરમાં કોઈપણ પ્રકારનો ખોરાક રાંધવાની મંજૂરી નથી.

૨૩. અરજદારે ૨૦,૦૦૦ રૂપિયા ડિપોઝિટ ભરવાની રહેશે.

૨૪. જો જમીનનો કોઈ નુકસાન/દુરુપયોગ/શરતોનું ઉલ્લંઘન જણાય તો, રૂ. ૨૦,૦૦૦/- ની ડિપોઝિટ રકમ જપ્ત કરવામાં આવશે અને તમને આવતા વર્ષે જમીનમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

૨૫. એ નોંધવું જોઈએ કે મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ નં. ખડ્ઈઇ/ત્ર્ઙ્ઉ (અઙ્ઈ)/ઝટ/ઇ-૦૨૯૭ તારીખ ૨૦.૦૩.૨૦૨૪ ના માર્ગદર્શિકા અનુસાર, તમને છત્રપતિ શિવાજી મહારાજ પાર્ક મેદાનમાં કોઈપણ પ્રકારની માટી નાખવાની મંજૂરી નથી.

જો ઉપરોક્ત ઉપરાંત અન્ય કોઈ નિયમો અને શરતો લાદવામાં આવશે, તો તે તમને જણાવવામાં આવશે અને તમે તેનું પાલન કરવા માટે બંધાયેલા રહેશો.

# હું અડગ રાષ્ટ્રવાદી છું: ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન

મુંબઈ: મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને કહ્યું કે રાજ્યમાં તેમનો ૧૩ મહિનાનો કાર્યકાળ તેમના જાહેર જીવનનો સૌથી સુખદ સમયગાળો હતો અને તેઓ ભારતના આગામી ઉપરાષ્ટ્રપતિ તરીકે દિલ્હી જઇ રહ્યા છે ત્યારે તેમની સાથે મીઠી યાદો લઈને જશે.

૬૭ વર્ષીય રાધાકૃષ્ણન મંગળવારે ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં વિજયી થયા હતા, તેમણે સંયુક્ત વિપક્ષના ઉમેદવાર બી સુદર્શન રેડ્ડીને ૧૫૨ મતોથી હરાવ્યા હતા. શુક્રવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા તેમને પદના શપથ લેવડાવવામાં આવે તેવી શક્યતા છે.

ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ઉમેદવારી જાહેર થયા બાદ ૨૫ ઓગસ્ટના રોજ રાજભવન ખાતે એક અનૌપચારિક સન્માન સભામાં બોલતા, રાધાકૃષ્ણને પોતાને ‘‘અડગ રાષ્ટ્રવાદી‘‘ ગણાવ્યા. તેમણે કહ્યું કે તેમની માતાએ તેમને છત્રપતિ શિવાજી મહારાજની પ્રેરણાદાયી વાર્તાઓ સંભળાવી હતી. તેમણે ભારતને તેનું બંધારણ આપવા અને સામાજિક દુષણો સામે હિંમતથી લડવા બદલ ડો. બી.આર. આંબેડકરની પણ પ્રશંસા કરી.

‘‘છત્રપતિ શિવાજીએ વિદેશી આક્રમણકારો સામે લડ્યા હતા, જ્યારે આંબેડકર જુલમ સામે લડ્યા હતા.

આવા દૂરંદેશી નેતાઓને કારણે ભારત એક લોકશાહી દેશ રહ્યો છે, જ્યારે આપણા પાડોશી દેશ પાકિસ્તાનને તેને ટકાવી રાખવા માટે સંઘર્ષ કરવો પડ્યો છે,‘‘ તેમણે કહ્યું.

જુલાઈ ૨૦૨૪ માં મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકેનો કાર્યભાર સંભાળનારા રાધાકૃષ્ણને કહ્યું કે તેમના કાર્યકાળ દરમિયાન તેમને બે મુખ્યપ્રધાન સાથે કામ કરવાનો અનોખો અનુભવ મળ્યો. ‘‘જ્યારે મેં કાર્યભાર સંભાળ્યો ત્યારે હાલના નાયબ મુખ્યપ્રધાન (એકનાથ શિંદે) મુખ્યપ્રધાન હતા અને હાલના મુખ્યપ્રધાન (દેવેન્દ્ર ફડણવીસ) નાયબ મુખ્યપ્રધાન હતા. પાછળથી, તેમની ભૂમિકાઓ બદલાઇ ગઈ. તેમ છતાં, તેમના સૌહાર્દપૂર્ણ સંબંધો અને ટીમવર્કની ભાવના આ મહાન રાજ્યની રાજકીય સંસ્કૃતિ વિશે ઘણું કહી જાય છે,‘‘ તેમણે કહ્યું.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગોંડલ નિવાસી હાલ મુંબઈ સ્વ. નાનાલાલ માનસંગ શેઠ (દરબાર)ના સુપુત્ર ભરતભાઈના ધર્મપત્ની કિરણબેન (ઉં.વ.૭૩) તે તા. ૮-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સુકેતુભાઈ તથા જયભાઈના માતુશ્રી. તે અર્ચનાબેન, ક્ષીતીજબેનના સાસુ. નાયશા, દિઆનના દાદી. લૌ.વ્ય. તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પીપરીયા નિવાસી હાલ સાયન સ્વ. ભોગીલાલ મણિલાલ શાહના ધર્મપત્ની મંગળાબેન (ઉં.વ.૧૦૨) તા. ૯-૯-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે નવીનભાઈ, સ્વ. ડો. પ્રજ્ઞાબેન, ડો. જસ્મીનબેનના માતુશ્રી. તે દિપીકાબેન, ડો. ભાસ્કરભાઈ પ્રતાપરાય શાહના સાસુ. સાવરકુંડલાવાળા મોંઘીબેન હંસરાજ મહેતાના દીકરી. તે જક્ષા, પ્રિતી, અર્પી, પ્રિયંકા, ઈશા, કૃશ, રિધમ, મેઘરથના દાદી. તેમની સાદડી શનિવાર તા. ૧૩-૯-૨૫ના ૩ થી ૫. ઠે. પ્લોટ નં. ૨૦૯, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની બાજુમાં, સાયન હોસ્પીટલની સામે, સાયન (પૂર્વ).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ આધોઈ હાલ બોરીવલી અરવિંદ પોપટલાલ ગડા (ઉં.વ.૬૯) રવિવાર તા. ૭-૯-૨૫ના અવસાન પામેલ છે. તે મોંઘીબેન પોપટલાલના પુત્ર. તે સ્વ. પલ્લવીના પતિ. તે સોનલ, સાગર, સ્વ. આકાશના પપ્પા. તે મિતેશ, ધોરડા, કિંજલના સસરા. આધોઈના માનુબેન પ્રેમજી વણવીર ગીંદરાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૧-૯-૨૫ના ૩.૩૦ થી ૫. ઠે. યોગી સભાગૃહ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, દાદર-ઈ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દુદાણા નિવાસી હાલ અગાશી વિરાર સ્વ. વસંતબેન પોપટલાલ દેવચંદ દોશીના સુપુત્ર નવનીતભાઈ દોશી (ઉં.વ. ૭૩) તા. ૬-૯-૨૫ને શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રતાપભાઈ, ચંપકભાઈ, રાજેન્દ્રભાઈના ભાઈ. રમીલાભાભી, દક્ષાભાભીના દિયર. વંદનાના જેઠ. દિપાલી, ગૌતમ, આશિષ, અસ્મિતા, અક્ષય, વેજલના કાકા. મોસાળ પક્ષે અલંગ વાલા શાહ રમણીકલાલ કાલિદાસના ભાણેજ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી. એડ્રેસ: એ-૦૦૨, વિશ્વનાથ કો-ઓ-હા-સો. લિમિટેડ, ચાલપેઠ રોડ, અગાશી, વિરાર (વેસ્ટ).

**જામનગર હાલર વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

સ્વ. પ્રવિણભાઈ કેશવલાલ મહેતાના ધર્મપત્ની નલીનીબેન મહેતા (ઉં.વ. ૮૫) સોમવાર, તા. ૮-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભાવિક મહેતાના મમ્મી. રાજલ મહેતાના સાસુ. જીયા અને જીનાંશના દાદી. જેતપુર નિવાસી રતીલાલ મંગળજી શાહની સુપુત્રી. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. શારદાબેન કાનજી શાહના સુપુત્ર ચંદ્રકાંતભાઈ (ઉં.વ. ૮૫) તે સ્વ. નિર્મળાબેનના પતિ બુધવાર, તા. ૧૦-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે તુષાર-ભાવનાના પિતા. સાવરકુંડલા નિવાસી સ્વ. નાથાલાલ ગોબરદાસ ગોડાના જમાઈ. હર્ષ-ખુશ્બૂના દાદા. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**જામનગર હા.વિ. શ્રીમાળી જૈન**

રાજકોટ નિવાસી (હાલ મલાડ) ધર્મેશ ચંદ્રકાન્ત વોરાના ધર્મપત્ની પ્રિતીબેન (ઉં.વ. ૪૪) તા. ૬-૯-૨૫ના શનિવાર અરિહંતશરણ પામેલ છે. તે વિરાગ, દક્ષેશના માતુશ્રી. ગં.સ્વ. વિણાબેનના નાનાવહુ. તેજલ રાજેશ વોરાના દેરાણી. બિરેનભાઈના ભાભી. માનસી, ગૌતમના કાકી. પિયર પક્ષે: લતિપર નિવાસી સ્વ. કુમુદબેન વિનોદરાય શેઠના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના મોનિશ જયવંતી નલીન નાગડા (ઉં.વ. ૪૧) અવસાન પામ્યા છે. માતુશ્રી સુંદરબેન મુલચંદના પૌત્ર. હીતેશ, નવાવાસ નીઘી વિપુલ ખત્રી, કાંડાગરા દિવ્યા મયંક પોલડીયા, નીકેશના ભાઇ. તલવાણા માતુશ્રી મેઘબાઇ જેઠાલાલ રવજીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : જયવંતી નાગડા, ડી-૪૦૩, લારકીન્સનગર, રાધાઇ મંદિર સામે, ડોંબીવલી (વે.).

માંડવી મૂળ હાલાપુરના અ.સૌ. શિલ્પાબેન શાંતિલાલ મગનલાલ મારૂ (ઉં.વ. ૭૨) તા. ૭-૯-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મેઘબાઈ મગનલાલ ખીમજી (વિજયા સ્ટોર્સ-દોરાવાળા)ના પુત્રવધૂ. શાંતિલાલના ધર્મપત્ની. ઋષભ, શીતલના માતુશ્રી. કોડાયના વિમળાબેન મુલચંદ નરપત લાલનના પુત્રી. બિદડા કુસુમબેન જયંતભાઈ, સ્વ. કાંતિલાલ લાલનના બહેન. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. ઠે. શાંતિલાલ મારૂ, તીર્થ બંગલો, નાગનાથ રોડ, માંડવી કચ્છ.

નાની ખાખરના કાંતીલાલ માલશી દેઢીયા (ઉં.વ. ૮૫) અરિહંત શરણ પામેલ છે. કુંવરબાઇ માલશી પાસુના સુપુત્ર. મીનાક્ષી (મણીબેન)ના પતિ. ધનજી, કાર્તિકના પિતાશ્રી. લક્ષ્મીચંદ, જાદવજી, કલ્યાણજી, ટુંડાના સાકરબેન નરશી, બીદડાના કંકુબેન હરખચંદ, ટુંડાના દમયંતીબેન મેઘજીના ભાઇ. બિદડાના રાણબાઇ/ભાણબાઇ ટોકરશી કાનજીના છેડાના જમાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. કાર્તિક દેઢીયા, ૬૦૧, મિત્તલ સ્કાયબાર્ડ, ડી-૬૬, આઝાદનગર-૨, વીરા દેસાઇ રોડ, અંધેરી (વેસ્ટ).

ગુંદાલાના માતુશ્રી દમયંતીબેન હીરજી દેઢિયા (ઉં.વ. ૮૬) તા. ૮-૯ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબેન શામજીના પુત્રવધૂ. હીરજીના પત્ની. બિપીન, ચેતના, લતા, મીનાના માતુશ્રી. વડાલા માતુશ્રી હીરબાઈ શામજી ધારશીની સુપુત્રી. મુલચંદ, હરીલાલ, રતિલાલ, ધીરજ, ધનજી, વનિતા વિનોદ, લાખાપર કેસર શાંતિલાલની બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. બિપીન દેઢિયા, બી ૯૦૩, પુષ્પ વિનોદ ૧, તિરૂમાલાની સામે, એસ.વી.રોડ, બોરીવલી (વે).

બાડાના માતુશ્રી જવેરબેન ઉમરશી કાનજી ગાલા (ઉં.વ. ૮૭) તા. ૯-૯-૨૫ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી દેવકાબેન કાનજી આસગના પુત્રવધૂ. પુ.ઉમરશીના ધર્મપત્ની. અજીત, વિપુલ, જયા, રશ્મિ, જ્યોતિના માતુશ્રી. ગોધરા મઠાંબાઈ લાલજી મુરજી છેડાના પુત્રી. ભવાનજી (મંગલ), હેમકુંવર, ચંચલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ : અજીત ગાલા. ૧૦૧, ઉર્વશી એપા., શીંપોલી રોડ, બોરીવલી (વે).

**ઝાલાવાડી સ્થા. વિશા શ્રીમાળી જૈન**

હળવદ નિવાસી, સ્વ. કાંતાબેન મણિલાલ કોઠારીના સુપુત્ર સ્વ. રજનીકાંત મણિલાલ કોઠારીના ધર્મપત્ની રંજનબેન (ઉં.વ. ૮૧) તા. ૯/૯/૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે પરેશ, ગૌતમ, પ્રતીમા અતુલકુમાર શાહ, છાયા રાજીવભાઈ દોશી, બીનાબેન અંકિતભાઈ ખંધારના માતૃશ્રી. ચેતનાબેનના સાસુ. સ્વ. ધીરજબેન નટવરલાલ શાહના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૧/૯/૨૫ના ૧૦ થી ૧૧:૩૦. જૂનું સ્વામિનારાયણ મંદિર, ૬ ફીટ રોડ, વસંત કરીશ્માની સામે, વસઈ વેસ્ટ.

**વિજાપુર વિશા ઓશવાળ જૈન**

રીદ્રોલ નિવાસી હાલ કાંદીવલી, સ્વ. સવિતાબેન રીખવદાસ શાહના સુપુત્ર દિનેશભાઈ શાહ (ઉં.વ. ૭૫) તા. ૯/૯/૨૫ મંગળવારના અવસાન પામ્યા છે. તે ઉષાબેનના પતિ. હાર્દિક અને વિશાલના પિતાશ્રી. ધ્વનિ અને મોનાના સસરા. લૌકિક વ્યવહાર રાખવામાં આવ્યો નથી.

## મહારાષ્ટ્રમાં

રજનીશ વ્યાસ સમક્ષ આ મામલાની સુનાવણી થઈ. અરજી અનુસાર, સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, કેન્દ્ર સરકારે ૨૦૧૯ પહેલાના વાહન માલિકો માટે આ નંબર પ્લેટો લગાવવી ફરજિયાત બનાવી છે. આમ ન કરવા પર ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ થશે. રાજ્યમાં પણ આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. કેટલીક ખાનગી કંપનીઓને તેમજ અન્ય ૧૮ કંપનીઓને પણ આ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. અન્ય રાજ્યોની સરખામણીમાં મહારાષ્ટ્રમાં વધુ પૈસા વસૂલવામાં આવી રહ્યા હોવાનો આરોપ પણ લગાવવામાં આવ્યો હતો.

કોર્ટે છેલ્લી સુનાવણીમાં આ આરોપોના સમર્થનમાં પુરાવા અને માહિતી રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. છેલ્લી સુનાવણીમાં કોર્ટે અરજદારના વકીલને ફટકાર લગાવી

હતી. તેમ છતાં, એક તક તરીકે તૈયારી માટે ચાર અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો. જોકે, અરજદારે આ આરોપોના સમર્થનમાં કોઈ પુરાવા રજૂ કર્યા ન હતા અને કોર્ટે માગેલી માહિતી પણ આપી ન હતી. માત્ર એક સમાચાર અહેવાલના આધારે અરજદારે દલીલ કરી હતી, તેવું અવલોકન કરીને કોર્ટે આ જનહિત અરજીને ફગાવી દીધી. અરજદાર વતી એડ. સંતોષ ચવ્હાણે, અને રાજ્ય સરકાર વતી વરિષ્ઠ વકીલ સુનીલ મનોહર અને એડ. ઋષિકેશ મરાઠેએ પક્ષ રજૂ કર્યો હતો.

## મુંબઈ જીતવા

મુંબઈ મહાનગરપાલિકા માટે સ્વતંત્ર ૨૧ લોકોની કાર્યકારી સમિતીની જાહેરાત કરવામાં આવી છે.

આ સમિતીના માધ્યમથી ચૂંટણીના તમામ મહત્ત્વના નિર્ણય, પ્રચાર, મતદાર સુધી પહોંચવા માટે અનેક ઉપક્રમ અમલમાં મૂકવામાં આવવાના છે. શિવસેનાની આ કાર્યકારી સમિતીમાં પક્ષન પ્રમુખ નેતા, સાંસદ, ભૂતપૂર્વ સાંસદ, વિધાનસભ્ય, ભૂતપૂર્વ વિધાનસભ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ૨૧ સભ્યોમાં એકનાથ શિંદે મુખ્ય નેતા તરીકે હશે તો રામદાસ કદમ, ગજાનન કીર્તિકર, આનંદરાવ અડસૂળ, મીનાતાઈ કાંબળે જેવા વરિષ્ઠ નેતાઓની સાથે જ સાંસદ શ્રીકાંત શિંદે, રવિન્દ્ર વાયકર, મિલિંદ દેવરા અને ભૂતપૂર્વ સાંસદ રાહુલ શેવાળે, સંજય નિરુપમ હશે. એ સિવાય વિધાનસભ્ય પ્રકાશ સુર્વે, અશોક પાટીલ, મુરજી પટેલ, દિલીપ લાંડે, તુકારામ કાતે, મંગેશ કુડાળકર અને મનિષા કાયંદેનો સમાવેશ થાય છે. સમિતીમાં ભૂતપૂર્વ વિધાનસભ્ય સદા સરવણકર, યામિની જાધવ, દીપક સાવંત અને શિશિર શિંદે પણ હશે.

## રાજ્યમાં ફરી વરસાદ

પારો ૩૦થી ૩૧ ડિગ્રી વચ્ચે નોંધાઈ રહ્યો છે પણ ભેજનું પ્રમાણ વધું હોવાથી અસહ્ય વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. મુંબઈમાં બુધવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૧.૬ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૩૧.૦ ડિગ્રી નોંધાયું હતું. સવારના સમયમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ અનુક્રમે ૯૦ ટરા અને ૮૭ ટકાની આસપાસ નોંધાયું હતું, ત્યારે આગામી દિવસોમાં મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ફરી વરસાદની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ અરબી સમુદ્રના ઈશાન ભાગમાં ઓછા દબાણનો પટ્ટો સક્રિય હોઈ તે ધીમે ધીમે પશ્ચિમ તરફ સરકી રહ્યો છે. તેમ જ બંગાળના ઉપસાગરમાં પણ ચોમાસા માટે પોષક વાતાવરણ તૈયાર થઈ રહ્યું છે. તેથી મહારાષ્ટ્રના મરાઠ્ડા, વિદર્ભમાં વરસાદની હાજરી રહી હતી. આગામી ચારથી પાંચ દિવસ દરમ્યાન મુંબઈ, થાણે સહિત રાજ્યના અનેક જિલ્લામાં વરસાદની શક્યતા છે.

# હિન્દુ મરણ

સ્વ. ધીરજલાલ મગનલાલ બારડનું તા. ૮-૯-૨૫ને સોમવારના રાજકોટ અવસાન થયેલ છે. બેસણું ૧૧-૯-૨૫ને ગુરુવાર ૪ થી ૬. રૂદ્રનગર ૧, શ્રી શનીમહારાજ, કાલાવડ રોડ રાજકોટ.

**લોહાણા**

ગં.સ્વ. સવિતાબેન રામજીભાઈ મહેતા સોમવાર તા. ૮-૯-૨૫ના કૈલાસવાસી થયેલ છે. તે સમજુબેન બાવચંદ ભીમજીયાણીના દીકરી. તે સાધના પ્રેસ, અશિમ મહેતા, અંબરીશ મહેતા, સંદીપ મહેતાના માતા. તે સ્વ. જીમી પ્રેસ, નીના મહેતા, પ્રિયા મહેતા - પારૂલ મહેતાના સાસુમા. તે કૈકી, પ્રિતી, વિકી, રૂઝબે, ચાંદની, પુરવ, પૂજા, બેનાઈશા, મિહિર, કાજલના દાદી. તે નૂરી, અવાન,સિઆરાના નાની. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૧-૯-૨૫ના ૫ થી ૬.૩૦. ઠે. જલારામ હોલ, એન.એસ.રોડ, નં. ૬, હાટકેશ સોસાયટી, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લે (વે.).

**મોઢ વણિક (વૈષ્ણવ)**

ધાંગ્રધા નિવાસી હાલ દહિસર સ્વ. હર્ષદરાય જેઠાલાલ ગાંધીના ધર્મપત્ની સ્વ. ગં.સ્વ. સરોજબેન ગાંધી (ઉં. વ. ૮૮) તે સ્વ. ભગવાનજી વિઠલજી મહેતાના દીકરી. તે ચિ. વિણા, બીના, વિમલ અને એભલના માતુશ્રી. તે માનસના દાદી. તા. ૮-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌ. વ્ય. બંધ છે. ઠે. વિમલ હર્ષદરાય ગાંધી, બી-૧૫૦૬, એમ આઈ સી એલ આરાધ્યા હાઈ પાર્ક, ઠાકુરમોલની પાછળ, સિંગાપોર ઈન્ટરનેશનલ હાઈસ્કૂલની બાજુમાં, દહિસર (ઈ.).

**કચ્છી લોહાણા**

મુંબઈ (મુલુંડ) મૂળ નલિયા બિપીનભાઈ લાલજી દાવડા (ઉં.વ.૬૬) તે સ્વ. મણીબેન લાલજીના નાના પુત્ર. માયાબેનના પતિ. પ્રીતેશ અને નીતેશના પિતા. તુલસીબેનના સસરા. તે સ્વ. મંજુલાબેન રવિલાલ ગણાત્રા (માંડવી), સ્વ. પ્રવિણભાઈ (નખત્રાણા), સ્વ. સાધનાબેન નારાણજી ગણાત્રા (ગુંદિયારી) હાલે મુલુંડના નાનાભાઈ. તે તા. ૯-૯-૨૫ના રામશરણ પામેલ છે.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

મૂળ ઉના નિવાસી હાલ ઘાટકોપર હર્ષદભાઈ ધીરજલાલ ગાંધીના ધર્મપત્ની આશાબેન (ઉં.વ. ૭૪) મંગળવાર, તા. ૯-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મૂળ ઉરણ નિવાસી સ્વ. ધનલક્ષ્મીબેન, સ્વ. મણિલાલ પારેખના સુપુત્રી. સ્વ. જગદીશભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, જયશ્રીબેન અને સ્વ. મયુરીબેનના બેન. ગં.સ્વ. ઉર્વશીબેનના નણંદ. સ્વ. હેમલતાબેન, અનંતભાઈ, સ્વ. ઈન્દુબેન, ગં.સ્વ. રસિલાબેન, સ્વ. કોકિલાબેન, ભરતભાઈ, હેમંતભાઈના ભાભી. ભાવિન, દેવાંગના માતુશ્રી. પ્રિતિ અને કિન્નરીના સાસુ. પ્રાર્થનાસભા તા. ૧૧-૯-૨૫ ગુરુવારના સાંજે ૫થી ૭. સ્થળ: લવન્ડર બાગ (બેસમેન્ટ), ૯૦ ફૂટ રોડ, ગરોડીયાનગર, ઘાટકોપર (ઈસ્ટ).

**ચોરવાડ ગિરનારા બ્રાહ્મણ**

પંકજભાઈ મૂળશંકર પંડ્યા (ઉં.વ. ૬૮) તે સ્વ. મનહરભાઈ, કુ. સ્મિતાબેન, પ્રતિમાબેન, સોનલબેન, સ્વ. સંધ્યાબેન, કુ. સૌરભભાઈના ભાઈ તા. ૭-૯-૨૫ના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તેમની લૌકિક ક્રિયા બંધ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

સ્વ. લીલાવંતી સામજી માવજી ખત્રી (મચ્છર)ના પુત્રવધૂ હેમલતા ખત્રી (મચ્છર), ગામ (કચ્છ) માંડવી હાલે મુલુંડ (ઉં.વ. ૭૧) તા. ૮-૯-૨૫ને સોમવારના રામશરણ પામેલ છે. તે સ્વ. સુરેન્દ્રભાઈના પત્ની. સ્વ. પ્રવીણભાઈ અને શૈલેષના મોટા ભાભી. રુચિતા પરાગ ઠક્કરના માતુશ્રી. જ્યોત્સના અને પારુલના જેઠાણી. તે સ્વ. કલ્યાણજી શીવજી ગણાત્રાના દીકરી. પ્રાર્થનાસભા ૧૧-૯-૨૫ ગુરુવારના ૪થી ૫.૩૦. પાંજીવાડી બેન્કવેટ હોલ, કાંજુર માર્ગ (ઈસ્ટ). દશાવ પ્રથા તેમ જ લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ સાંધાણ હાલે ભુજ લીલાવતી કોટક (ઉં.વ. ૭૭) તા. ૯-૯-૨૫ને મંગળવારના ઘાટકોપરમાં રામશરણ પામેલ છે. તે સ્વ. શંકરલાલ કોટકના ધર્મપત્ની. કલ્પનાબેન પંકજ, હર્ષાબેન નીતિ, વીણાબેન રાજેશ, મનિષાબેન અનંત, હીનાબેન અજય, કૃષ્ણાબેન દિનેશ, સ્વ. આશિષ, સ્વ. વિરલના માતુશ્રી. સ્વ. સાકરબેન નારાણજી દનાણી કચ્છ ગામ વરાડીયાના પુત્રી. સ્વ. રાધાબેન રામજીના પુત્રવધૂ. સ્વ. કાંતિલાલ, સ્વ. કલાવંતીબેન, સ્વ. લીલાવતીબેન, સ્વ. પાર્વતીબેન, સ્વ. વીરબાળાબેન, સ્વ. સુશીલાબેન, સૌ. કમળાબેનના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૧-૯-૨૫ સાંજે ૪.૩૦થી ૬.૦૦ શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્કાર કેન્દ્ર, સરિતા પાર્ક, ગારોડિયાનગર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

**કચ્છી લોહાણા**

મૂળ વતન અંજાર હાલે ભાંડુપ, સ્વ. નવિનચંદ્ર વોરાણીના ધર્મપત્ની સ્વ. ભાનુબેન (ઉં.વ. ૮૫) તે સ્વ. માધવજી કાનજી વોરાણીના પુત્રવધૂ. પ્રેમજી ખીમજી વાઘાણીના સુપુત્રી. જ્યોતિ, કામિની, દેવેન, હિનાના માતુશ્રી. શૈલેષ કોટક, દિપક ઠક્કર, મુકેશ કારિઆ તથા ભાવના કોઠારીના સાસુજી. નિમેષ, દિપાલી અમિત રૂપારેલ, ચિરાગ, કોચી, નલીની, ભક્તિના નાનીજી તા. ૮-૯-૨૫ના સોમવારના અક્ષરધામ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૧-૯-૨૫ ગુરુવારના ૫.૩૦થી ૭. ગીતા હોલ, સ્ટેશન રોડ, ભાંડુપ મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી, સ્વ. માણેકબેન જીવરાજ મહેતાના પુત્ર હરકિશનદાસ મહેતા (ઉં.વ. ૯૬) તે ઇંદિરાબેનના પતિ. જયેશભાઇ તથા જાસ્મિનબેનના પિતા. લતાબેન તથા પરાગ લલિતકુમાર ગાંધીના સસરા. સ્વ. લીલાબેન પરષોત્તમ ગાંધીના જમાઈ. હીરાલાલ જીવરાજ મહેતા તથા સ્વ. તરવેણીબેન હરજીવનદાસ મહેતા તથા જયાબેન નાથાલાલ પારેખ તથા સ્વ. તારાબેન લક્ષ્મીદાસ શેઠના ભાઈ. તા. ૯-૯-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૧/૯/૨૫ના ૫ થી ૭. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ મોટો ઉપાશ્રય પાંચમે માળે, પારેખ લેન કોર્નર, એસ.વી.રોડ, કાંદિવલી (વે).

**હાલાઇ લોહાણા**

મુંબઈ નિવાસી, સ્વ. હસમુખલાલ દત્તાણીના પત્ની રત્નપ્રભા દત્તાણી (ઉં.વ. ૭૭) તા. ૯/૯/૨૫ના મુંબઈ શ્રીજીચરણ પામેલ છે. તે મહાવીર, સ્વાતિ, સરલા, હર્ષા દત્તાણીના માતા. સાદડી તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે. ૭૦૭/ડી- ૩, ચારકોપ કાંદિવલી (વેસ્ટ).

**વીસા સોરઠીયા વણિક**

જાંબુવાળા હાલ કાંદિવલી, પ્રતિભાબેન મલકાણ (ઉં.વ. ૮૨) તે ચંદુલાલ ત્રિભોવનદાસ મલકાણના ધર્મપત્ની. રીટા સુભાષ પારેખ, મીના હેમંત શાહ, સોનલ જયેશ શાહ, મોના ધીરેન મલકાણ સ્વ. નીખીલના માતુશ્રી. જશવંતભાઈ, સતીષભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. પ્રભાબેન ભટ્ટના બહેન તથા પ્રેમચંદ મોતીચંદ ખીમાણીના દીકરી. તા. ૯/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ને લૌકિક વ્યવહારની પ્રથા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઈ સુતાર જ્ઞાતિ**

નાગનેશ નિવાસી હાલ કાંદિવલી ચારકોપ, સ્વ. હીરાબેન ચુનીલાલ પરમારના પુત્ર સ્વ. વિનોદભાઈ પરમાર (ઉં.વ. ૭૧) સોમવાર, તા. ૮/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. દિપેશ, દર્શકના પિતા. સ્વ. બિપીનચંદ્ર, સ્વ. અનંતરાય, સ્વ. મુકેશભાઈ, સ્વ. જ્યોત્સનાબેન, સ્વ. હસુબેન, સ્વ. ઇલાબેન તથા પ્રતિભાબેન રાઠોડના ભાઈ. સાયલા નિવાસી સ્વ. ઉજમસીભાઇ નાગરદાસ ગદ્યણીના જમાઈ. અવનીના સસરા. બેસણું તા. ૧૧/૯/૨૫ ગુરૂવારના ૪ થી ૬. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બન્ને પક્ષની સાદડી સાથે રાખેલ છે. શ્રી દેસાઈ સઈ સુતાર જ્ઞાતિની સમાજ ભવન પ્લોટ નં. ૧૫, અશોક ચકવર્તી રોડ નં. ૪, સ્વયંભુ ગણેશમંદિર સામે, અશોકનગર, કાંદિવલી પૂર્વ.

**સૌરાષ્ટ્ર સ. બ્રાહ્મણ**

મુળ વાઘણીયાના હાલ કાંદિવલી, સ્વ. મહેશકુમાર પ્રભુદાસ જોષી (ઉં.વ. ૬૦) તે કિરણકુમાર, મમતા, મનીશાના ભાઈ. હેરંભ, સીયાના કાકા, રવિવાર, તા. ૭/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે. નાઈટેન્ગલ સોસાયટી ચારકોપ, હિંદુસ્તાન નાકા, શ્રીજીકાર સુઝુકી કંપની સામે, કાંદિવલી વેસ્ટ.

**હડીયાણા ચોવીસી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સમાજ**

મૂળ ટંકારા હાલ બોરીવલી, શૈલેષ પ્રેમશંકર રાવલના ધર્મપત્ની સ્વ. હીનાબેન રાવલ (ઉં.વ. ૬૫) તે નિરંજનાબેન, જ્યોતિબેન, ભાવનાબેન અને જયંતભાઈના ભાઈના પત્ની. સ્વ. મંગળાબેન કાંતિલાલ ચાગલાણીના દીકરી. પ્રવીણભાઈ ચાગલાણી, રક્ષાબેન રાયચુરાના બેન. તા. ૮/૯/૨૫ને સોમવાર કૈલાશવાસ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૧/૯/૨૫ને ગુરુવાર ૫ થી ૭. દત્તાની ટાવર કોઓપરેટિવ સોસાયટી, મેકડોનાલ્ડ રેસ્ટોરન્ટની બાજુમાં, કોરા કેન્દ્ર, એસ વી રોડ, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

મુળ ગામ અમરેલી, હાલ ભાઈંદર, વિનોદરાય કાલિદાસ વોરા (ઉં.વ. ૭૬) તે સ્વ. અ.સૌ. ભામિનીબેનના પતિ. ભાવિન, હર્ષેન્દુ તથા પ્રિયાના પિતા. દેવાંગીબેન તથા કૃપાબેનના સસરા. હિરલ, વિધિ, ભૂમિ તથા વેનિશાના દાદા. ગામ અમરેલીવાળા સ્વ. કાલિદાસ તથા સ્વ. મંગળાબેન વોરાના સુપુત્ર. સ્વ. રસિકલાલ સ્વ. ભાગીરથીબેન સંઘવી તથા સ્વ. મંજુલાબેન ગાંધીના નાનાભાઈ. મંગળવાર, તા. ૯/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુકવાર, તા. ૧૨/૯/૨૫ના ૫ થી ૭. રાજસ્થાન હોલ, ૬૦ ફીટ રોડ, ભાઈંદર વેસ્ટ.

**વિસા સોરઠિયા વણિક**

બામણાસાવાળા હાલ કાંદીવલી, ગં. સ્વ. ચંપાબેન શાહ (ઉં.વ. ૮૩) તા. ૮/૯/૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રકાંત વલ્લભદાસ શાહના ધર્મપત્ની. કાંસાબળવાળા સ્વ. પાનાચંદ ગોરધનદાસના સુપુત્રી. સ્વ. ભાવેશભાઈ, અમિતભાઈ તથા પરાગભાઈના મમ્મી. જયશ્રીબેન અને જીજ્ઞાબેનના સાસુ. માનવ, ડિમ્પલ, રાહુલ, વત્સલના દાદી. નમ્રતાની દાદીસાસુ. પ્રાર્થનાસભા ૧૧/૯/૨૫ ગુરુવારના ૫ થી ૭. વૃંદાવન ગાર્ડન, તાજ કમ્પાઉન્ડ, ત્રિકમદાસ રોડ, સિનેમાક્સ સિનેમાની બાજુમાં, કાંદિવલી પશ્ચિમ.

**ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ - મુંબઈ**

ગામ ભાદ્રોડ હાલ ખારઘર નવી મુંબઈ, સ્વ. રમેશભાઈ ટાંક (ઉં.વ. ૭૧) રવિવાર, તા. ૭-૯-૨૫ના રામચરણ પામ્યા છે. તે ગોદાવરીબેન તથા સ્વ. કરશનભાઈ માધવજીભાઈ ટાંકના સુપુત્ર. ગં. સ્વ. ભાવનાબેનના પતિ. સ્વ. કાશીબેન તથા ખોડાભાઈ ઠાકરશીભાઈ ગોહિલના જમાઈ. રિકી અને વૃત્તિના પિતાશ્રી. પુત્રવધૂ ઉન્નતિ રિકી ટાંક, જયકિશન મિસ્ત્રીના સસરા. દિનેશભાઇ, નરોત્તમભાઈ, કાંતિભાઈ, કિશોરભાઈ, ગં. સ્વ. ભાનુબેન સુરેશભાઈ જેઠવા. ગં. સ્વ. કંચનબેન વલ્લભભાઈ ચોટલીયાના ભાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૧-૯-૨૫ના ૫ થી ૭. શ્રી શ્યામવાડી, ઓબેરોય મોલની સામે, દીંડોશી કોર્નર, મલાડ ઇસ્ટ.

**ઝાલાવાડી સઈ સુતાર જ્ઞાતિ**

મુંબઈ નિવાસી હાલ કાંદિવલી, હરગૌરીબેન રાઠોડ (ઉં.વ. ૮૦) જે સ્વ. અમૃતલાલ ભગવાનદાસ રાઠોડના પત્ની. ઈશ્વરભાઈના ભાભી. વિજય, અતુલ, ભરતના માતુશ્રી. ચેતના, મનીષા, યોગિતાના સાસુ. જેમીન, ઇશિતા, ઉદિત, જયના દાદી. સ્વ. ગોરધનભાઈ દુધાભાઈ ચૌહાણ અને સ્વ. રેવાબેનના પુત્રી. બન્ને પક્ષની સાદડી તા. ૧૧-૯-૨૫નાં ગુરૂવારે ૫:૦૦ થી ૭:૦૦. લૌકિક વ્યવહાર બંધ છે. શ્રી લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ, ૧ લે માળે શંકરમંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

# પારસી મરણ

પેસી કૈખશરૂ આરીયા તે કેતીના ધની. તે મરહુમો મેહરબઈ કૈખશરૂ આરીયાના દીકરા. તે હોરમઝ ને હુતોક્સીના પપા. તે કેશમીરા ને હોરમઝના સસરા. તે રેહાન ને હોરમઝના બપાવા. તે મરહુમો આલુ જાલેજર ગઝદરના જમાઈ. (ઉં. વ. ૮૯) રે. ઠે.: ૨/૩/૪ ડી/૨૦૪ મનીશ ગારદન કો. હા. સો. લિમિટેડ, જે. પી. રોડ, મનીશ નગર, ૪ બંગલો, અંધેરી (વે), મુંબઈ-૪૦૦૦૫૩. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૧-૯-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

કેતી ફરેદુન જાલનાવાલા તે મરહુમ ફરેદુનના ધન્યાની. તે મરહુમો સેરામાય દોરાબજી ગાંધીના દીકરી. તે પરવીન, બેપસી ને દારાના માતાજી. તે મીનુ બરજોર ને પઉરુના સાસુજી. તે મરહુમો રતી ને ફીરોઝના બહેન. તે કેશમીરા, પરસીસ, પીનાઝ ને નેવીલના મમઈજી. (ઉં. વ. ૧૦૬) રે. ઠે.: બી-૧૪ જેમફીના, ૬૩૦ ખરેઘાટ રોડ, પારસી કોલોની, દાદર (ઈ), મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૧-૯-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે સાલસેથ અગિયારીમાં છેજી.

કુમી જાલેજર મીસ્ત્રી તે મરહુમો ફેની જાલેજર મીસ્ત્રીના દીકરી. તે કેતી મીસ્ત્રી ને પરવેઝ મીસ્ત્રીના બહેન. તે પોરસ, કેકી, હોમી, જમશેદ, ગેવ, ઝરીર, ફરોખ તથા મરહુમ બજી, પેરીન, રુમીના કઝીનબ્રધર (ઉં. વ. ૮૦) રે. ઠે.: ૭૮૨, પટેલ બિલ્ડિંગ, એમ. જોશી રોડ, પારસી કોલોની, દાદર (ઈ), મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા: ૧૨-૯-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે નારીયલવાલા અગિયારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઉદ્ધવ - રાજ બે અઠવાડિયામાં બીજી વાર મળ્યાઃ ઠાકરે બંધુઓમાં ઐક્ય સધાશે?

મુંબઈઃ શિવસેના (યુબીટી) અને મનસે વચ્ચે ગઠબંધન થશે એવી ચાલી રહેલી અટકળો વચ્ચે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેની બે અઠવાડિયામાં બીજી વખત મુલાકાત થઈ છે.

બંને પક્ષના પ્રમુખ અને તેમના નેતાઓ વચ્ચે મુંબઈના દાદર વિસ્તારમાં સ્થિત રાજ ઠાકરેના નિવાસસ્થાન 'શિવતીર્થ'માં બેઠક યોજાઈ હતી. છેલ્લા બે અઠવાડિયામાં કઝીન ભાઈઓ બીજી વખત જાહેરમાં મળ્યા હતા. ગયા મહિને ગણેશ ઉત્સવના અવસર પર ઉદ્ધવે શિવતીર્થની મુલાકાત લીધી હતી.

મહારાષ્ટ્ર સરકારે મરાઠી ભાષીઓના પ્રભુત્વ ધરાવતા રાજ્યમાં હિન્દી લાદવાના આરોપો થયા ત્યારે ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે ત્રિભાષી ફોર્મ્યુલા અંગેના વિવાદાસ્પદ આદેશોને પાછા ખેંચ્યા બાદ બંને પાંચમી જુલાઈએ મુંબઈમાં તેમની જીતની ઉજવણી કરવા માટે એક મંચ પર ભેગા થયા હતા. જુલાઈના અંતમાં રાજે બાંદ્રામાં ઉદ્ધવ ઠાકરેના જન્મદિવસે 'માતોશ્રી'ની મુલાકાત લીધી હતી.

બંને પક્ષોએ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી સહિત આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી માટે ગઠબંધન કરવાના પૂરતા સંકેતો આપ્યા છે, પરંતુ હજી સુધી ઔપચારિક જોડાણની જાહેરાત કરી નથી. જો આવું થશે તો ભાજપ તેમનો મુખ્ય પ્રતિસ્પર્ધી હશે.

શિવસેના (યુબીટી) પ્રમુખ અને મનસે અધ્યક્ષ વચ્ચેની તાજેતરની બેઠક વિશે પૂછવામાં આવતા ભાજપના મુંબઈ એકમના પ્રમુખ અને ધારાસભ્ય અમિત સાટમે બુધવારે કહ્યું હતું કે નાગરિકો રાજકીય નેતાઓ વચ્ચેની પારિવારિક બેઠક કરતાં વિકાસ વિશે વધુ ચિંતિત છે. (પીટીઆઈ) ■

## ભિવંડીમાં પાણીના પ્લાન્ટમાં ક્લોરિન ગૅસ લીકેજ

થાણેઃ ભિવંડી શહેરમાં ભિવંડી, થાણે અને મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત પાણી પ્લાન્ટમાં ક્લોરિન ગેસ લીકેજ થવાથી પાંચ કર્મચારીઓ પ્રભાવિત થયા હતા. ત્રણ કર્મચારીઓને સારવાર બાદ રજા આપવામાં આવી હતી, જ્યારે બે કર્મચારીઓ હજુ પણ શ્વાસની તકલીફ માટે સારવાર હેઠળ હતા. તેમની સ્થિતિ હાલમાં સ્થિર છે. ફાયર વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, ટેમઘર વિસ્તારમાં સ્થિત સ્ટેમ વોટર ડિસ્ટ્રિબ્યુશન પ્લાન્ટમાં મંગળવારે રાત્રે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ લીકેજ થયું હતું. ■

# ચોવીસ કલાકમાં માફી માગો, નહીં તો જેલ જાઓઃ નિરુપમનું રાઉતને અલ્ટિમેટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પછી રાજકારણમાં એક નવો વિવાદ ઉભો થયો છે. શિવસેના (યુબીટી) પર નિશાન સાધવામાં આવ્યું હતું, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે એનડીએની જીતને પગલે ઈન્ડી ગઠબંધનના ઘણા સાંસદો ફૂટી ગયા હતા. આમાં, સંજય રાઉત પર સીધો જોરદાર હુમલો કરવામાં આવ્યો હતો.

સંજય નિરુપમે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ઈન્ડી ગઠબંધનના ૧૬ સાંસદોએ એનડીએને મત આપ્યો હતો, જેમાં યુબીટીના પાંચ સાંસદોનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, શરદ પવાર જૂથ પણ એનડીએ તરફ વળ્યું હતું, જેના કારણે ચૂંટણીમાં સી. પી. રાધાકૃષ્ણનને મોટી બહુમતી મળી હતી. આને કારણે, 'ઈવીએમ ખામી' અથવા 'મત ચોરી'ની વિપક્ષની બૂમો નિરર્થક સાબિત થઈ છે.

આ દરમિયાન, સંજય રાઉતના વિવાદાસ્પદ નિવેદનથી વાતાવરણ ગરમાયું હતું. જ્યારે તેમણે 'નેપાળમાં જે બન્યું તે ભારતમાં પણ થઈ શકે છે'ની તુલના કરી, ત્યારે સંજય નિરુપમ ગુસ્સે થયા હતા અને તેમણે જણાવ્યું હતું કે સંજય રાઉતે ૨૪ કલાકની અંદર માફી માંગવી જોઈએ, નહીં તો હું કાયદેસરની કાર્યવાહી કરીશ.

સંજય નિરૂપમે કહ્યું હતું કે રાઉતની ભાષા રાષ્ટ્ર વિરોધી અને રાજદ્રોહ સમાન છે.

શ્રીલંકા અને બાંગ્લાદેશ પછી, હવે નેપાળનો ઉલ્લેખ કરીને ભારતમાં હિંસા ભડકાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ભારતમાં ૭૦ થી ૭૫ લાખ નેપાળી રહે છે, તેઓ આપણા ભાઈઓ છે, પરંતુ જો તેઓ દેશને અસ્થિર કરવાનું કાવતરું ઘડવામાં આવે તો તેમણે પણ આનો વિરોધ કરવો પડશે, એમ તેમણે કહ્યું હતું. ■

# ગોરેગામમાં બિલ્ડિંગમાં મીટર બોક્સમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામ (પશ્ચિમ)માં એસ.વી. રોડ પર આવેલી ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની બિલ્ડિંગના મીટર બોક્સમાં બુધવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ એસ.વી. રોડ પર સિદ્ધી ગણેશ સોસાયટીમાં ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની શાલીમાર નામની બિલ્ડિંગ આવેલી છે. એસઆરએની આ બિલ્ડિંગમાં બુધવારે બપોરના લગભગ ૧૨.૧૫ વાગે ગ્રાઉન્ડ ફ્લોરમાં રહેલા મીટર બોક્સમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

લગભગ બે કલાકની ભારે જહેમત બાદ બપોરના આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં આગ પહેલા મીટરબોક્સમાં લાગી હતી અને ત્યારબાદ ફેલાઈ હતી. ■

# સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ખીલા ઠોકાયાના વીડિયોથી બબાલ

## પૂરપાટ દોડતી ત્રણ કારનાં ટાયર પંક્ચરઃ કોન્ટ્રાક્ટરને દંડ ફટકારાયો

છત્રપતિ સંભાજીનગરઃ છત્રપતિ સંભાજીનગર જિલ્લામાંથી પસાર થતાં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર દૌલતાબાદ પાસે ખીલા ઠોકવામાં આવ્યા હોવાથી કારનાં ટાયર પંક્ચર થઈ રહ્યાં હોવાના વીડિયોથી ખાસ્સી બબાલ થઈ હતી. મધરાતે લગભગ ત્રણ કારનાં ટાયર પંક્ચર થયાં હતાં, પરંતુ સદ્‌નસીબે આ ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. આ મુદ્દે એમએસઆરડીસીએ તાત્કાલિક પગલાં લઈ રસ્તાનું સમારકામ કરનારા કોન્ટ્રાક્ટરને દંડ ફટકાર્યો હતો.

દૌલતાબાદ નજીક સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ખીલા ઠોકવામાં આવ્યા હોવાથી વાહનોને નુકસાન થઈ રહ્યું હોવા સંદર્ભેના વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા હતા. કોઈએ ઇરાદાપૂર્વક આવું કર્યું હોવાનો આક્ષેપ પણ વાહનધારકોએ કર્યો હતો.

એક્સપ્રેસવે પર મુંબઈ જતા માર્ગ પરના ડામરના ૧૦થી ૧૨ ફૂટ લાંબા પટ્ટા પર ખીલા ઠોકવામાં આવ્યા હતા. કારનાં ટાયર પંક્ચર થતાં વાહનધારકોએ આ અંગે મંગળવારની મધરાતે એક વાગ્યાની આસપાસ પોલીસને જાણ કરી હતી.

માહિતી મળતાં જ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. રસ્તા પર અનેક ખીલા ઠોકાયા હોવાનું પોલીસની નજરે પડ્યું હતું. ખીલાને કારણે ત્રણ કારનાં ટાયર પંક્ચર થયાં હતાં, એમ દૌલતાબાદ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે રસ્તાનું સમારકામ હાથ ધરનારા કોન્ટ્રાક્ટરને બોલાવી લીધો હતો. કોન્ટ્રાક્ટરે કરેલી સ્પષ્ટતા પછી આ ઘટનામાં કોઈ કાવતરું ઘડાયું ન હોવાનો ખુલાસો થયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ સમારકામને પગલે ઘટનાસ્થળ નજીક બૅરિકેડ લગાવવામાં આવી હતી, પરંતુ અમુક વાહનો બૅરિકેડ તોડીને ત્યાંથી પસાર થયાં હતાં, જેને પગલે આ ઘટના બની હતી. બીજી બાજુ, મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એમએસઆરડીસી)ની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. આ બબાલ માટે કોન્ટ્રાક્ટરની બેદરકારી જવાબદાર હોવાનું ગણાવી એમએસઆરડીસીએ તેને દંડ ફટકાર્યો હતો. તે સ્થળે કોન્ટ્રાક્ટર દ્વારા ટ્રાફિક ડાઈવર્ઝન સંબંધી સુરક્ષાનાં યોગ્ય પગલાં લેવામાં ન આવ્યાં હોવાનું અધિકારીએ કહ્યું હતું.વાયરલ થયેલા એક વીડિયોમાં વાહનધારકે દાવો કર્યો હતો કે ચાર વાહન પંક્ચર થયાં હતાં. વાહનો કલાકે ૧૨૦ કિલોમીટરની ગતિથી પસાર થતાં હતાં અને માર્ગ પર કોઈ બૅરિકેડ પણ નહોતી. બીજા વીડિયોમાં શખસે જણાવ્યું હતું કે તેની કારનું ટાયર પંક્ચર થયા બાદ એક્સપ્રેસવે હેલ્પલાઈન પર તેણે વારંવાર સંપર્ક સાધ્યો હતો, પરંતુ ત્રણ કલાકથી વધુ સમય સુધી કોઈ મદદ પહોંચી નહોતી. (પીટીઆઈ) ■

### નાની તિરાડો ભરવા એલ્યુમિનિયમના નોઝલ્સ લગાવાયાનો એમએસઆરડીસીનો ખુલાસો

સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ખીલા ઠોકાયાના વીડિયો વાયરલ થતાં થયેલી બબાલને પગલે બુધવારની બપોરે એમએસઆરડીસી દ્વારા એક નિવેદન બહાર પાડી સ્પષ્ટતા કરાઈ હતી. એમએસઆરડીસીએ જણાવ્યું હતું કે મુંબઈ તરફના માર્ગ પરની પહેલી અને બીજી લેન પર નાની તિરાડો ભરવાનું કામ ચાલી રહ્યું હતું. અંદાજે ૧૫ મીટરના આ પટ્ટાનામાં જાળવણીનાં પગલાં લેવામાં આવ્યાં હતાં. જાળવણીના કામના ભાગ રૂપે રસ્તા પર એલ્યુમિનિયમના નોઝલ્સ ગોઠવવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે કામ ચાલુ હતું ત્યારે વાહનોને અન્યત્ર વાળવામાં આવ્યાં હતાં. મંગળવારની રાતે ૧૧.૩૦ વાગ્યે કામ પત્યા પછી અમુક વાહનો ત્યાંથી પસાર થયાં હતાં, જેને કારણે તેમનાં ટાયર પંક્ચર થયાં હતાં. મળસકે પાંચ વાગ્યે નોઝલ્સ કાઢી નાખવામાં આવ્યા હતા અને વાહનવ્યવહાર પૂર્વવત્ કરાયો હતો. (પીટીઆઈ) ■

# આઠ મહિનામાં ૧,૧૮૩ ખેડૂતોની આત્મહત્યા, પરંતુ સરકાર ચૂપ છે!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હવે એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે મહાયુતિ સરકારે ખેડૂતોની આત્મહત્યા રોકવા માટે આપેલા વચનો ધૂળમાં ફેરવાઈ ગયા છે. વિપક્ષે આરોપ લગાવ્યો છે કે છેલ્લા આઠ મહિનામાં ૧,૧૮૩ જેટલા ખેડૂતોએ આત્મહત્યા કરી છે, અને આ આંકડા સરકારની અસંવેદનશીલતાનું માપ માનવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ વિધાનસભા જૂથના નેતા વિજય વડેટ્ટીવારે આંકડા જાહેર કરીને સરકાર પર સીધો હુમલો કર્યો. તેમના મતે, પશ્ચિમ વિદર્ભમાં ૭૦૭ અને છત્રપતિ સંભાજીનગર વિભાગમાં ૫૨૦ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. મહાયુતિ સરકારે સત્તા માટે લોન માફીનું ખોટુ સપનું બતાવ્યું હતું. ખેડૂતોને મદદ કર્યા વિના માત્ર સમિતિઓની નિમણૂક કરવામાં આવી. પરંતુ ખેડૂતોને શું મળ્યું? ખાલી વચનોનો બોજ! એવી ટીકા તેમણે કરી હતી. ભારે વરસાદને કારણે પાક નાશ પામ્યા, બેંકો લોન આપી રહી નથી અને હતાશ ખેડૂતો આત્યંતિક પગલાં લઈ રહ્યા છે કારણ કે તેમની પાસે કંઈ બચ્યું નથી. જોકે, ખેડૂતો ગુસ્સે છે કારણ કે તેમને સરકાર તરફથી કોઈ નક્કર મદદ મળી નથી.

તે જ સમયે, કૃષિ વિભાગમાં ખેડૂતોના મુદ્દાઓની ચર્ચા કરવાને બદલે, કર્મચારીઓને ટેબ આપવા જોઈએ કે લેપટોપ? વિષય પર ચર્ચા થઈ રહી છે, જેને વિપક્ષે આશ્ચર્યજનક ગણાવ્યું હતું.

ખેડૂત મૃત્યુ પામે તો પણ સરકાર ઝઘડામાં વ્યસ્ત છે. આ સરકાર ગેંડાની ચામડીથી બનેલી છે, અને તે ખેડૂતોની આત્મહત્યા માટે સીધી જવાબદાર છે, એવા શબ્દોમાં વડેટ્ટીવારે આકરા પ્રહારો કર્યા હતા. ■

## પુણે બ્લાસ્ટ કેસ

# હાઇ કોર્ટે લાંબો જેલવાસ, વિલંબિત ખટલાનું કારણ આપીને આરોપીના જામીન મંજૂર કર્યા

મુંબઈઃ મુંબઈ હાઇ કોર્ટે ૨૦૧૨ના પુણે બ્લાસ્ટ કેસમાં લાંબો જેલવાસ તેમ જ વિલંબિત ખટલાનું કારણ આપીને આરોપીના જામીન મંજૂર કર્યા હતા.

જસ્ટિસ એ.એસ. ગડકરી અને રાજેશ પાટીલની ખંડપીઠે મંગળવારે જારી કરેલા આદેશમાં કહ્યું હતું કે અરજદાર ફારુક બાગવાન ૧૨ વર્ષથી વધુ સમયથી જેલમાં છે અને નજીકના ભવિષ્યમાં ટ્રાયલ પૂર્ણ થવાની શક્યતા ઓછી છે.

હાલમાં ટ્રાયલ કોર્ટ દ્વારા ૧૭૦ સાક્ષીદારમાંથી માત્ર ૨૭ સાક્ષીદારને તપાસવામાં આવ્યા છે, એવી હાઇ કોર્ટે નોંધ કરી હતી. વધુમાં હાલના ગુના સિવાય બાગવાનનો અન્ય કોઇ ગુનાહિત ભૂતકાળ નથી, એમ કોર્ટે જણાવ્યું હતું.

'એ સ્પષ્ટ છે કે નજીકના ભવિષ્યમાં ટ્રાયલ પૂર્ણ થવાની શક્યતા ઓછી લાગે છે. હવે કાયદાનો સુસ્થાપિત સિદ્ધાંત છે કે ઝડપી ટ્રાયલનો આરોપીનો અધિકાર ભારતના બંધારણની કલમ ૨૧ હેઠળ મૂળભૂત અધિકાર છે.' ખંડપીઠે એક લાખ રૂપિયાના પર્સનલ બોન્ડ પર બાગવાનના જામીન મંજૂર કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે પુણેના વ્યસ્ત જંગલી મહારાજ રોડ પર ૧ ઑગસ્ટ, ૨૦૧૨ના રોજ ઓછી તીવ્રતાના પાંચ બ્લાસ્ટ થયા હતા, જેમાં એક વ્યક્તિ ઘાયલ થઇ હતી.

બાગવાનની સંડોવણી બદલ ડિસેમ્બર, ૨૦૧૨માં મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવોડે (એટીએસ) તેની ધરપકડ કરી હતી.

તપાસકર્તા પક્ષનો કેસ એ છે કે જૂન, ૨૦૧૨માં પુણેની યેરવડા જેલમાં ઇન્ડિયન મુજાહિદ્દીનના સભ્ય કતીલ સિદ્દીકીની થયેલી હત્યાનો બદલો લેવા માટે આ બ્લાસ્ટ કરાયા હતા.

બ્લાસ્ટમાં ભૂમિકા બદલ એટીએસે કુલ નવ જણની ધરપકડ કરી હતી. બાગવાને મોબાઇલ માટે સિમકાર્ડ મેળવવા માટે પોતાના કમ્પ્યુટરમાં બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હતા, જેનો ઉપયોગ સહ-આરોપીઓએ કર્યો હતો અને તેની દુકાનમાં કાવતરું ઘડવામાં આવ્યું હતું. (પીટીઆઇ)

# થિયેટરમાં હોરર ફિલ્મનું સસ્પેન્સ જાહેર ન કરવાનું કહેનારા સોફ્ટવેર એન્જિનિયર પર હુમલો

પુણેઃ પિંપરી-ચિંચવડના થિયેટરમાં પત્ની સાથે હોરર ફિલ્મ 'કોન્જુરિંગ-લાસ્ટ રાઇટ્સ' જોવા માટે આવેલા શખસને ફિલ્મનું સસ્પેન્સ જાહેર ન કરવાનું કહેનારા ૨૯ વર્ષના સોફ્ટવેર એન્જિનિયર પર હુમલો કરવામાં આવ્યો હતો.

ચિંચવડ વિસ્તારમાં આવેલા મલ્ટિપ્લેક્સમાં ગયા સપ્તાહે ફરિયાદી તેની પત્ની સાથે ફિલ્મ જોવા આવ્યો ત્યારે આ ઘટના બની હતી.

આરોપી તેની પત્ની સાથે થિયેટરમાં પાછળની હરોળમાં બેઠો હતો અને તે પત્નીને મોટેથી ફિલ્મની વાર્તા સંભળાવી રહ્યો હતો.

ફરિયાદીએ આરોપીને ફિલ્મનું સસ્પેન્સ જાહેર ન કરવા અને થિયેટરમાં હાજર અન્ય લોકોને ડિસ્ટર્બ ન કરવાનું કહેતાં તે રોષે ભરાયો હતો.

તે ફરિયાદીને ગાળો ભાંડવા લાગ્યો હતો અને બાદમાં તેના પર હુમલો કર્યો હતો. ફરિયાદીની પત્ની વચ્ચે પડતાં તેના પર પણ હુમલો કરવામાં આવ્યો હતો.

હુમલામાં ઘાયલ થયેલા ફરિયાદીએ બાદમાં ચિંચવડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે આરોપી વિરુદ્ધ ગુનો દાખળ કરવામાં આવ્યો હતો.

આરોપી પિંપરીના વલ્લભનગરમાં રહેતો હોવાનું તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું.

આ કેસની તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી. ■

# સરકારી નોકરી અપાવવાની લાલચે અનેક યુવાનને છેતરનારો પકડાયો

## મંત્રાલયમાં ઈન્ટરવ્યૂ અને સરકારી હૉસ્પિટલમાં તબીબી તપાસ પણ કરાવાઈ

નાગપુરઃ મંત્રાલયમાં જુનિયર ક્લર્કની નોકરીની ખાતરી આપી અનેક યુવાનો પાસેથી લાખો રૂપિયા પડાવી કથિત છેતરપિંડી કરનારા આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. આરોપીઓએ નોકરી ઇચ્છુકોના મંત્રાલયની અંદર ઈન્ટરવ્યૂ પણ લીધા હતા, જે બોગસ હોવાનું જણાયું હતું. આરોપીના છ સાથીની પોલીસ શોધ ચલાવી રહી છે. ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ લૉરેન્સ હેન્રી (૪૫) તરીકે થઈ હતી. મ્હાલગીનગરમાં રહેતા હેન્રી અને તેના સાથીઓએ ફરિયાદી રાહુલ તાયડેને સરકારી નોકરીની ખાતરી આપી હતી. નોકરીને બહાને તેની પાસેથી સમયાંતરે નાણાં પડાવવામાં આવ્યાં હતાં.

નોકરીના નિયમો અનુસાર રાહુલને તબીબી તપાસ માટે જે. જે. હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. એ સિવાય મંત્રાલયમાં આવેલી એક કેબિનમાં તેનો ઈન્ટરવ્યૂ પણ લેવામાં આવ્યો હતો. એ કૅબિન બહાર 'શિલ્પા ઉદાપુરે'ની નેમપ્લૅટ લાગેલી હતી. ફરિયાદ અનુસાર રાહુલને બનાવટી આઈ કાર્ડ આપવામાં આવ્યું હતું, જેની મદદથી તે નોકરી માટે મંત્રાલયમાં પ્રવેશ મેળવી શકે. જોકે તેને એપોઈન્ટમેન્ટ લેટર આપવામાં આવ્યો નહોતો, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

જોકે બાદમાં તેને બોગસ ઈન્ટરવ્યૂ અને અન્ય ખોટી પ્રક્રિયાની જાણ થઈ હતી. પોતે છેતરાયો હોવાનું માલૂમ પડતાં તેણે હુડકેશ્વર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને પગલે પોલીસે હેન્રીની ધરપકડ કરી હતી.

રાહુલે દાવો કર્યો હતો કે આ ટોળકીએ રાજ્યમાં નોકરી ઇચ્છુક ૨૦૦થી વધુ લોકોને છેતરીને નાણાં પડાવ્યાં હતાં, જેની હુડકેશ્વર, ચંદ્રપુર અને વર્ધામાં પોલીસ ફરિયાદો નોંધાઈ છે. (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્ર વિદેશી ઉદ્યોગોને કુશળ કારીગરો પૂરા પાડશેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્ર વિદેશી ઉદ્યોગોને કુશળ માનવબળ પૂરું પાડતું અગ્રણી રાજ્ય રહેશે એમ બુધવારે જણાવી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઉમેર્યું હતું કે ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમ વધુ અસરકારક રીતે અમલમાં મુકાય એ માટે તેમની સરકાર મજબૂત વ્યવસ્થા ઊભી કરશે. સ્કિલ, એમ્પ્લોયમેન્ટ, એન્ટરપ્રિન્યોરશિપ અને ઇનોવેશન ડિપાર્ટમેન્ટની સમીક્ષા કરતા ફડણવીસે કહ્યું કે, તાલીમ અભ્યાસક્રમ વૈશ્વિક માગ સાથે સુસંગત હોવો જોઈએ.

મુખ્ય પ્રધાને અધિકારીઓને જણાવ્યું હતું કે 'સરકારી અને પ્રાઈવેટ એમ બંને આઈટીઆઈ (ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ) માટે એક મજબૂત વ્યવસ્થા હોવી જોઈએ. ટૂંકા ગાળાના અભ્યાસક્રમોનો વધુ અસરકારક રીતે અમલ કરવો આવશ્યક છે. રોજગાર સર્જન માટે હસ્તાક્ષર કરાયેલા તમામ એમઓયુની સીએમ ડેશબોર્ડ દ્વારા સમીક્ષા થવી જોઈએ. સરકારી આઈટીઆઈને વિશ્વ કક્ષાનાં કૌશલ્ય કેન્દ્રોમાં અપગ્રેડ કરવી જોઈએ અને પ્રવેશથી લઈને અભ્યાસક્રમ પૂર્ણ થવા સુધીની તાલીમાર્થીની સફરના દરેક તબક્કાનું ડિજિટલી મોનિટરિંગ થવું જોઈએ. 'મિત્ર' જેવી નિષ્ણાત સંસ્થાઓનું માર્ગદર્શન પણ લેવું જોઇએ.'

# નેપાળમાં ફસાયેલા મહારાષ્ટ્રના પ્રવાસીઓને પરત લાવવાની પ્રાથમિકતાઃ અજિત પવાર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર હિંસાગ્રસ્ત નેપાળમાં ફસાયેલા રાજ્યના પ્રવાસીઓને સુરક્ષિત પરત લાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે, એમ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

રાજ્ય સરકાર વિદેશ મંત્રાલય અને નવી દિલ્હીમાં મહારાષ્ટ્ર સદન દ્વારા કાઠમંડુમાં ભારતીય દૂતાવાસ સાથે સતત સંપર્કમાં છે જેથી ફસાયેલા પ્રવાસીઓને જરૂરી સહાય પૂરી પાડી શકાય અને તેમના સુરક્ષિત પરત ફરવાની ખાતરી કરી શકાય. અમારી ટોચની પ્રાથમિકતા મહારાષ્ટ્રના દરેક પ્રવાસીને સુરક્ષિત રીતે ઘરે પાછા લાવવાની છે. કોઈએ ગભરાવાની જરૂર નથી, એમ તેમણે ખાતરી આપી હતી. પ્રાથમિક માહિતી મુજબ, થાણે, પુણે, મુંબઈ, લાતુર અને કોલ્હાપુર જિલ્લાના લગભગ ૧૦૦ પ્રવાસીઓ હાલમાં નેપાળમાં ફસાયેલા છે.

# અટલ સેતુ પર ટ્રક સાથે કાર ટકરાઈ

## મહિલા પોલીસ ઈન્સ્પેક્ટરના પતિનું મૃત્યુ

મુંબઈઃ અટલ સેતુ પર પર ટ્રક સાથે કાર ટકરાતાં મહિલા પોલીસ ઇન્સ્પેક્ટરના ૩૬ વર્ષના પતિનું મૃત્યુ થયું હતું.

શિવડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સોમવારે રાતના આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા શખસની ઓળખ સચિન હનુમંત ખાડે તરીકે થઇ હતી.

સચિન ખાડેનાં લગ્ન આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર સ્વપ્નાલી જયભાય સાથે થયાં હતાં, જે શિવડી પોલીસ સ્ટેશનમાં કાર્યરત છે.

સચિન ખાડે ખોપોલી વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીમાં કામ કરતો હતો અને તે સોમવારે રાતે ઓફિસમાંથી નીકળીને કારમાં શિવડી તરફ જઇ રહ્યો હતો.

દરમિયાન અટલ સેતુ પર ડ્રાઇવરે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે કાર આગળ જઇ રહેલી ટ્રક સાથે ટકરાઇ હતી.

આ અકસ્માતમાં સચિન ખાડેને ગંભીર ઇજા પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું, જ્યારે ડ્રાઇવર બચી ગયો હતો અને તે ઘટનાસ્થળેથી પલાયન થઇ ગયો હતો. બાદમાં ડ્રાઇવરને પકડી પાડવામાં આવ્યો હતો.

ડ્રાઇવર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# નવી મુંબઈ ઍરપોર્ટ નવું પ્રવેશદ્વાર બનતાં આ વિસ્તારની કાયાપલટ થશે

મુંબઈઃ ભારતનું નાણાકીય પાવરહાઉસ મુંબઈ, નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક (NMIA) સાથે વધુ ઉંચાઈ પર પહોંચવા માટે તૈયાર છે. સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં તેનું ઉદ્‌ઘાટન થવાનું છે. પનવેલ નજીક ઉલ્વેમાં સ્થિત આ અત્યાધુનિક ઉડ્ડયન કેન્દ્ર, ૧,૧૬૦ હેક્ટરમાં ફેલાયેલું છે. મુંબઈને બહુવિધ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સાથે વૈશ્વિક શહેરમાં રૂપાંતરિત કરવા માટે તૈયાર NMIA ન્યૂ યોર્ક, લંડન અને દુબઈની હરોળમાં જોડાશે. વાર્ષિક ૯૦ મિલિયન મુસાફરોને સંભાળવાની ક્ષમતા સાથે NMIA બીજા એરપોર્ટ્સ કરતાં બહેતર છે. તે મુંબઈના ભૂગોળને ફરીથી સંતુલિત કરવા અને સમગ્ર મહારાષ્ટ્રમાં વિકાસને વેગ આપવા તૈયાર છે.

મુંબઈ-પુણે એક્સપ્રેસવે, ગોવા હાઇવે અને JNPT બંદરની નજીક વ્યૂહાત્મક રીતે સ્થિત NMIA માત્ર ખારઘર અને ઉલ્વે જેવા નવી મુંબઈના વધતા ટાઉનશિપને જ નહીં પરંતુ થાણે, પુણે, રાયગઢ અને કોંકણ પટ્ટાને પણ સેવા આપે છે. આ સ્થિતિ સાંતાક્રુઝ-અંધેરીમાં છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક (CSMIA) પરનું દબાણ ઓછું કરવાની સાથે પશ્ચિમ મહારાષ્ટ્રમાં આર્થિક વિસ્તરણને વેગ આપે છે. મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક (અટલ સેતુ), જે શિવરીથી ન્હાવા શેવાને જોડતી ૨૨ કિલોમીટરની અજાયબી છે, તે દક્ષિણ મુંબઈથી ઉલ્વે સુધીના મુસાફરીના સમયને માત્ર ૨૦ મિનિટ સુધી ઘટાડી દે છે, જેનાથી NMIA શહેરના મુખ્ય ભાગનો વિસ્તાર અનુભવે છે.

NMIAના વિઝનમાં સુલભતા ચાવીરૂપ છે. સાયન-પનવેલ હાઇવે અને પૂર્વીય ફ્રીવે સરળ માર્ગ જોડાણ સુનિશ્ચિત કરે છે, જ્યારે CIDCO દ્વારા ૯ કિલોમીટરનો એલિવેટેડ કોરિડોર ટ્રાફિકને સીધા ટર્મિનલ સુધી પહોંચાડશે. MSRTC થાણે, દાદર, વાશી અને પનવેલથી ઇલેક્ટ્રિક એરપોર્ટ એક્સપ્રેસ બસોની યોજના ધરાવે અને ઉલ્વે તરફ મેટ્રોની લાઇન ૧ એક્સટેન્શન પ્રાદેશિક જોડાણને વધારશે. પનવેલની પરિવહન કેન્દ્ર તરીકે ફરીથી કલ્પના કરવામાં આવી રહી છે. તે પુણે અથવા કોંકણથી ટ્રેનો અને શટલ દ્વારા મુસાફરો માટે સીમલેસ ટ્રાન્સફરને સક્ષમ બનાવે છે.

NMIAની ૨૦ મિલિયન મુસાફરોની ક્ષમતા સાથે અમદાવાદ-મુંબઈ રૂટ પર વિલંબમાં ઘટાડો થશે તેમજ બિઝનેસ જેટ સ્થાનાંતરણથી ગુજરાતના પ્રવાસીઓને નોંધપાત્ર ફાયદો થશે.લોજિસ્ટિક્સ ઉપરાંત NMIA એન્જિનિયરિંગ ઉત્કૃષ્ટતાનો પણ નમૂનો છે, જેમાં ટનલ, ટેકરીઓ અને ભૂપ્રદેશને નવો આકાર મળ્યો છે. ■

# મરાઠા સમુદાયને ઓબીસી કરતા વધુ ભંડોળઃ ભુજબળ

મુંબઈઃ સરકારે કુણબી નોંધણી અંગે હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવા માટે જીઆર બહાર પાડ્યા બાદ છગન ભુજબળ આક્રમક બન્યા હતા. છગન ભુજબળે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે કુણબી નોંધણી અંગે જારી કરાયેલ જીઆર ઓબીસીને અસર થશે. તે જ સમયે, એવા પણ અહેવાલ છે કે ભુજબળે જીઆર બહાર પાડવા બદલ અન્ય પછાત વર્ગ વિભાગના અધિકારીઓને ઠપકો આપ્યો હતો.મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેના નેતૃત્વમાં મંત્રાલય ખાતે ઓબીસી કેબિનેટ સબ-કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં છગન ભુજબળે મરાઠા અનામતના કુણબી નોંધણી અંગે જારી કરાયેલા જીઆરમાં કેટલાક શબ્દો સામે વાંધો ઉઠાવ્યો હતો.છેલ્લાં કેટલાક વર્ષોમાં મરાઠા સમુદાયને મોટી માત્રામાં ભંડોળ આપવામાં આવ્યું છે. ભુજબળે દુઃખ વ્યક્ત કર્યું કે ઓબીસીમાં ઘણી જાતિઓ હોવા છતાં, ભંડોળ હજુ પણ ઓછું આપવામાં આવી રહ્યું છે.ભુજબળે એવો મત પણ વ્યક્ત કર્યો હતો કે ઓબીસીને ઓછા ભંડોળ આપીને સરકાર અને નાણાં વિભાગને ટેકો આપી શકાય નહીં. છેલ્લાં ૨૦ વર્ષમાં ઓબીસીને ખૂબ જ ઓછું ભંડોળ મળ્યું છે, જ્યારે મરાઠા સમુદાયને છેલ્લાં બે-ત્રણ વર્ષમાં મોટું ભંડોળ મળ્યું છે. વધુમાં તેમણે ચેતવણી આપતાં કહ્યું કે, હવે જીઆર જારી થઈ ગયો છે, તેથી આપણે બધા લાચાર છીએ. પરંતુ જો અહીંથી મુદ્દો ઉકેલાશે નહીં, તો અમે સીધા કોર્ટમાં જઈશું અને નિર્ણય લઈશું. ■

## અનામતના મુદ્દે ઓબીસી સાથે અન્યાય નહીં થાયઃ પંકજા મુંડે

મુંબઈઃ મરાઠા અનામત મુદ્દે અન્ય પછાત વર્ગ (ઓબીસી) સમુદાય દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓની રાજ્ય સરકાર અવગણના નહીં કરે એવી સ્પષ્ટતા મહારાષ્ટ્રનાં પ્રધાન પંકજા મુંડેએ કરી હતી.

રાજ્યના સામાજિક ન્યાય અને વિશેષ સહાય વિભાગે હૈદરાબાદ ગેઝેટિયરના અમલીકરણ અંગે સરકારી ઠરાવ (જીઆર) જારી કર્યા પછી ઓબીસીમાં બેચેની જોવા મળી છે. બેઠક બાદ સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં મુંડેએ જણાવ્યું હતું કે 'મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યમાં ઓબીસી સમુદાયના હિતોની રક્ષા કરતા નિર્ણયો કાયમ લીધા છે. (પીટીઆઈ)■

# ભારત નવ વિકેટે જીત્યુંઃ સ્પિનર્સના તરખાટ પછી અભિષેક-ગિલની આતશબાજી





**નવી ઓપનિંગ જોડી જામીઃ** ઓપનર્સ અભિષેક શર્મા અને શુભમન ગિલ વચ્ચે ૪૮ રનની ૨૩ બૉલમાં ૪૮ રનની ભાગીદારી થઈ હતી. એમાં ૧૫ રન ગિલના અને 30 રન અભિષેકના હતા. એ પહેલાં, કુલદીપે એક વિકેટ લેતાં જ અક્ષરે તેને ઊંચકી લીધો હતો. (એપી/પીટીઆઇ)

દુબઈઃ ટી-૨૦ એશિયા કપમાં ભારતે યુએઇને ૫૭ રનમાં આઉટ કર્યા બાદ ૫૮ રનનો લક્ષ્યાંક (૯૩ બૉલ બાકી રાખીને) એક વિકેટના ભોગે મેળવી લીધો હતો. ભારતે માત્ર ૪.૩ ઓવરમાં એક વિકેટના ભોગે ૬૦ રન બનાવીને વિજય મેળવવાની સાથે બે પૉઇન્ટ પણ હાંસલ કરી લીધા હતા.

અભિષેક શર્મા (૩૦ રન, ૧૬ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) અને શુભમન ગિલ (૨૦ અણનમ, નવ બૉલ, એક સિક્સર, બે ફોર) વચ્ચે ૪૮ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. ભારતીય સ્પિનર્સના તરખાટ બાદ બન્ને ઓપનરે ભારતનો વિજય વધુ આસાન બનાવ્યો હતો.

જોકે પેસ બોલર જુનૈદ સિદ્દિકે ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેકની વિકેટ લીધી હતી. તે મિડ-ઑન પરથી દોડી આવેલા હૈદર અલીના હાથમાં કૅચઆઉટ થયો હતો.

એ પહેલાં, યુએઇની ટીમ ભારતીય સ્પિનર્સ સામે ઝૂકી ગઈ હતી. કુલદીપે ચાર તેમ જ અક્ષર અને વરુણે એક-એક વિકેટ લીધી હતી. પેસ બોલિંગ ઑલરાઉન્ડર શિવમ દુબેએ ત્રણ અને બુમરાહે એક વિકેટ લીધી હતી. એક તબક્કે કુલદીપે એક ઓવરમાં ત્રણ વિકેટ મેળવી હતી. યુએઇના અલીશાન શરાફુના બાવીસ રન ટીમમાં હાઈએસ્ટ હતા.

### આગામી મુકાબલાઃ

**ગુરુવારેઃ** બંગ્લાદેશ વિરુદ્ધ હૉંગ કૉંગ (રાત્રે ૮.૦૦ વાગ્યાથી)

**શુક્રવારેઃ** પાકિસ્તાન વિરુદ્ધ ઓમાન (રાત્રે ૮.૦૦ વાગ્યાથી)



**જૂનો ને જાણીતો ઑલરાઉન્ડર નવી હૅર-સ્ટાઈલમાંઃ** હાર્દિક પંડ્યા ફૂટબૉલ ખેલાડીઓમાં સામાન્ય રીતે જોવા મળતી હોય એવી અનોખી ફન્કી હેર-સ્ટાઇલમાં ગઈ કાલે દુબઈના મેદાન પર જોવા મળ્યો હતો.

### બન્ને દેશની પ્લેઈંગ-ઈલેવન કેવી હતી?

**ભારતઃ** સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), અભિષેક શર્મા, સંજુ સૅમસન (વિકેટકીપર), તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી અને જસપ્રીત બુમરાહ.

**યુએઇઃ** મુહમ્મદ વસીમ (કૅપ્ટન), રાહુલ ચોપરા (વિકેટકીપર), મુહમ્મદ ઝોહૈબ, આસિફ ખાન, અલીશાન શરાફુ, ધ્રુવ પરાશર, હર્ષિત કૌશિક, હૈદર અલી, મુહમ્મદ રોહિદ, જુનૈદ સિદ્દિક અને સિમરનજીત સિંહ. ■

# કુલદીપના કાંડાની કરામત સાથે શ્રીગણેશ





દુબઈમાં યુએઈ સામે સૌથી વધુ ચાર વિકેટ મેળવીને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લેનાર કુલદીપ યાદવ (એકદમ ઉપર) ગઈ કાલનો સુપરસ્ટાર હતો. એક તબક્કે તેણે પોતાની એક ઓવરમાં પહેલા, ચોથા અને છઠ્ઠા બૉલમાં વિકેટ મેળવી હતી. કુલદીપે ફક્ત સાત રનમાં ચાર વિકેટ અને શિવમ દુબેએ ચાર રનમાં ત્રણ વિકેટ મેળવી હતી. યુએઈના ઓપનર અલીશાન શરાફુને બુમરાહે ક્લીન બોલ્ડ કર્યો હતો. હવે ભારતની આગામી મૅચ રવિવારે પાકિસ્તાન સામે (રાત્રે ૮.00 વાગ્યાથી) રમાશે. (એપી/પીટીઆઇ)

# રાજકીય ક્રાંતિનો ભોગ બનેલું નેપાળ કેમ એશિયા કપમાં નથી? નેપાળી ક્રિકેટરોને કેટલો પગાર મળે છે?

મુંબઈઃ એક તરફ ભારતના ટચૂકડા પાડોશી દેશ નેપાળમાં સરકારવિરોધી વ્યાપક હિંસક દેખાવો તેમ જ ટોચના નેતાઓના નિવાસસ્થાનો તથા રાજકીય પક્ષોની ઑફિસો, સંસદ પર હુમલો થવાના બનાવોને પગલે નેપાળના લશ્કરે આખા દેશ પર કબજો મેળવી લીધો છે ત્યાં બીજી બાજુ એશિયન ક્રિકેટમાં ચર્ચા થઈ રહી છે કે નેપાળની ક્રિકેટ ટીમ કેમ યુએઇમાં શરૂ થઈ ગયેલા ટી-૨૦ના એશિયા કપમાં કેમ નથી? એ ઉપરાંત, નેપાળના રાષ્ટ્રીય ક્રિકેટરોને તેમના ક્રિકેટ બોર્ડ તરફથી મહિને કેટલો પગાર આપવામાં આવે છે અને તેમને મૅચ-ફી તરીકે કેટલા રૂપિયા મળે છે એની પણ ચર્ચા થઈ રહી છે.

એશિયા કપમાં આઠ દેશ (ભારત, શ્રીલંકા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ, હૉંગ કૉંગ, ઓમાન અને યુએઇ) ભાગ લઈ રહ્યા છે. જોકે એમાં નેપાળનો સમાવેશ નથી. ૨૦૨૩માં વન-ડે ફૉર્મેટમાં એશિયા કપ રમાયો ત્યારે કુલ છ ટીમ રમી હોવા છતાં એમાં નેપાળની ટીમ સામેલ હતી. જોકે આ વખતે ટી-૨૦ના એશિયા કપમાં આઠ ટીમ હોવા છતાં તેઓ ક્વૉલિફાય નથી થઈ શક્યા.

### કેવી રીતે નેપાળનું પત્તું કપાયું?

ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન એશિયાની ટોચની પાંચ ટીમ છે અને એશિયા કપમાં એમને સીધો પ્રવેશ મળ્યો છે. બાકીની ત્રણ ટીમ (યુએઇ, ઓમાન, હૉંગ કૉંગ)ને ૨૦૨૪માં આયોજિત એસીસી પ્રીમિયર કપના પરિણામોને આધારે આ વખતના એશિયા કપમાં આવવા મળ્યું છે. એ ક્વૉલિફાઇંગ સ્પર્ધામાં નેપાળની ટીમ ગ્રૂપ 'એ'માં ચારેય લીગ મૅચ જીતીને સેમિ ફાઇનલમાં પહોંચી હતી. જોકે સેમિમાં નેપાળનો યુએઇ સામેના રોમાંચક મુકાબલામાં છ વિકેટે પરાજય થયો હતો. બીજી સેમિમાં ઓમાને હૉંગ કૉંગને હરાવ્યું હતું. યુએઈ ચૅમ્પિયન અને ઓમાન રનર-અપ હોવાથી એ બન્ને ટીમ એશિયા કપ માટે ક્વૉલિફાય થઈ ગઈ હતી. ત્રીજા સ્થાન માટેની પ્લે-ઑફ મૅચમાં હૉંગ કૉંગે નેપાળ સામેના થ્રિલરમાં ૧૪૦ રનનો લક્ષ્યાંક ચાર વિકેટ તથા ત્રણ બૉલ બાકી રાખીને સફળતાથી ચેઝ કરીને એશિયા કપમાં જગ્યા મેળવી લીધી હતી. એ રીતે, નેપાળની લોકપ્રિય ટીમ ક્વૉલિફાય નહોતી થઈ શકી.



### નેપાળ રૅન્કિંગમાં આગળ છે છતાં...

આઇસીસી ટી-૨૦ રૅન્કિંગ મુજબ નેપાળ ૧૮મા ક્રમે, ઓમાન ૨૦મા ક્રમે અને હૉંગ કૉંગ છેક ૨૪મા ક્રમે હોવા છતાં નેપાળને એશિયા કપમાં પ્રવેશ નથી મળી શક્યો.

### નેપાળના ક્રિકેટરોનું મહિને વેતન કેટલું

નેપાળમાં ક્રિકેટની રમત ખૂબ લોકપ્રિય છે. નેપાળના કેટલાક ક્રિકેટરોનું દુનિયાભરમાં સારું નામ છે અને અમુક ખેલાડીઓ આઇપીએલમાં રમી ચૂક્યા છે. નેપાળના ક્રિકેટ બૉર્ડે આ વર્ષે દેશના ૩૩ ખેલાડીઓ સાથે સેન્ટ્રલ કૉન્ટ્રૅક્ટ કર્યા છે. તેમને ચાર ગ્રૂપમાં વહેંચ્યા છે. ગ્રેડ 'એ'ના પ્રત્યેક પ્લેયરને મહિને એક લાખ નેપાળી રૂપિયા (ભારતીય ચલણમાં અંદાજે ૬૩ હજાર રૂપિયા)નો પગાર મળે છે. ગ્રેડ 'બી'ના દરેક ખેલાડીને ૭૫,૦૦૦ નેપાળી રૂપિયા (આશરે ૪૭ ભારતીય રૂપિયા), ગ્રેડ 'સી'ના પ્રત્યેક પ્લેયરને ૫૫,૦૦૦ નેપાળી રૂપિયા (આશરે ૩૫ ભારતીય રૂપિયા) અને ગ્રેડ 'ડી'ના દરેક ખેલાડીને ૩૫,૦૦૦ નેપાળી રૂપિયા (આશરે ૨૧,૯૦૦ ભારતીય રૂપિયા) મળે છે. નેપાળના ક્રિકેટરને ૫,૦૦૦થી ૧૦,૦૦૦ રૂપિયાની મૅચ-ફી પણ અપાય છે.

જોકે ખાસ કરીને ભારત તેમ જ બીજા ઘણા દેશોના ક્રિકેટરોની તુલનામાં નેપાળના ખેલાડીઓનું વેતન ઘણું ઓછું છે.

### નેપાળના જાણીતા ખેલાડીઓ

નેપાળના રાષ્ટ્રીય ક્રિકેટરોમાંથી કૅપ્ટન રોહિત પૌડેલ, દીપેન્દ્ર સિંહ એઇરી, સંદીપ લમીછાને અને આશિફ શેખ સહિત પાંચ ખેલાડી ગ્રેડ 'એ'માં સામેલ છે અને તેમને મહિને એક લાખ નેપાળી રૂપિયા (ભારતીય ચલણમાં અંદાજે ૬૩ હજાર રૂપિયા)નો પગાર મળે છે. ■

# શૉકિંગઃ ભારત-પાકિસ્તાન મૅચની અમુક ટિકિટો હજી નથી વેચાઈ

નવી દિલ્હીઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે મૅચ રમાવાની હોવાની જાહેરાત થાય એ સાથે અસંખ્ય ક્રિકેટપ્રેમીઓ એ મુકાબલામાં ટિકિટો પોતાના કબજામાં લેવા કોઈ મોકો નથી છોડતા અને જોતજોતામાં બધી ટિકિટો વેચાઈ જાય છે, પરંતુ યુએઇમાં ચાલી રહેલા ટી-૨૦ના એશિયા કપમાં ભારત-પાકિસ્તાન મૅચને માંડ ત્રણ દિવસ બાકી છે ત્યારે આ હાઈ-વૉલ્ટેજ મુકાબલાની કેટલીક ટિકિટો હજી વેચાઈ નથી.

ભારત-પાકિસ્તાન મૅચ રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે દુબઈમાં ભારતીય સમય મુજબ રાત્રે ૮.૦૦ વાગ્યાથી રમાવાની છે. ભારતની ત્રીજી લીગ મૅચ ઓમાન સામે રમાશે. પાકિસ્તાન સામે ભારતીય ટીમે ન રમવું જોઈએ એવી માગણી ભારતમાં થઈ રહી છે.

ભારત-પાકિસ્તાન વચ્ચેની મૅચની ટિકિટો તો ચપોચપ વેચાઈ જતી હોય છે, આ મૅચ વખતે ક્રાઉડને કાબૂમાં રાખવાનું કામ આયોજકો માટે માથાના દુખાવો સમાન થઈ જાય છે. જોકે રવિવારની મૅચની અમુક ટિકિટો ઊંચા ભાવની હોવાથી એ બધી ટિકિટો હજી વેચાઈ નથી એવું બુધવારે સાંજે મળેલા અહેવાલમાં જણાવાયું હતું.

### ઊંચા ભાવની ટિકિટઃ

**વીઆઇપી સ્વિટ ઈસ્ટઃ** (બે ટિકિટના) ૨,૫૭,૮૧૫ રૂપિયા. આ ટિકિટ લેનારને મળનારા બીજા લાભોમાં આઇસલ સીટિંગ, અમર્યાદિત ભોજન તથા ડ્રિન્ક્સ, લાઉન્જ ઍક્સેસ, પ્રાઇવેટ એન્ટ્રી અને પૂર્ણ સુવિધાવાળા રેસ્ટ રૂમનો સમાવેશ છે.

**રૉયલ બૉક્સઃ** (બે વ્યક્તિ માટે) ૨,૩૦,૭૦૦ રૂપિયા

**સ્કાય બૉક્સ ઈસ્ટઃ** (બે વ્યક્તિ માટે) ૧,૬૭,૮૧૫ રૂપિયા

**પ્લેટિનમઃ** ૭૫,૬૫૯ રૂપિયા

**ગ્રૅન્ડ લાઉન્જઃ** ૪૧,૧૫૩ રૂપિયા

**જનરલ ઈસ્ટઃ** (બે વ્યક્તિ માટે) ૧૦,૦૦૦ રૂપિયા ■

# મોં પર ત્રણ ટાંકા લીધા બાદ હાલૅન્ડના પાંચ ગોલ, નોર્વેનો વર્લ્ડ કપ ક્વૉલિફાઇંગમાં ૧૧-૧થી વિજય

દુબઈઃ યુરોપના દેશ નોર્વેના અર્લિંગ હાલૅન્ડે મંગળવારે મોલ્દોવાને ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપ માટેના ક્વૉલિફાઇંગ રાઉન્ડની મૅચમાં ૧૧-૧થી હરાવ્યું હતું. નોર્વેનો અર્લિંગ હાલૅન્ડ આ મૅચનો સુપરસ્ટાર હતો. તેણે પાંચ ગોલ ફટકાર્યા હતા. બે દિવસ પહેલાં તેણે એક આકસ્મિક ઘટનામાં મોઢા પર ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. વર્લ્ડ કપ માટેના યુરોપના ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં સૌથી મોટો વિજય નોર્વેના નામે થતા રહી ગયો હતો. ૧૯૬૯માં વેસ્ટ જર્મનીએ સાયપ્રસ સામે ૧૨-૦થી જે જીત મેળવી હતી એ વિક્રમ તૂટતા રહી ગયો હતો.

પ્રોફેશનલ ફૂટબૉલમાં મૅન્ચેસ્ટર સિટી વતી રમતો હાલૅન્ડ મંગળવારે બેકાબૂ હતો. મોલ્દોવાના ડિફેન્ડર્સ તેને તેમ જ થેલો આસ્ગાર્ડને અંકુશમાં નહોતા રાખી શક્યા. આસ્ગાર્ડે બેન્ચ પર ઘણો સમય સુધી બેસ્યા બાદ મેદાન પર આવીને ચાર ગોલ કર્યા હતા. વિશ્વની ૧૫૪મા નંબરની ટીમ મોલ્દોવા વતી જે એક ગોલ થયો હતો એ પણ એક રીતે નોર્વેની ટીમની મહેરબાનીથી થયો હતો, કારણકે નોર્વેના ડિફેન્ડર લીઓ ઑસ્ટિગાર્ડથી અજાણતાં મોલ્દોવાના ગોલ પોસ્ટમાં ઑન ગોલ થઈ ગયો હતો.



હાલૅન્ડ બે દિવસ પહેલાં હૉટેલમાં જતાં પહેલાં ટીમની બસમાંથી ઊતરી રહ્યો હતો ત્યારે લગેજ ડૉર સાથે અથડાતાં હોઠ નીચે ઈજા થઈ હતી અને તેણે ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. એ ઈજાને અવગણીને તે મંગળવારે રમ્યો હતો અને પાંચ ગોલ કર્યા હતા.

### ઈજિપ્ત નિરાશ, ફ્રાન્સ-ઈંગ્લૅન્ડ જીત્યા

વર્લ્ડ કપ માટેના યુરોપના ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં ફૂટબૉલ જગતમાં ૬૩મી રૅન્ક ધરાવતા બુર્કિના ફાસો નામના દેશની ટીમ સામેની મંગળવારની મૅચ ૦-૦થી ડ્રૉમાં જતાં વર્લ્ડ કપમાં ક્વૉલિફાય થવાનું ઇજિપ્ત માટે હવે વધુ વિલંબમાં મુકાઈ ગયું છે. ફ્રાન્સે ૦-૧થી પાછળ રહ્યા બાદ કમબૅક કરીને બે ગોલ ફટકાર્યા હતા અને ૨-૧થી વિજય મેળવ્યો હતો. એક ગોલ કીલિયાન ઍમ્બપ્પેએ ૪૫મી મિનિટમાં પેનલ્ટીમાં કર્યો હતો અને ૬૨મી મિનિટમાં તેની મદદથી બ્રૅડલી બાર્કોલાએ ગોલ કર્યો હતો અને ફ્રાન્સે ૨-૧થી મુકાબલો જીતી લીધો હતો. ઇંગ્લૅન્ડે સર્બિયાને ૫-૦થી પરાસ્ત કરીને ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં સ્થાન મજબૂત કર્યું હતું.

### રોનાલ્ડોએ વર્લ્ડ રેકૉર્ડની બરાબરી કરી

પોર્ટુગલે મંગળવારે હંગેરીને ૩-૨થી હરાવ્યું હતું. ત્રણમાંથી એક ગોલ સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ કર્યો હતો. તેણે એ સાથે, વર્લ્ડ કપ ક્વૉલિફાઇંગ રાઉન્ડના ઇતિહાસમાં સૌથી વધુ ૩૯ ગોલ કરનાર ગ્વાટેમાલાના કાર્લોસ રુઇઝના વિશ્વ વિક્રમની બરાબરી કરી લીધી હતી. હવે રોનાલ્ડો વધુ એક ગોલ કરશે એટલે વર્લ્ડ રેકૉર્ડ પોતાના નામે કરી લેશે.

### બ્રાઝિલને બોલિવિયાનો આંચકો

દક્ષિણ અમેરિકા ઉપખંડની એક મૅચમાં બોલિવિયાએ બ્રાઝિલને ૧-૦થી આંચકો આપીને ૨૦૨૬ વર્લ્ડ કપ માટેની પ્લે-ઑફ ટૂર્નામેન્ટમાં નામ લખાવી દીધું હતું. અન્ય એક મૅચમાં કોલમ્બિયાનો વેનેઝુએલા સામે ૬-૩થી વિજય થયો હતો. ■


# પૃથ્વી શૉને છેડતીના કેસમાં ૧૦૦ રૂપિયાનો દંડ અને વધુ એક મોકો

મુંબઈઃ સોશ્યલ મીડિયા ઇન્ફ્લૂએન્સર સપના ગિલે નોંધાવેલી છેડતી અને મારાપીટની ફરિયાદ સંબંધિત કેસમાં જવાબ ન આપવા બદલ મુંબઈની સેશન્સ કોર્ટે ક્રિકેટર પૃથ્વી શૉને ૧૦૦ રૂપિયાનો નજીવો દંડ કર્યો છે અને તેને જવાબ નોંધાવવા વધુ એક મોકો આપ્યો છે.

સપના ગિલે પૃથ્વી શૉ વિરુદ્ધ ક્રિમિનલ રિવિઝન પિટિશન નોંધાવી છે. સપના ગિલે આ અરજી પૃથ્વી શૉ વિરુદ્ધ એફઆઇઆર ન નોંધવાના મૅજિસ્ટ્રેટની અદાલતના અગાઉના નિર્ણયને પડકારવા નોંધાવી છે.

આ કિસ્સો ૨૦૨૩ની ૧૫મી ફેબ્રુઆરીનો છે. પોલીસના અહેવાલ મુજબ અંધેરીની એક પબમાં મોડી રાત્રે ૧.૦૦ વાગ્યે સપના ગિલના મિત્ર શોબિત ઠાકુરે સેલ્ફી લેવાની વારંવારની વિનંતી કરી એ મુદ્દે બોલાચાલી થઈ હતી અને પૃથ્વીએ તેને વધુ ફોટો લેવાની મનાઈ કરી હતી. પોલીસના અહેવાલમાં જણાવાયું હતું કે પૃથ્વી તેના મિત્ર આશિષ યાદવ સાથે પબમાંથી જઈ રહ્યો હતો ત્યારે ઠાકુર પર બેઝબૉલના બૅટથી હુમલો થયો હતો, જ્યારે પૃથ્વી બચી ગયો હતો. જોકે ઠાકુર અને સપના ગિલ સહિત છ જણના જૂથે યાદવનો પીછો કર્યો હતો અને તેની પાસે ૫૦,૦૦૦ રૂપિયાની કથિત માગણી કરી હતી. પોલીસે સપના ગિલને અટકમાં લીધા બાદ ત્રણ દિવસ પછી જામીન પર છોડી હતી.





જોકે સપના ગિલનું કહેવું જૂદું જ છે. તેણે એવો આક્ષેપ કર્યો છે કે પૃથ્વી અને તેના ફ્રેન્ડ યાદવે પબમાં તેને અને તેના મિત્ર ઠાકુરને ડ્રિન્ક્સ માટે વીઆઇપી ટેબલ પર આવવાનું આમંત્રણ આપ્યું હતું અને ત્યારે ઠાકુરે જ્યારે સેલ્ફી માટે વિનંતી કરી ત્યારે પૃથ્વી અને યાદવે તેના પર (ઠાકુર પર) હુમલો કર્યો હતો. સપનાએ જ્યારે મધ્યસ્થી કરવાની કોશિશ કરી ત્યારે પૃથ્વી શૉએ તેની (સપનાની) મારપીટ કરી હતી અને તેના પર જાતીય હુમલો પણ કર્યો હતો. સપનાએ પૃથ્વી દ્વારા વિનયભંગ કર્યો હોવાની ફરિયાદ કરી છે. કેસની હવે સુનાવણી ૧૬મી ડિસેમ્બરે થશે. ■

# પ્રથમ ઈન્ટર-ક્લબ વૉલીબૉલમાં ઘાટકોપર જૉલી જિમખાના 'એ' ટીમ વિજેતા

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા સાતમી સપ્ટેમ્બરે મુંબઈની પાંચ નામાંકિત ક્લબો વચ્ચે પ્રથમ વખત ઇન્ટર-ક્લબ વૉલીબૉલ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઘાટકોપર જૉલી જિમખાના 'એ' ટીમ ચૅમ્પિયન બની હતી. આ આયોજન ઘાટકોપર જૉલી જિમખાનાના ચૅરમેન રજનીકાંત શાહ, મૅનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરા, સેક્રેટરી મુકેશ બદાણી તથા પરેશ શાહ, સમગ્ર ટ્રસ્ટી ગણ અને મૅનેજિંગ કમિટીના મેમ્બર્સના પ્રોત્સાહનથી મલ્ટિ ટર્ફ સબ-કમિટીના કન્વીનર નિશીથ ગોળવાલા અને તેમની સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ટૂર્નામેન્ટમાં પી. જે. હિન્દુ જિમખાના, એનએસસીઆઇ ક્લબ, ગુરુકુલ કૉલેજ ઑફ કૉમર્સ (ઘાટકોપર) તથા ઘાટકોપર જૉલી જિમખાના 'એ' તથા 'બી' ટીમે ભાગ લીધો હતો. રાઉન્ડ રોબિન પદ્ધતિ દ્વારા કુલ ૧૩ મૅચ રાખવામાં આવી હતી. ફાઇનલ ઘાટકોપર જૉલી જિમખાના 'એ' ટીમ અને એનએસસીઆઇ ક્લબની ટીમ વચ્ચે રમાઈ હતી જેમાં ઘાટકોપર જૉલી જિમખાના 'એ' ટીમનો ૨-૦ થી વિજય થયો હતો. વિજેતા તથા ઉપવિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી તથા ભાગ લેનાર દરેક ખેલાડીને મેડલથી નવાજવામાં આવ્યા હતા. ■



વિજેતા અને રનર-અપ ટીમ સાથે ઘાટકોપર જૉલી જિમખાનાના અધ્યક્ષ રજનીકાંત શાહ, સેક્રેટરીઓ મુકેશ બદાણી તથા પરેશ શાહ, સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર પરાગ ગાંધી, ટ્રસ્ટી પ્રવીણ પટેલ, સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર નલિન મહેતા, મૅનેજિંગ કમિટીના મેમ્બર્સ સંજય રૂપાણી, જયેશ વોરા તેમ જ મૅનેજિંગ કમિટીના મેમ્બર તથા મલ્ટિ ટર્ફ સબ-કમિટીના કન્વીનર નિશીથ ગોળવાલા.

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## સિગારેટ પર જીએસટીઃ હવે પસંદગી તમારી છે... સ્વાસ્થ્ય કે આર્થિક નુકસાન?

ભારત સરકારે સિગારેટ પર ૪૦% જીએસટી લાદીને ધૂમ્રપાન કરનારા પુરુષો સામે એક સીધો પડકાર મૂક્યો છે. આ નિર્ણય માત્ર એક આર્થિક નીતિ નથી,પરંતુ એક સામાજિક અને વ્યક્તિગત સંદેશ પણ છે. આ પગલાં સાથે, સરકારે જાણે બોલ પુરુષોની કોર્ટમાં નાખી દીધો છે. : હવે પસંદગી તમારે કરવાની છેઃ સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવું કે પછી આર્થિક અને શારીરિક નુકસાનના ભોગે પણ આ આદત ચાલુ રાખવી?

આ નિર્ણયનો હેતુ સ્વાસ્થ્ય સંબંધી જોખમો ઘટાડવાનો છે,પરંતુ તેની સીધી અસર તમારા ખિસ્સા પર થવાની છે.

ચાલો,આ નિર્ણયની આર્થિક ગણતરી પર એક નજર કરીએ. ભારતમાં સિગારેટની બ્રાન્ડ અને પેક મુજબ અલગ-અલગ કિંમત હોય છે. ધારો કે,એક જાણીતી બ્રાન્ડનું ૧૦ સિગારેટનું પેકેટ હાલમાં રૂ. ૧૫૦ માં મળે છે. આ કિંમતમાં પહેલેથી જ વિવિધ કર (ટેક્સ) અને સેસનો સમાવેશ થાય છે. હવે જો તેના પર ૪૦% જીએસટી લાદવામાં આવે, તો કિંમતમાં નોંધપાત્ર વધારો થશે. એક સામાન્ય ધૂમ્રપાન કરનાર વ્યક્તિ દિવસમાં સરેરાશ એકાદ પેકેટ સિગારેટ પીવે છે. આ ગણતરી મુજબ૧૫૦ રૂપિયાના પેકેટનો માસિક ખર્ચ ૪૫૦૦ રૂપિયા થાય છે અને વાર્ષિક ખર્ચ ૫૪,૦૦૦ રૂપિયા થાય... હવે, જ્યારે ૧૫૦ રૂપિયા પર ૪૦% જીએસટી લાગશે, તો તેના પર ૬૦ રૂપિયાનો વધારો થશે પછી નવી કિંમત ૨૧૦ રૂપિયા થશે. આ નવી કિંમત મુજબ, દરરોજ એક પેકેટ પીનાર વ્યક્તિનો માસિક ખર્ચ ૬૩૦૦ રૂપિયા અને વાર્ષિક ખર્ચ ૭૫,૬૦૦ રૂપિયા થશે. આ ગણતરી દર્શાવે છે કે એક સામાન્ય ધૂમ્રપાન કરનાર વ્યક્તિને વાર્ષિક ૨૧,૬૦૦ રૂપિયાનો વધારાનો બોજ ઉઠાવવો પડશે.





આ આર્થિક બોજ માત્ર એક આંકડો નથી. તે એક તક છે. ૨૧,૬૦૦ રૂપિયાનો વાર્ષિક વધારાનો ખર્ચ એ નાની રકમ નથી. આ નાણાંનો ઉપયોગ અન્ય ઘણી ઉપયોગી ચીજો માટે થઈ શકે છે,જેમ કે પરિવાર માટે સ્વાસ્થ્ય વીમો લેવો,બાળકોના શિક્ષણ માટે બચત કરવી અથવા તો નાની બચત કરીને ભવિષ્ય માટે આર્થિક સુરક્ષા ઊભી કરવી.

ઉદાહરણ તરીકે, જો આ રકમનું રોકાણ મ્યુચ્યુઅલ ફંડ કે અન્ય યોજનાઓમાં કરવામાં આવે તો લાંબા ગાળે તે મોટું ભંડોળ બની શકે છે. જ્યારે તમે સિગારેટ પાછળ પૈસા ખર્ચો છો ત્યારે તમે વાસ્તવમાં તમારા ભવિષ્યના તબીબી ખર્ચનો પાયો નાખી રહ્યા છો અને આ ખર્ચ ધૂમ્રપાન પાછળ થતા ખર્ચ કરતાં અનેકગણો વધારે હોઈ શકે છે.

આ નિર્ણય માત્ર આર્થિક ખર્ચની વાત નથી,પરંતુ સ્વાસ્થ્ય ખર્ચની પણ છે. ધૂમ્રપાન એ ફેફસાંના કેન્સર, હૃદયરોગ, સ્ટ્રોક અને શ્વસનતંત્રને લગતી અનેક ગંભીર બીમારીઓનું મુખ્ય કારણ છે. આવી બીમારી પાછળ થતો તબીબી ખર્ચ ખૂબ જ મોટો હોય છે, જે ઘણીવાર આર્થિક રીતે મજબૂત પરિવારોને પણ આર્થિક સંકટમાં મૂકી શકે છે. ધૂમ્રપાનના કારણે થતી બીમારીઓ જીવનની ગુણવત્તા ઘટાડે છે અને કામ કરવાની ક્ષમતા પર પણ નકારાત્મક અસર કરે છે. સરકારે આ કાયદો લાવીને તમને બેવડો વિકલ્પ આપ્યો છેઃ જો તમે ધૂમ્રપાન છોડશો, તો તમે આર્થિક અને શારીરિક બંને રીતે લાભ મેળવશો. જો તમે ચાલુ રાખશો તો તમારે આર્થિક અને સ્વાસ્થ્ય બંને રીતે મોટું નુક્સાન ભોગવવું પડશે.

સરકારના આ નિર્ણયનો બીજું એક મહત્ત્વપૂર્ણ પાસું એ છે કે તે યુવા પેઢીને ધૂમ્રપાનથી દૂર રાખવામાં મદદ કરશે. ઊંચી કિંમત યુવાનોને સિગારેટ ખરીદતા પહેલા વિચારવા માટે મજબૂર કરશે. આ એક એવી પહેલ છે જે સ્વાસ્થ્ય અને અર્થતંત્ર બંનેને લાભ પહોંચાડી શકે છે. સરકારનો આ નિર્ણય સ્પષ્ટપણે દર્શાવે છે કે તેમનો હેતુ સિગારેટના વેચાણ પરથી વધુ આવક મેળવવાનો નથી,પરંતુ નાગરિકોને ધૂમ્રપાનની આદત છોડવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

આ સંજોગોમાં દરેક પુરુષે પોતાના જીવનની પ્રાથમિકતાઓ વિશે ફરી વિચાર કરવો જોઈએ. શું ક્ષણિક આનંદ માટે શરીર અને ખિસ્સા બંનેનું નુક્સાન કરવું યોગ્ય છે? ધૂમ્રપાન છોડવું એક અઘરો નિર્ણય હોઈ શકે છે, પરંતુ તે અશક્ય તો નથી જ...

આર્થિક બોજ વધતા,તમારી પાસે એક મજબૂત કારણ છે કે આ આદતને હંમેશ માટે અલવિદા કહી દો. આ ફક્ત તમારા સ્વાસ્થ્ય માટે જ નહીં,પરંતુ તમારા પરિવારના ભવિષ્ય માટે પણ એક સારો અને સાચો નિર્ણય હશે. જ્યારે તમે સિગારેટ છોડો છો ત્યારે તમે ફક્ત એક આદત નથી છોડતા, પરંતુ તમે એક સ્વસ્થ જીવનશૈલી અને તમારા પરિવાર માટે એક સુરક્ષિત ભવિષ્યની પસંદગી કરો છો. સરકારે તો તેની ફરજ નિભાવી છે, હવે બોલ ખરેખર તમારી કોર્ટમાં છે. ધૂમ્રપાન મુક્ત જીવનની પસંદગી કરીને,તમે માત્ર પોતાને જ નહીં,પરંતુ સમગ્ર સમાજને એક સકારાત્મક સંદેશ આપશો.અને સમાજને સંદેશ આપવાનું છોડી દોને ભાઈ, મુખ્ય વાત તો એ કે તમે એક સારા, હેલ્ધી જીવનને આવકાર આપો છો. જેની સાથે માત્ર તમારું જ ન અહીં, પરંતુ તમારા આખા પરિવારનું સુવર્ણ ભવિષ્ય જોડાયેલું છે.

બોલો, ચોઈશ ઈઝ યોર્સ...! ■



## ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## લગ્ન વર્ષગાંઠની અનોખી ઉજવણી..

ડિયર હની,

એક દંપતીએ એમની ૨૫મી વર્ષગાંઠને યાદગાર બનાવવા માટે અનોખો નિર્ણય લીધો. એમનાં લગ્નના ૨૫ વર્ષ પછી ફરીથી લગ્ન કર્યા. એ દિવસે એમણે લગ્નના દિવસે જે કપડાં પહેરેલા એ ફરીથી પહેર્યા. પતિએ શેરવાની અને પત્નીએ લગ્નનો લહેંગો પહેર્યો. પછી એ યુગલે બાળકોની સાથે ચર્ચમાં જઈને ફરીથી એકબીજા સાથે લગ્નની પ્રતિજ્ઞાઓ લીધી....

આવો એક કિસ્સો મેં વાંચ્યો પછી મને પણ કેટલીક જૂની યાદો તાજી થઇ ગઈ. એ દિવસ આજ સુધી ભુલાયો નથી.

આપણા લગ્નની એ ૨૫મી વર્ષગાંઠ હતી. સાથે ૨૫ વર્ષ જીવ્યા હોય તો કેટલી બધી યાદો હોય! આ યાદોને તાજી કરવાનો અવસર આપણને આપ્યો આપણી દીકરીએ. એ તો સાસરે હતી પણ એણે નક્કી કરેલું. સરપ્રાઈઝ હતું. સવારમાં આપણે બંને એના ઘેર ગયા. અને ત્યાં પાર્કિંગમાં એક નાનકડો મંડપ બાંધવામાં આવેલો. આપણને બંનેને એવી કોઈ ખબર નહોતી. વર્ષગાંઠની ઉજવણી છે એટલી જ ખબર હતી, પણ એ કઈ રીતે ઉજવાશે એની ગંધ દીકરીએ આવવા દીધી નહોતી. થોડીવાર થઇ ત્યાં મારા ભાઈઓની એન્ટ્રી થઇ. કેટલાક મિત્રો પણ આવ્યા. એમાં એક મિત્ર તો ધોતિયા અને ઝભ્ભામાં તો ય અંદાજ નહોતો કે શું થવાનું છે. તને મંડપનાં એક ખુણામાં લઇ જવામાં આવી. ત્યાં તો બે ખુરશી ગોઠવાઈ ગઈ. મને કહેવામાં આવ્યું કે, બેસી જાવ. પછી થોડો ખ્યાલ આવ્યો. થોડી ક્ષણો થઇ ત્યાં તું હળવા પગલે મારા તરફ આવતી હતી એ દ્રશ્ય જોયું. અને તારી સાથે કેટલીક બહેનો હતી. દીકરી ય સાથે. અને બધા તને જાણે લગ્ન મંડપ તરફ દોરી જતા હોય એવું દ્રશ્ય હતું. જેવું આપણા લગ્ન વખતે હતું એવું જ અદ્દલ.

ત્યાં તો લગ્નના ગીતો ગવાવા લાગ્યા : ‘ લાખોપતિ રે સાજન બેઠું માંડવે ..’ થી માંડી કેટલાય ગીતો ગવાયાં . તું મારી પાસે આવી અને બાજુની ખુરશીમાં બેસી ગઈ. તારા ચહેરા પર લગ્ન થયા તે વેળાનો ભાવ તો નહોતો પણ એની થોડી ઝલક તો જરૂર જણાતી હતી. પછી બંનેનાં હાથ એકબીજાના હાથમાં મુકાયા. અને મંત્રોચ્ચાર શરૂ થયા. લગ્નની જેમ જ ફેરા પણ ફર્યા. તારો હાથ મારા હાથમાં હતો. અને લગ્ન થયા ત્યારે જે ઉષ્મા હતી એ જ હથેળીમાં અનુભવાતી હતી. મિત્ર કે જે ધોતિઆ ઝભ્ભામાં સજ્જ હતો એ મંત્રોચ્ચાર કરતો હતો. દીકરી જ્યાં રહેતી હતી ત્યાં પાડોશીઓને થયું આ છે શું? કેટલાક તો એ જોવા આવી ગયા હતા.! કોઈએ એમને કહ્યું કે, દીકરી રહે છે એના મમ્મી પપ્પાનાં લગ્નને ૨૫ વર્ષ થયા એની ઉજવણી છે.

ફેરા પુરા થયા અને બધાએ શુભેચ્છાઓ આપી. એ વેળા તાર ને મારા મનમાં શું ચાલતું હતું એનું બયાન કરવું મુશ્કેલ છે. દીકરીએ સરપ્રાઈઝ એવું આપ્યું કે, આપણને દામ્પત્યનાં ૨૫ વર્ષની સફર યાદ કરાવી આપી. સગાઈ અને લગ્ન વચ્ચેનો ગાળો અને એ પછીનું સંયુક્ત કુટુંબમાં પસાર કરેલું જીવન. ચઢતી- પડતી, દીકરીનો જન્મ, દીકરાનો જન્મ...ઓહો ...કેટકેટલું યાદ આવી ગયું.

એમ તો આપણે નવા ફલેટમાં રહેવા વીતેલી જિંદગી જાણે નજર સામે આખેઆખી રીવાન્ડ થઇ. આવ્યા ત્યારે લગ્ન જીવનને ૨૧ વર્ષ થયા હતા. અને ત્યારે પણ સમારંભ રાખેલો. વાસ્તુ તો હતું જ. સાથે બા પર બનાવેલી દસ્તાવેજી ફિલ્મ પણ રજૂ કરેલી. એ પ્રસંગ પણ યાદગાર હતો પણ દીકરીએ જે આ ’ સિલ્વર જ્યુબિલી વેડિંગ ’ સરપ્રાઈઝ આપેલું એ અવિસ્મરણીય બની ગયુ.

લગ્ન જીવન લાંબુ ચાલે એ આજનાં યુગમાં જરા આશ્ચર્ય ગણવા લાગ્યું છે. પશ્ચિમમાં લગ્નો બહુ ટકતા નથી. ભારતમાં પણ હવે એવી ઘટના વધી છે. પ્રેમીઓમાં બ્રેકઅપ બહુ જલદી થાય છે. આજના યુગમાં સબંધો બહુ બટકણા થઇ ગયા છે. એમને કોઈ યુગલ ૨૫ ૩૦ વર્ષ સાથે ગાળે એ ગળે ઉતરતું નથી , પણ એવું નથી કે સાથે જીવાતું નથી. હા, જીવનમાં ભેદભાવ થયા છે.

એકબીજા સાથે ઝગડા થાય છે. પણ એક વ્યક્તિ થોડું જતું કરે છે અને બીજી વ્યક્તિ સાંજી જાય છે. એકબીજાને ટેકે જીવન આમ ક્રમશઃ આગળ વધતું જાય છે. દરેક દંપતીએ પોતાના જુના દિવસો યાદ કરવા જોઈએ, એ યાદોને તાજી કરતી રહેવી જોઈએ. અમદાવાદમાં રહેતા એક યુગલે અનોખો પ્લાન એમની લગ્નની દસમી વર્ષગાંઠે બનાવ્યો. એ બંને વર્ષગાંઠની સવારે એ જ કાફેમાં ગયા જ્યાં એમની પહેલી ડેટ થઇ હતી. પછી એ જ બસમાં બેઠા, જેમાં એ પહેલીવાર સાથે બેઠા હતા. ત્યારબાદ એ જ ફિલ્મને સિનેમા હોલમાં જોઈ, જે એમણે લગ્ન પહેલાં સાથે જોઈ હતી. આખો દિવસ આમ એ બન્ને એમની જૂની યાદોને વાગોળતા રહ્યા અને આ રીતે એકબીજાને ફરીથી પ્રેમનો અહેસાસ કરાવ્યો. આવું કરતા રહેવું જોઈએ. એનાથી એકબીજા પ્રત્યેની ઉષ્મા વધે છે.


સાચું કહું, આપણા જીવનના ૫૦ વર્ષ થાય ત્યારે અનોખી ઉજવણી કરવી છે. મુંબઈમાં એક યુગલની જેમ. આ યુગલે એક મોટો ચાર્ટ પેપર લીધો અને તેના પર એકબીજાના જીવનના મહત્વના પ્રસંગોના ફોટા ચોંટાડ્યા. આ ચાર્ટમાં, એમણે તેમના બાળપણથી લઈને આજ સુધીના જીવનની યાદોને ફોટો અને લખાણ દ્વારા દર્શાવી. આ ચાર્ટનું નામ ‘૫૦ વર્ષના પ્રેમનો મેપ ’ રાખવામાં આવ્યું. જ્યારે એમના પૌત્ર-પૌત્રીઓ અને સંબંધીઓ આ મેપ જોવા આવ્યા, ત્યારે એ બધાએ એમના દાદા-દાદીના જીવનની સફરને જોઈને ખૂબ જ ખુશી વ્યક્ત કરી. આ અનોખી ઉજવણીએ સાબિત કરી દીધું કે પ્રેમ ક્યારેય જૂનો થતો નથી અને દરેક ઉંમરે તેના મૂલ્યમાં વધારો થાય છે. વર્ષગાંઠની ઉજવણી માત્ર એક પાર્ટી નથી, પરંતુ એકબીજા પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરવાનો એક સુંદર અવસર છે.

તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## આંખમાં આંસુ આવે ને એ યાદ આવે !




મનીષ સોફા પર સૂતા સૂતા એના બાવન ઈંચના ટી.વી. પર ક્રિકેટ મેચ જોઈ રહ્યો હતો. વચ્ચે બ્રેક આવ્યો. એણે ચેનલ સર્ફ કરવા માંડી. એક ચેનલ પર ‘ક્યું કી સાસ ભી કભી બહુ થી’ સિરિયલ ચાલતી હતી. આ સિરિયલ જોઈને મનીષને બા યાદ આવી ગયા. બાની આ બહુ જ ગમતી સિરિયલ હતી. એને જોવા માટે જ બાને મનીષા સાથે ઝઘડા થતા. એ વખતે તો નાનું ઘર હતું .એમાં ટી.વી. પણ એક જ હતું. આજે મનીષનો ત્રણ બેડરૂમનો વિશાળ ફલેટ છે. ડ્રોઈંગરૂમ તેમ જ ત્રણેય બેડરૂમમાં પણ ટી.વી. છે. બા હતા ત્યારે મનીષ હજુ સંઘર્ષ કરી રહ્યો હતો. બા યાદ આવતા મનીષની આંખમાં આંસુ આવી ગયા.

પરિવારમાં બા-બાપુજી અને મનીષ ત્રણ જણ હતા. બાપુજી સામાન્ય ક્લર્કની નોકરી કરતા તેથી પગાર ટૂંકો હતો, પણ બાની કરકસરને કારણે ઘર સારી રીતે ચાલતું હતું. બા ભણેલાં ન હતા પણ ગણેલાં હતાં.

બાની રસોઈ, બાએ બનાવેલ અથાણાં-પાપડ તો કોઈ એકવાર ખાઈ લે તો વારંવાર ખાવા આવે. બા બધાંને પ્રેમથી જમાડે. ઘરેથી કોઈ ભૂખ્યું ન જાય. આ ત્રણ વ્યક્તિનો સંસાર સુખેથી ચાલતો હતો, પણ સુખ ક્યાં કોઈનું લાંબું ટકે છે? બાપુજીનું ટૂંકી માંદગીમાં અવસાન થયું. હવે મનીષ અને બા રહી ગયા. બાનું રડવાનું બંધ થતું ન હતું. બાને રડતા જોઈને મનીષ પણ રડતો. મનીષને રડતા જોઈને બાએ નક્કી કર્યું કે હવે પોતે કોઈ દિવસ રડશે નહીં. ઈશ્વરને મંજૂર હતું તે થઈ ગયું. જીવન-મૃત્યુ કોઈ આપણા હાથમાં નથી. હવેથી મનીષની મા પણ હું અને બાપ પણ હું. તે દિવસથી બાએ કારભાર હાથમાં લઈ લીધો. બાપુજીના પગારમાં તો ખર્ચના બે છેડા માંડ મળતા હતા તેથી બચતનો તો સવાલ જ ન હતો. બાએ ટિફિનનું કામ શરૂ કર્યું. સાત-આઠ ટિફિન બનાવતા. પાપડ-વેફર બનાવતા, શરબત બનાવતા, બાનો આ ગૃહઉદ્યોગ ઠીકઠાક ચાલતો હતો. મા-દીકરાનું ગુજરાન તેમ જ મનીષનો ભણવાનો ખર્ચ નીકળી જતો હતો. મનીષ એસ.એસ.સી.માં આવ્યો ત્યારથી ટ્યૂશન લેવા માંડેલો . એ એન્જિનિયર થઈ ગયો. નોકરી મળી. સાથે કામ કરતી મનીષા સાથે મનમેળ થયો ને રાજીખુશીથી બંનેના લગ્ન લેવાયા. મનીષા નોકરી કરતી હતી તેથી ઘર બા જ સંભાળતાં હતાં. પણ ઉંમર વધવા સાથે હવે બાથી ઘરનું કામ થતું ન હતું. તેથી કકળાટ કરવા લાગ્યા. મનીષાએ ઘરનું કામ પોતાના હાથમાં લઈ લીધું, પણ બા કચકચ કરતા.

બાને જોઈએ બધું પરફેક્ટ અને મનીષા ઉતાવળમાં જેમ થાય તેમ કામ કરતી. બંને વચ્ચે ચકમક ઝરવા લાગી. મનીષે રસોઈ કરવા માટે એક બહેનને નિયુક્ત કર્યા. પણ બાને એ બહેનની રસોઈ ભાવે નહીં. હવે શું કરવું?

એ દરમિયાન મનીષા સગર્ભા થઈ. એને બા સલાહ-સૂચન આપે. મનીષાને એ જરા પણ ગમે નહીં. બાળક થયું. બાળ- ઉછેરમાં પણ સલાહ-સૂચન બાના ચાલતા રહે. મનીષા હવે એ ત્રાસી ગઈ હતી. એક દિવસ મનીષને અલ્ટીમેટમ આપી દીધું : ‘આ ઘરમાં કાં તો બા રહેશે કાં હું’.

મનીષ મૂંઝાયો. મિત્રને વાત કરી. મિત્રે પોતાનો અભિપ્રાય આપતા કહ્યું, ‘મનીષ , તને કદાચ ખરાબ લાગશે પણ એક જ ઉપાય છે - બાને વૃદ્ધાશ્રમમાં મૂકી દે.’

‘કેવી વાત કરે છે? જે માએ મને તકલીફ વેઠીને મોટો કર્યો ભણાવ્યો ગણાવ્યો તેને હું વૃદ્ધાશ્રમમાં મૂકી આવું? લોકો શું કહેશે?’ મનીષનું મન માનતું ન હતું, પણ ઘરમાં રોજરોજની કચકચ-ઝઘડાથી એણે કંટાળાને અંતે બાને વૃદ્ધાશ્રમમાં મૂકવાનું નક્કી થયું.

બાનું મોઢું પડી ગયું. એમણે કહ્યું‘ ‘તારી કરતાં તો પેટે પથ્થર પાક્યો હોત તો સારું હતું. તને કેટલી કઠણાઈ વેઠીને ઉછેર્યો અને તું આજે મને વૃદ્ધાશ્રમમાં મૂકવા નીકળ્યો છે.’

બાની વાતથી મનીષ ઢીલો થઈ ગયો, પણ પોતાની વાતમાં મક્કમ રહ્યો. આજે સોફા પર પડ્યા પડ્યા મનીષને બાનો તે વખતનો ચહેરો યાદ આવે છે અને મનીષની આંખમાંથી આંસુ સરી પડે છે.

વૃદ્ધાશ્રમમાં બાને જરાય ગમતું નહીં. ગમતી સિરિયલ જોવા મળતી નહીં. બાજુના ખાટલાવાળા બહેન સાથે ઝઘડો થતો રહેતો. મનીષ જાય ત્યારે બા કકળાટ કરતા. ઘરે લઈ જવાનું કહેતાં , પણ મનીષાની પરવાનગી વગર ઘરે કેવી રીતે લઈ જાય? ઘડી ઘડી બીમાર પડતા. આશ્રમમાંથી મનીષને ફોન આવે. મનીષ કામમાં હોય તેથી ગુસ્સો કરે.

આજે મનીષને યાદ આવે છે - બાને ક્યારેય પ્રેમથી બોલાવી નહીં, પ્રેમથી એના માથે હાથ ફેરવ્યો નહીં. જે માએ એના માટે મજૂરી કરી એના માટે પોતે કાંઈ કરી શક્યો નહીં.

આજે બા નથી ત્યારે મનીષની આંખમાં આંસુ આવે છે. મનીષને યાદ આવે છે પોતે પરિવાર સાથે લોનાવલા જવા નીકળ્યો હતો. હજુ તો અડધે પહોંચ્યો ને આશ્રમમાંથી ફોન આવ્યો : ‘તમારી બાની તબિયત બહુ બગડી છે.’ મનીષાએ કહ્યું : ‘બા નાટક કરે છે. એમને ખબર છે કે આપણે ફરવા નીકળ્યા છીએ એટલે ત્રાગાં કરે છે.’ પણ પછી આશ્રમમાંથી ફોન પર ફોન આવવા માંડ્યો : હોસ્પિટલમાં એડમિટ કર્યા છે, કોમામાં ચાલ્યા ગયા છે એટલે મનીષ હોસ્પિટલ પહોંચ્યો ત્યારે બા કોમામાં હતાં અને બે દિવસમાં અલવિદા કરી ગયાં. બા ગયા ૮૦ વર્ષની ઉંમરે એમને ગયાનું મનીષને દુઃખ નથી. દુઃખ એ વાતનું છે કે બાએ ક્યારેય સુખ જોયું નહીં. આજે પોતે સુખના ઝુલે ઝુલે છે ત્યારે બા યાદ આવે છે અને આંખમાં આંસુ આવે છે.... આ પણ વિધિની કેવી વક્રતા છે ! ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# ઈગો વગર સરળતાથી ને સહજતાથી જીવવાનો કેટલો મોટો ફાયદો છે!

*નામ: ગીતા બાલી*
*સમય: ૧૮ જાન્યુઆરી, ૧૯૬૫*
*સ્થળ: મુંબઈ*
*ઉંમર: ૩૪ વર્ષ*

(ભાગ: ૪)

કેટલાક લોકો આપણી જિંદગીમાં ઋણાનુબંધ અથવા લેણદેણ પૂરી કરવા આવતા હોય છે. એમનું મળવું કોણ જાણે કોઈ ઋણાનુબંધ જ હોય છે. કપૂર પરિવાર માટે આ વાત મારે કહેવી જોઈએ! પિતા માટે આટલો આદર, ભાઈઓ વચ્ચે આટલો પ્રેમ અને પરિવારનું આવું બંધન મેં ભાગ્યે જ જોયું છે. રાજજીના નરગીસ સાથેના સંબંધો વિશે સહુ જાણતા હોવા છતાં, પાપાજી સિવાય રાજજી સાથે કોઈએ વાત કરી નહીં અથવા કોઈએ કરવાની નહોતી એવું બંને નાના ભાઈઓ સમજતા હતા! પિતા પૃથ્વીરાજ કપૂર બંને દીકરાઓની કારકિર્દી માટે પૂરો સપોર્ટ અને મહેનત કરતા એટલું જ નહીં, પોતે પણ પ્રવૃત્ત રહેતા.

લગ્ન પછી તરત જ હું પ્રેગ્નેન્ટ હતી. પાપાજીને ખૂબ આનંદ થયો. રાજજીના ત્રણ બાળકો હતાં. હવે શમશેરને ઘેર દીકરાનો જન્મ થયો, જેનાથી પરિવારમાં એક વધુ સંતાનનો ઉમેરો થયો. જોઈન્ટ ફેમિલીમાં ચાર બાળકો અત્યંત આનંદથી મોટા થઈ રહ્યા હતા. લગ્ન પછી તરત જ મારી બે ફિલ્મો રિલીઝ થઈ. મને લાગતું હતું કે મારા લગ્નના સમાચારથી મારી કારકિર્દીને આંચ આવશે, પરંતુ પ્રેક્ષકોને એનાથી કંઈ ફરક પડ્યો નહીં. પાપાજીના આશીર્વાદથી મેં 'મિલાપ', 'ફરાર', 'પરદેશી', 'સ્કૂલ માસ્તર' જેવી ફિલ્મો લગ્ન પછી કરી. મારું નામ બદલવાનો આગ્રહ પણ મને કપૂર ખાનદાનમાંથી કોઈએ કર્યો નહીં, બલકે ગીતા બાલી નામ સાથે જ હું કામ કરતી રહી. એક પછી એક સુપરહિટ ફિલ્મો રિલીઝ થતી રહી અને જીવનની ગાડી બહુ સુંદર રીતે આગળ વધવા લાગી.

હું લિમિટેડ સમય કામ કરતી, જરૂર પૂરતી જ ફિલ્મો સાઈન કરતી અને બને એટલો વધારે સમય મારા પરિવાર સાથે વિતાવવાનો પ્રયાસ કરતી. શમ્મી ખૂબ સારું કમાતા. એમની ફિલ્મો ખૂબ સારી ચાલતી હતી એટલે મારે બીજી કોઈ ચિંતા નહોતી. મને જ્યારે પણ વધારાનો સમય મળતો ત્યારે હું શમ્મીના સેટ પર જઈને એમની સાથે સમય વિતાવવાનો પ્રયત્ન કરતી. ૧૯૫૯માં, કંચન વખતે હું પ્રેગ્નેન્ટ થઈ તે પહેલાં શમ્મી એમની ફિલ્મ 'દિલ દે કે દેખો' માટે આશા પારેખ સાથે કાશ્મીરમાં શૂટિંગ કરતા હતા. મોસમ સરસ હતી અને અમે ઘણા સમયથી સાથે રહ્યા નહોતા. હું શમ્મી સાથે સમય વિતાવવા કાશ્મીર પહોંચી. એ દિવસોમાં કાશ્મીરમાં ખૂબ બરફ પડતો હતો. આશા પારેખ અમારી પહેલાં પહોંચ્યા, પરંતુ એમના મેકઅપ પર્સન કાશ્મીર પહોંચી શક્યા નહીં. શૂટિંગ શરૂ કરવાનું હતું. ફક્ત મેકઅપનો માણસ ન હોય એ કારણે આખો દિવસ શૂટિંગ ન થઈ શકે તો પ્રોડ્યુસરના ખૂબ રૂપિયા બગડે... મેં આશાજીને પૂછ્યું, 'તમને વાંધો ના હોય તો હું મેકઅપ અને હેર કરી આપું?' એમણે આશ્ચર્ય સાથે કહ્યું, 'મને શું વાંધો હોય!' એક એમનાથી સિનિયર અને એમના જેવી જ સ્ટાર એમનો મેકઅપ કરે એ વાત આશાજીને માટે થોડી આશ્ચર્યજનક ચોક્કસ હતી, પરંતુ એમણે આનંદથી સ્વીકારી લીધી. એમના મેકઅપ માટેનો સ્ટાફ ન આવ્યો ત્યાં સુધી એટલે લગભગ ત્રણ દિવસ મેં આશાનો મેકઅપ કર્યો. આશા બહુ નાની હતી (૧૯૪૨) અને શમ્મી એનાથી ઉંમરમાં ઘણા મોટા (૧૯૩૧). આ ઉંમરના તફાવતને કારણે આશા ઘણીવાર મજાકમાં એમને 'ચાચા' કહેતી! એનો મેકઅપ કર્યા પછી આશા અને મારી વચ્ચે એટલી સારી દોસ્તી થઈ ગઈ કે અમે જીવનભર ઉત્તમ મિત્રો રહ્યાં. અન્ય અભિનેતા-અભિનેત્રીઓને જોઉં ત્યારે મને સમજાય કે, ઈગો વગર સરળતાથી અને સહજતાથી જીવવાનો કેટલો મોટો ફાયદો છે! મને જે મળ્યા એ સહુએ મને દિલ ફાડીને પ્રેમ કર્યો અને ખૂબ આદર આપ્યો, કારણ કદાચ એ જ હતું કે, હું મારા જીવનમાં ખૂબ સરળ અને સહજ રહી. મારે માટે સિનેમામાં કામ કરવું એ કોઈ પ્રસિદ્ધિ મેળવવાની કે ગ્લેમરની ભૂખ નહોતી, મારે માટે મહત્ત્વનું એ હતું કે, એ કામ મને આવડતું હતું અને એનાથી મારા પરિવારની જીવનશૈલી સુધારી શકી! કોઈ ક્લાર્ક પોતાની ઓફિસે જાય કે ડોક્ટર દવાખાને જાય એટલી જ સિદ્દતથી અને સ્વાભાવિકતાથી હું શૂટિંગ પર જતી. મેં સિનેમાના વ્યવસાયને 'મારા કામ'થી વધારે કોઈ ઝાકઝમાળ સાથે જોયો નથી! કદાચ એટલે જ, હું મારા પરિવારમાં અને લગ્નમાં પણ એકદમ આનંદથી એડજેસ્ટ થઈ શકી.


ગીતા બાલી

લગ્ન પછીની મારી બધી જ જાહેર તસવીરોમાં હું સાડી જ પહેરતી અને માથે ઓઢી રાખતી. પલ્લું માથા પર રાખવાની કપૂર ખાનદાનની પરંપરાને મેં અભિનેત્રી તરીકે પણ પૂરી શ્રદ્ધાથી નિભાવી... ૧૯૬૦માં 'મુઘલ-એ-આઝમ' રિલીઝ થઈ. દિગ્વિજયસિંહ મોટો થઈ ગયો હતો. એ હવે કામ કરવા લાગ્યો હતો. એ સહાયક દિગ્દર્શક તરીકે કામ કરતો હતો. અશોક કુમારને લઈને એક ફિલ્મ 'રાગ રંગ'નું પણ પ્લાનિંગ ચાલી રહ્યું હતું. વહેલો મોડો એ પોતાની કારકિર્દી બનાવી લેશે એ વિશે હું નિશ્ચિત થઈ ગઈ હતી. હરદર્શનનું શિક્ષણ પણ પૂરું થઈ ગયું હતું. હવે હું ફિલ્મોમાં કામ ન કરું તો ચાલે એવી સ્થિતિ મારા પરિવાર માટે થઈ ચૂકી હતી ત્યારે મેં ફિલ્મોમાંથી સંન્યાસ લેવાનું નક્કી કર્યું. આદિત્ય ચાર વર્ષનો હતો ત્યારે મારા બીજા સંતાન-દીકરી કંચનનો જન્મ થયો. અમારો પરિવાર કમ્પલિટ થઈ ગયો. મેં ફિલ્મોને લગભગ ગુડબાય કહી દીધું હતું. સંતાનો ઉછેરવામાં મારો પૂરો સમય ખૂબ આનંદમાં પસાર થતો. આદિત્ય સ્કૂલે જવા લાગ્યો હતો. કંચન બહુ નાની હતી... પરિવારને સમય આપીને હું ખૂબ ખુશ રહેતી. શમ્મી ઘરે આવે ત્યારે હું ઘરે હોઉં એ મારું સપનું હવે સાચું પડ્યું હતું.

કિસ્મતને કોઈની ખુશી ક્યારેક મંજૂર નથી હોતી... અમારાં લગ્નને લગભગ ૧૦ વર્ષ પૂરાં થયા ત્યારે શમ્મીએ એક સુંદર પાર્ટી આપી. સહુ આમંત્રિત મહેમાનો અમારા આ સંસારને ખૂબ અહોભાવથી આશીર્વાદ અને શુભેચ્છા આપીને ગયાં... આદિત્ય ૧૦ વર્ષનો અને કંચન ચાર વર્ષની થઈ ગઈ હતી. એ વખતે એક પંજાબી ફિલ્મની ઓફર આવી. જેનું નામ 'રાનો' હતું અને એ વુમન એમ્પાવરમેન્ટ, પંજાબની દીકરીઓના જીવન ઉપર આધારિત હતી. મને વિષય ખૂબ ગમ્યો એટલે શમ્મીને પૂછીને મેં એ ફિલ્મ સ્વીકારી. શુટિંગ અમૃતસરમાં હતું.

હું શૂટિંગમાં ગઈ. એના ચોથા દિવસે મને તાવ આવ્યો. સામાન્ય તાવ માનીને મેં પેરાસિટામોલ લીધી, પરંતુ બીજે જ દિવસે મારા શરીર અને ચહેરા પર નાના નાના ફોલ્લા ઉપસી આવ્યા. ડૉક્ટરને બતાવ્યું ત્યારે ખબર પડી કે આ શીતળા હતા. બે દિવસમાં આખો ચહેરો ભરાઈ ગયો અને તાવ ખૂબ વધી ગયો. વિમાનમાં મને મુંબઈ લાવવામાં આવી. હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી...

છેલ્લા ૧૦ દિવસથી હૉસ્પિટલમાં એકલી સૂતી છું. ચેપી રોગની હૉસ્પિટલમાં અન્ય કોઈને દાખલ થવા દેતા નથી. શમ્મી દિવસમાં એક વાર આવે છે ત્યારે એમને થોડીક વાર માટે અંદર આવવા દે છે, પરંતુ મારા દીકરા આદિત્ય અને કંચનને અંદર આવવા દેતા નથી. મેં શમ્મીને કહ્યું, 'મને ઘરે જવું છે. મારી પાસે બહુ સમય નથી. હું હૉસ્પિટલના બિછાના પર નહીં, મારા ઘરમાં પ્રાણ છોડવા માગું છું.'

શમ્મી એ દિવસે ખૂબ રડ્યાં. પછી ડોક્ટર સાથે વાત કરીને એમણે મને ઘરે લઈ જવાની વ્યવસ્થા કરી. એક અલાયદો રૂમ મારે માટે કાઢવામાં આવ્યો જેમાં બધી જ મેડિકલ ફેસિલિટી ઊભી કરવામાં આવી. રાત-દિવસની બે નર્સ રાખવામાં આવી. શીતળા ચેપી રોગ છે એટલે બાળકોને મારી પાસે આવવા દેતા નહીં, પરંતુ દૂરથી મને જોઈને આદિત્ય રડતો એ જોઈને મને પણ રડવું આવતું. કંચન હજી બરાબર સમજતી નહીં એટલે મારી પાસે આવવાની જીદ કરતી. રીતુ સમજદાર હતી. રણધીર પણ સમજી શકતો હતો કે શું થઈ રહ્યું છે... પાપાજી ચિંતામાં રહેતા. સહુ સમજતા હતા, પણ કોઈ એકબીજા સાથે વાત કરતા નહીં. અંતે, આજે... ૨૦મી જાન્યુઆરીએ મને સનેપાત શરૂ થયો છે... ધાણી ફૂટે એવા તાવને કારણે મગજમાં તાવ ચઢી ગયો છે, હું શું બોલી રહી છું એનું મને ભાન નથી! જાતભાતના દશ્યો દેખાય છે. આંખ ઉપર પણ શીતળા થઈ હોવાને કારણે આંખ ખૂલતી નથી. બધાની પરવાહ છોડીને શમ્મી મારો હાથ પકડીને મારી બાજુમાં બેઠા છે... બસ! હવે હું આ દુનિયા છોડીશ એ વાત મને અનુભવાઈ રહી છે.

નોધ: લગભગ ૨૫ દિવસની બીમારી પછી ૨૧ જાન્યુઆરી, ૧૯૬૫ના દિવસે એમનું મૃત્યુ થયું ત્યારે એમની ઉંમર ૩૪ વર્ષની હતી.

(સમાપ્ત)

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# જાને કહાં ગયે વો દિન...




આ જગતમાં મોટીવેટરોનો રાફડો ફાટ્યો છે. વ્હોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ, સામયિક કે પછી વર્તમાનપત્રો ખોલતામાં જ તમારી સામે મોટીવેશનલ ગુરુઓ (નવી બોટલમાં જૂનો દારૂ ભરીને) ઉછીનું કે ઉધાર લાવેલું જ્ઞાન ગળું ફાડી ફાડીને વેરતા જોવા મળે છે. એમાં એક મુદ્દો તો એમણે આપણને લગભગ ગોખાવી જ દીધો છે અને એ એમ કે 'સુખી થવું હોય તો વર્તમાનમાં જીવો. વર્તમાન સુધારો.'

આમ તો આપણા ઘરમાં જ અનેક મોટીવેટરો આપણને ડગલે ને પગલે જ્ઞાન પીરસતાં જ રહે છે. એકવાર અમે અમારા બાપાને કહ્યું કે 'તમે વારે વારે કહો છો ને કે હમણાં જ કરી નાખો. જે પણ કરવું છે તે કરવા માંડો. તો બાપા, મને તો હમણાં ને હમણાં બેન્કમાં મૂકેલા બધા પૈસાનું શોપિંગ કરવું છે. મને તો હમણાં ને હમણાં (વર્તમાનમાં) જ બ્રાન્ડેડ કપડાં અને દાગીના લાવીને વટ મારવો છે. જેથી તમારી પણ વાહ વાહ થાય કે રમેશભાઈનાં ઘરનાં બધા છોકરા - છોકરી બ્રાન્ડેડ જ પહેરે છે. આપણા બંનેનો વર્તમાન સુધરી જાય.'

બસ, બીજું તો કંઈ ના થયું પણ બાપાની એક થપ્પડ જરૂર પડી અને અમારાં બાને અને અમને એક કલાકનું લેક્ચર સાંભળવા મળ્યું.

'વર્તમાનમાં કરવાનું એટલે બાપાનું તૈયાર બેલેન્સ વાપરવાનું એમ નહીં, પણ જાતે હાડકાં વાંકાં વાળીને વર્તમાનને ઊજળો બનાવવાનો. દિવાસ્વપ્ન જોવાનો કે ભૂતકાળ વાગોળવાનો કે બાપાની મિલકત અને તિજોરી સફાચટ કરવાની વાત એમાં નથી આવતી. સમજ્યાં?'

અમે થોડાં અલ્લડ અને ટીખળ કરનારાં હતાં એટલે અમે બા સામે જોતાં કહ્યું, 'બા, બાપાએ જે કહ્યું છે એ બધું તારે માટે છે. મારે માટે નહીં.'

અને એ સાથે જ અમને એક થપ્પડ વધારે પ્રસાદ રૂપે મળેલી.

દિવસ - રાત ઘરનાં લોકો, શાળા કોલેજમાં ગુરુજનો અને હવે તો સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મ્સ વાળા એકની એક વાત આડી અવળી કરીને પેશ કરે છે. મને એવું લાગે છે કે જેને ઘરમાં કોઈ સાંભળતું નહીં હોય એવા આ લોકો મોટીવેશનની દુકાન ખોલીને બેઠા હશે. કદાચ ઘરમાં એવા મોટીવેશનલ ભાઈઓને એમની પત્નીએ વોર્નિંગ આપી હશે કે એક પણ શબ્દ વધારાનો બોલશો નહીં. ઉપદેશાત્મક, પ્રોત્સાહક કે સલાહ સૂચનથી ભરેલાં વાક્યો બોલ્યા તો ખાવા પીવાનું બંધ કરવામાં આવશે. અને એમ પણ તમે કાબૂમાં નહીં આવ્યા તો ઉપલે માળે એક રૂમમાં પૂરીને તાળું મારી તમને બંધ કરી દઈશું. તમારું ટિફિન તમને તમારા રૂમમાં જ મળી જશે. ત્યાં તમે મોબાઇલમાં તમારી સ્પીચ અપલોડ કરી કરીને મોટીવેશનલ મહા ગુરુની પદવી પ્રાપ્ત કરી શકો છો. બાકી ઘરમાં રહેવું હોય તો મારા હુકમને વશ થઈને રહેજો.

વર્તમાન સુધારતાં આ મોટીવેશન જ્યારે જ્યારે ઘરમાં આવતાં હશે ત્યારે 'જરા ખાવાનું આપજો પ્લીઝ...' એનાથી વધારે બોલવાની હિંમત નહીં જ કરતા હોય! જો કે વર્તમાનમાં જીવનારા સુખી તો છે જ. બાકી અમારા ઘણા મિત્રો અને કાકા, મામા, દાદી, માસીઓ જ્યારે પણ મળે ત્યારે 'અમારા જમાનામાં તો અમને એટલું દુઃખ પડ્યું હતું કે...' એ પછી એ બધા જે વર્ણન કરે એ લગભગ તમામે તમામ દુઃખી જીવોનું સરખું જ હોય છે , પણ ભલા માણસ, તમને પડેલાં દુઃખનું વર્ણન સાંભળીને બોર થવાનું કામ અમારું નથી. તમારાં દુઃખનાં પોટલાં અને તમારો ભૂતકાળ તમારી સાથે. દુઃખો યાદ કરી કરીને નિઃસાસા નાખનારાઓથી દુનિયા ભરેલી પડેલી છે અને એવા દુઃખીઓ પર હસનારાઓ પણ ઓછા ક્યાં છે ભલા!

અમારે ત્યાં મારાં દાદી એમનું સાસુ પુરાણ શરૂ કરે એટલે ઘરનાં તમામ એકી સાથે બોલે છે. 'બસ દાદી, સ્વર્ગમાં સિધાવેલ તમારાં સાસુને હવે મોક્ષ આપો. પ્લીઝ... અને સાથે અમારા કાનને પણ રાહત આપો. પ્લીઝ.'

આ મોટીવેશનલ ગુરુઓ પાસે બેસવા કરતાં તો ઘણીવાર ભૂતકાળ વાગોળતાં દાદા - દાદી, નાના- નાની પાસે બેસવું એ એક વટવૃક્ષની શીતળ છાયામાં બેસવા બરાબર છે. દાદી પાસે એમની બનાવેલી (ઉપજાવી કાઢેલી) વાર્તાઓનો ખજાનો કદી ખાલી થતો નથી. અમારા બાપા તો એક બાબરા ભૂતની વાર્તા કહેતા. જેનો અંત એમનાં મૃત્યુ પર્યંત આવ્યો નહીં. પેલો બાબરો ભૂત પણ બાપાનાં મૃત્યુ સાથે જ મોક્ષ માર્ગે ગયેલો.

દર વેકેશનમાં કાકા, મામા, માસી, ફોઈનાં છોકરાંઓ ગામ આવતાં. ખાસ કેરી ખાવા અને ગામનાં ખેતર - પાદર - ફળિયામાં રમવા અને મસ્તી કરવા. અમારા પિતાજી રોજ રાતે ફળિયામાં સૂતેલાં તમામ બાળકોને ભેગાં કરીને બાબરા ભૂતની વાર્તા કરતા. વેકેશન પતે પણ વાર્તાનો અંત આવે નહીં. વાર્તા જ્યાંથી બાકી રહે ત્યાંથી ફરી બીજે વર્ષે શરૂ થાય, પણ વાર્તાની શરૂઆતમાં અને અંતમાં પણ મોટીવેશનલ અર્કનું મિશ્રણ હંમેશાં રહેતું.

હવે સુખી થવું હોય તો 'અમારા જમાનામાં તો અમે આમ કરેલું. અમારે કેટલાં દુઃખો સહન કરવા પડેલાં.' વગેરે બબડવા ગયાં તો આપણાં બાળકો આપણને તરત જ કહેશે... 'જેવાં તમારાં કર્મ!' એ તો ભોગવ્યે જ છૂટકો. તમારી વ્યથા અમને સંભળાવવાથી શું થવાનું? અમારાં કર્મ સારા હશે તો અમે સુખી છીએ. એક કામ કરો. તમે વર્તમાનમાં જીવો, ખુશ રહો અને અમને પણ ખુશ રહેવા દો...ને નવી પેઢી તો બધું શીખીને જ જન્મી છે. એમને મોટીવેટરની જરૂર જ નથી. સમજ્યાં ને! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# પ્રામાણિક સત્યને વિનમ્રતા સાથે શું સંબંધ ....

વેદા શર્મા સ્કૂલની સૌથી મુંહફટ્ટ છોકરી. વાતે-વાતે લોકોને ઉતારી પાડવા એ એનું મુખ્ય કાર્ય. સતત સાચું બોલવાના બહાને ગમે એના પર શબ્દોના આકરા પ્રહાર કરવા એ વેદા માટે સામાન્ય વાત ગણાતી. વેદા પોતાની આ ખાસિયત માટે હંમેશાં અભિમાન કરતી. પોતાની નજીકના વ્યક્તિઓને પણ એ ટીકા-ટિપ્પણીમાંથી બાકાત રાખતી નહીં. રિયાના વાળ પર, અર્જુનના ચિત્ર પર,પ્રિયાના સંગીત ને નૈનાના નૃત્ય પર કમેન્ટ કરી બધાંને ખડખડાટ હસાવનાર વેદા ધીરે-ધીરે એના કહેવાતા સત્યના વિશ્વમાં ગુમાનભેર જીવવા લાગી. લોકો દૂર થયાં, મિત્રો અંતર રાખવા લાગ્યાં, એનો સામાજિક બહિષ્કાર થવા લાગ્યો. એ જોઈ અંતે અકળાયેલી વેદા આકરી થવાં જાય ત્યાં એની ખાસ બહેનપણી મહેરે એની સામે સત્યનો અરીસો ધર્યો. ત્યારથી એનું મગજ સતત મહેર દ્વારા કહેવાયેલા પ્રસંગોમાં ઘૂમી રહ્યું હતું. પોતે જાહેરમાં કરેલી ટીકા બાદ રિયાનો ઊતરેલો ચહેરો એને દેખાયો. પ્રિયાનો તૂટેલો અવાજ અને અર્જુને ફેંકી દીધેલું પેન્ટબ્રશ પણ દેખાયું. પહેલીવાર પોતાના શબ્દો થકી આસપાસ લોકોને ઘેરી વળેલી ઉદાસી પણ બહાર ડોકાઈ.... એ લાચાર નજરો તરવરી ઊઠી જે વેદાની ઓનેસ્ટીની આડમાં અપમાનનો ભોગ બની બેસતી.

વેદા હંમેશાં એવું માનતી આવેલી કે, ઈમાનદારી એક સદગુણ છે. આજે પહેલીવાર એને ભાન થયું કે, ઈમાનદારી કે પ્રામાણિકતાનું પોતે ધારેલું સંસ્કરણ તદ્દન ખોટું છે. વ્યક્તિ પ્રામાણિક હોય પણ સાથોસાથ એ દયાળુ હોવું ખૂબ જરૂરી છે. એવી પ્રામાણિકતા કે જેનાથી તમારી આસપાસ માત્ર દુઃખનો ફેલાવો થતો હોય. એનું કોઈ મહત્ત્વ નથી રહેતું. અત્યાર સુધી સત્યને વળગી રહી એ શું સાબિત કરવા માગતી હતી? શું સત્યની ઓથે અન્યોને ઉતારી પાડવાની તક શોધતી હતી? પહેલી વખત વેદાએ જાતને એ રીતે પ્રશ્ન પૂછ્યો. જે રીતે એ અન્યોને પૂછતી. એકદમ ખુલ્લો, શબ્દો ચોર્યા વગરનો ધારદાર, વેધક સવાલ અને પહેલીવાર વેદા ઓઝપાય ગઈ. સત્યને પણ થોડું નરમ બનાવી શકાય એ પણ એણે પહેલી વાર જાણ્યું.

બીજા દિવસે સૌથી પહેલા સ્કૂલે પહોંચી એ રિયાની રાહ જોતી ઊભી રહી. રિયા હજુ તો ગેટમાં પગ મૂકે ત્યાં સામેથી હાથ હલાવતી વેદા આડી ઊતરી. 'હાઈ, આપણે વાત કરી શકીએ?' રિયા આમ થોડી ખચકાય, પણ એણે હકારમાં માથું ધુણાવ્યું.

'યાર,

રિયા... હું તને સોરી કહેવા માંગું છું. મેં તને એ દિવસે તારા હેર કટ વિશે જે કહ્યું. એના માટે આઈ એમ રિઅલી સોરી. હું બહુ 'રુડ' હતી. મને એમ હતું કે, હું એમ જ તારી થોડી મજાક કરું. પણ ક્લાસમાં જે થયું એવું મારો મતલબ નહોતો. ખરું તો આ હેર કટમાં તું એકદમ બોલ્ડ લાગે છે.!'



રિયાને તો માન્યામાં ના આવ્યું. આ શું! કાગડાના મોઢામાં સરસ્વતી? થેન્ક્યુ... કહી એ આગળ ચાલી નીકળી ગઈ.

વળી પોતે કંઈક બોલે અને વેદાબેનનો બફાટ શરૂ થાય એ સાંભળવાની એનામાં હિંમત નહોતી.

જોકે આ બાજુ વેદાના ચિતે ટાઢક વળી. ચાલો, એકની માફી માગી. હવે બીજાનો વારો.

ફિઝિક્સ લેબ પાસે એને પ્રિયા મળી. મ્યુઝિક રૂમમાં અર્જુન અને આર્ટ ક્લાસમાં નૌના મળી. બધા પાસે વેદાએ પોતાને સાચાં-સારાં લાગે એ કારણો આપી માફી માગી. પોતે ખોટી હતી એવું બધાની સમક્ષ સ્વીકારી પણ લીધું.

રિસેસ સુધીમાં તો આ સમાચાર ચારેકોર પ્રસરી ગયા. લોકોના આશ્ચર્યનો પાર નહોતો. હેં, વેદા શર્મા માફી માગે? આ વાત સાચી હોવા છતાં માન્યામાં આવે એવી નહોતી.

એ દિવસે સાંજે ઘરની અગાસી પર મહેર અને વેદા સામસામે બેઠાં હતાં. 'વેદા, તે જે રીતે પ્રામાણિકતાપૂર્વક ભૂલ સ્વીકારી એ બહુ હિંમત માગી લેનારી વાત છે.' આ સાંભળી વેદાબેન રાજી-રાજી થઈ ઉઠ્યાં.

'જોયું મેં તને કહ્યું હતું ને કે, સાચું બોલીએ તો લોકો એને સ્વીકારે જ.' વેદા ઉત્સાહમાં બોલી ઊઠી, પણ મહેરે એને ટપારતાં કહ્યું :

પરંતુ જે રીતે આજે સાચું બોલી ને, એ પ્રકારનું સાચું બોલવાનું. તું જે અત્યાર સુધી બોલતી આવી છે ને એ રીતે નહીં. આપણા બોલવાથી બીજાને દુઃખ થાય, એમનું જાહેરમાં અપમાન થાય, એમની મજાક બની બેસે એવાં સત્યોનાં બાણ જ્યાં-ત્યાં છોડતાં નહીં ફરવાનું.'

એ દિવસ પછી હજુ વેદા જૂઠ્ઠ તો ક્યારેય નથી બોલતી.

હવે એ બોલતાં પહેલા અટકે છે. જાતને પૂછે છે કે, આવું બોલવું શું અનિવાર્ય છે? પોતે બીજાને કારણ વગર દુઃખી તો નથી કરી રહી ને!'

થોડા સમયમાં મિત્રોને એના પર ફરી વિશ્વાસ આવવા લાગ્યો. વેદાએ પોતાની જાતને બદલી છે. શબ્દોને જ્યાં-ત્યાં વેડફવામાં હવે એને આનંદ નથી આવતો. એ આજે પણ સત્યની ચાહક છે, પરંતુ આખાબોલી નથી રહી. એનું સત્ય હવે ક્રૂર નથી રહ્યું. એ થોડું વિનમ્ર થયું છે. એની ડાયરીના પહેલા પાને આ ક્વોટે કાયમ માટે જગ્યા લઈ લીધી છે.'

"when spoken with kindness, even the hardest truths can heal instead of hurt." ■

વિશ્લેષણ
અંતરા પટેલ
feedback.ladki@bombaysamachar.com

## હર્ષ- આનંદ - પ્રસન્નતા-ખુશીથી લઈને વિષાદ - દુઃખ - ખેદ કે નિષ્ફળતા સુધી જેનું એકચક્રી સામ્રાજય છે એવી એક કુદરતી પ્રક્રિયા એટલે

# આંસુ...

મને આસાનીથી રડવું નથી આવતું. જયારે મારા માતા- પિતાનું નિધન થયું ત્યારે હું નહોતી રોઈ. હા , આંસુહ તા , પણ તે આંખોથી છલકાયા નહિ. જયારે મારુ કોઈ અન્ય લોકોની સામે જાહેરમાં અપમાન થયું કે મને કોઈ ગંભીર ઇજા કે કોઈ ગંભીર નુકસાન થયું ત્યારે પણ હું નહોતી રોઈ .

જે નિમિત્ત કે ઘટના જેમકે, અંતિમસંસ્કાર, વિદાઈ અથવા ભાવનાત્મક ફિલ્મ જોતા જોતા મોટા ભાગના લોકો રડી પડે છે એ વખતે પણ મને રડવું નથી આવતું તો એનો અર્થ એ થયો કે હું માણસ નથી?

'રોવાથી કઈ નસીબ નથી બદલાતા.આખી જિંદગી મને આ વાતે રોવા ન દીધી'.સુદર્શન ફકીરે આ શેર લગભગ મારા માટે જ લખ્યો હતો.

જયારે અમાન્ડા અનિસિમોવા વિમ્બલ્ડન મેચ હારી ગયા પછી વર્લ્ડ ટેલિવિઝન પર પોક મૂકીને રડતા જોઈ ત્યારે મને મનમાં એક પ્રશ્ન એ ઊઠ્યો કે કેમેરાની સામે હોવા છતાં એ પોતાના આંસુ રોકી ન શકી કે ચહેરા પર કોઈ ખોટી વિષાદભરી મુસકાન પણ લાવવાની કોશિશ ન કરી.

એ વખતે મને અમાન્ડાના રોવામાં એક સચ્ચાઈ દેખાઈ.


આપણે હંમેશાં રડવાને એક નબળાઈ માનીએ છીએ કે પછી એમ માની ન લેવું કે એ વ્યક્તિ ખૂબ જ લાગણીશીલ છે કે પછી કોઈ વ્યક્તિ જયારે પોતાની લાગણીઓ પર નિયંત્રણ ગુમાવે છે ત્યારે તે રડે છે.

આ વાત ખાસ પુરુષોના સંદર્ભમાં કહેવામાં આવે છે કે, 'પુરુષો રડે નહિ' એટલે એમની પાસે એવી આશા રાખવામાં આવે છે કે એ પોતાના આંસુ પી જાય. બાળપણમા કયારેક મારો ભાઈ રડતો તો એને એમ કહેવામાં આવતું કે,'છોકરીઓની જેમ રડવાનું બંધ કર!' . જાણે રડવાનો એ છોકરીઓનો અધિકાર છે. હવે મને વિચાર આવે છે કે, આ પ્રકારની માન્યતા માત્ર છોકરાને નીચા દેખાડવા માટે નહિ પરંતુ છોકરીનું અપમાન પણ છે એટલા માટે જ મેં આના વિરોધમાં રડવાનું બંધ કરી દીધું.

બાળપણથી જ છોકરાઓને પોતાની લાગણીને કઇ રીતે કાબૂમાં રાખવી એ શીખવાડવામાં આવે છે જયારે છોકરીઓ વધારે પડતી લાગણીશીલતા દર્શાવે. . બાળપણથી જ ઘરમાં કે શાળામાં એનો ઉછેર એ વિચારધારાથી કરવામાં આવે છે કે, સહનશીલતાનો અર્થ એટલે તાકાત અને આંસુ એટલે નબળાઈ અને અસ્થિરતાની નિશાની છે. હકીકતમાં રડવાનું આનાથી પણ વધારે જટિલ છે. જયારે કોઈનું મરણ થાય ત્યારે જે દુ:ખ લાગે અને રડવું આવે એ સહજ છે. કોઈ પ્રિયજનની દુનિયામાંથી વિદાય એ ખૂબ પીડાદાયક હોય છે. હતાશા, પીડા,અને ભયંકર થાકને કારણે પણ રડવું આવે છે.

મારી એક મિત્રની ઇન્ટરનેશનલ ફ્લાઈટ મિસ થઈ ગઈ એટલે એ ખૂબ જ રડી હતી. રડવાનું કારણ ફ્લાઇટ મિસ થવું એ નહોતું ,પણ વિદેશ જવાનો અવસર એ ચૂકી એ હતું!

દુ:ખની જેમ ખુશીના આંસુને પણ કઈ રીતે ભૂલી શકાય ? લગ્ન પછી અમે જયારે મારી દીકરીને વિદાય આપી હતી ત્યારે મેં મારા ભાઈને રડતા જોયો જેને હું પથ્થર દિલ માનતી હતી. આજ રીતે શતરંજ ના બાહોશ ખેલાડી દિવ્યા દેશમુખ જયારે




વિશ્વ કપ જીતી ત્યારે મેં એને રડતા જોઈ હતી. જોકે એ જયારે અન્ય સ્પર્ધા હારી ત્યારે એ જરાય રડી નહોતી !

'સેન્ડી હૂક સ્કૂલ' માં ગોળીબાર બાદ રાષ્ટ્રને સંબોધન કરતી વખતે અમેરિકન પ્રમુખ બરાક ઓબામા રડી પડ્યા હતા. ૨૦૦૯માં રાફેલ નડાલ સામે ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઇનલ હાર્યા બાદ રોજર ફેડરરે રડતા રડતા કહ્યું હતું કે,' ઓ ગોડ, આઈ એમ ડાઈંગ,,,! ' આસામમાં પૂર પીડિતોની દુર્દશા સાંભળીને હેમ બરુઆ સંસદમાં રડી પડ્યા હતા. રાહુલ દ્રવિડ પોતાની ફેરવેલ સ્પીચ આપતા આપતા રડી પડ્યો હતો.

રડવાથી આ લોકો નાના નથી થઈ ગયા. આંસુઓએ એમને વધુ માનવતા અને વાસ્તવિકતા સાથે સાંકળે દીધા હતા.

આપણે ખાસ કરીને સાર્વજનિક અને પ્રોફેશનલ જીવનમાં આંસુઓને ખરાબ સમજીયે છીએ. એક વખત મારા સહકર્મચારી પોતાની વ્યથા સંભળાવતા રડી પડ્યા તો મેં તથા અમારા બોસે એની મજાક ઉડાવતા કહ્યું કે, 'તમારે બધાની સામે રોવાય નહિ'.

સવાલ થાય : કેમ ન રડાય? જ્યાં



હમદર્દીનું મહત્ત્વ સૌથી વધારે હોય ત્યાં વાસ્તવિકતા - સચ્ચાઈ કેમ આપણે સ્વીકારતા નથી?

રડવું એક દવા બરાબર છે. મારી મમ્મી હંમેશાં કહેતી હતી કે , રડી લેવાથી દુઃખ હળવું થાય છે. સાયન્સનું પણ એ જ કહેવું છે. ભાવનાત્મક આંસુઓમાં એન્ટી સ્ટ્રેસ હોર્મોન હોય છે. રડવાથી તનાવ ઓછો થાય છે, નર્વસ સિસ્ટમને આરામ મળે છે અને રાહત અનુભવાય છે. તેથી જ લોકો કહે છે કે, 'મને રડ્યા પછી ખૂબ જ સારુ લાગ્યું'.

જાપાનમાં તો રડવા માટે ક્લબ છે જ્યાં બધા સાથે રડવા માટે ભેગા થાય છે. આ પ્રથાને 'રુઇ - કટાસુ' ( આંસુની તલાશ) કહેવામાં આવે છે. રડવું એ એક બીમારી નથી, પરંતુ શરીરને સાજું કરવાની એક રીત છે.

દરેક જણ આસાનીથી નથી રડી શકતું. ઘણા લોકો, મારી જેમ, વસ્તુઓને ખરેખર મહેસૂસ કરે છે, પરંતુ પોતાની ભાવનાઓને અલગ અલગ રીતે વ્યક્ત કરે છે. મારા હિસાબે આ બરાબર છે.

ોકોના સ્વભાવ, વ્યક્તિત્વ તેમ જ હોર્મોનલ બદલાવ અલગ અલગ રીતે હોય છે. આપણે એ માન્યતામાંથી - ખોટી ધારણાઓ પર પૂર્ણ વિરામ મૂકીને એમાંથી બહાર આવી જવું જોઈએ કે રડવું એ ખરાબ છે કે પછી ખોટું છે. રડવું કે ન રડવું એ માણસના ચારિત્ર્ય માટે ચોક્કસ કંઈક છે.

હું એવા ઘણા દ્રઢ મનોબળવાળી વ્યક્તિઓને જાણું છે કે એ ભરી સભામાં પણ રડી શકે...આપણે અહીં એ આંસુઓને એ રીતે ન જોવા જોઈએ કે પેલી વ્યક્તિએ પોતાના પરનું નિયંત્રણ ગુમાવી દીધું છે.

આપણે અહીં એ સમજવું જોઈએ કે આ આંસુઓ જ એ વ્યક્તિની સાચી ઓળખ છે. આ સંસારમાં સાચા આંસુ જ માણસની સાચી અભિવ્યક્તિ છે. ■

# ફેન્સી ને ટ્રેડિશનલ ધોતી

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com





ધોતી એટલે બોટમમાં પહેરવામાં આવતું વસ્ત્ર. એક મોટા વસ્ત્રને કમરના નીચેના ભાગમાં ડ્રેપિંગ કરી પહેરવામાં આવે તેને ધોતી કહેવાય. આમ જોઈએ તો ધોતી એ પુરુષોનો પહેરવેશ છે છતાં સ્ત્રીઓ પણ ધોતી પહેરતા અચકાતી નથી. ધોતી પહેરવાથી એક ટ્રેડિશનલ લુક તો આવે જ છે સાથે એક ફેન્સી લુક પણ આવે છે.

પહેલા ધોતી એક ખુલ્લા કાપડમાંથી પહેરવામાં આવતી અને હવે રેડી ટુ વેર ધોતી મળે છે એટલે કે, આખી ધોતી રેડી જ હોય. ધોતીના ફેબ્રિકમાં ઘણી વેરાઈટી આવે છે જેમકે, કોટન, હોઝિયરી, સિન્થેટીક વગેરે. ધોતી સાથે થોડું ઘણું મિક્સ એન્ડ મેચ કરવાથી ડ્રેસી લુક આવે છે. નવરાત્રી માટે ધોતી એ એક બેસ્ટ ઓપશન છે. ચાલો ધોતી કયા ટાઈપની હોય અને નવરાત્રીમાં કઈ રીતે પહેરી શકાય તે જાણીયે.

કોટન ધોતી - કોટન ફેબ્રિકમાં ઘણી વેરાઈટી આવે છે. પ્રિન્ટેડ કે પછી પ્લેન. ધોતીમાં પ્લીટ હોય છે અને પહેરવામાં લૂઝ હોવાથી કંફર્ટેબલ લાગે છે. કોટન ફેબ્રિક્માં પ્લીટ બરાબર બેસે છે અને દેખાય છે. ધોતી પહેર્યા પછી એન્કલ પાસે ક્રોસમાં ફેબ્રિક ઓવરલેપ થાય છે. એટલે નીચેથી નેરો લુક આવે છે અને ઉપરથી હેવી અને પહોળો લુક આવે છે. જેમનો કમર અને હીપનો ભાગ વધારે હોય તેમણે કોટનની ધોતી પહેરવી નહીં. કોટનની ધોતી સાથે કોઈ પણ સ્ટાઈલનું ફેન્સી ટોપ પહેરી શકાય. જો કેડિયા સ્ટાઈલ હશે તો વધારે સારુ લાગશે. યન્ગ યુવતીઓ ધોતી સાથે ક્રોપ ટોપ અને સ્પેગેટી પહેરે છે. જો તમારી હાઈટ સારી હોય તો ધોતી સાથે લોન્ગ કુર્તી પણ સારી લાગશે. જો તમને કંઈક અલગ પહેરવું હોય તો બસ્ટ લાઈનમાં મીરર વર્કવાળો પેચ રાખવો અને ત્યારબાદ ટ્રાન્સપરેન્ટ ફેબ્રિકનો પટ્ટો રાખવો. આનાથી ધોતીની પેટર્ન પણ દેખાશે અને સ્ટાઈલીશ લુક આવશે. ખાસ ધ્યાન એ રાખવું કે, જે પ્રમાણેની ધોતી હોવી જોઈએ એ જ પ્રમાણેનું ટોપ સિલેક્ટ કરવું. એટલે કે, પ્લેન ધોતી સાથે પ્રિન્ટેડ ટોપ અને પ્રિન્ટેડ ધોતી સાથે પ્લેન ટોપનું મિક્સ એન્ડ મેચ કરી શકાય.

હોઝિયરી- હોઝિયરી ફેબ્રિકમાંથી બનેલી ધોતી પહેરવામાં ખૂબ જ કંફરટેબલ હોય છે. હોઝિયરી ધોતી એટલેઈઝી ટુ વેર અને રેડી ટુ વેર. હોઝિયરી ધોતીનું ફેબ્રિક પહેર્યા પછી લબળી પડે છે. હોઝિયરી ફેબ્રિકની ધોતી બધી જ વયની મહિલાઓને સારી લાગે છે. હોઝિયરી ફેબ્રિક સાથે કોઈ પણ સ્ટાઈલનું ટોપ પહેરી શકાય. આ ધોતી એક કેઝ્યુઅલ લુક આપે છે. જો હોઝિયરી ધોતી સાથે કેઝ્યુઅલ ટોપ પહેરીયે તો કેઝ્યુઅલ લુક આવશે, જો હોઝિયરીની ધોતી સાથે ફેન્સી ટોપ પહેરવામાં આવે તો ફેન્સી લુક આવે છે.

નવરાત્રીમાં પહેરવાં માટે ધોતી એ બેસ્ટ ઓપશન છે. ધોતી સાથે કરેલું મિક્સ એન્ડ મેચ નવરાત્રીમાં હંમેશાં સારુ લાગે છે. હંમેશાં ડાર્ક કલરની ધોતી પસંદ કરવી જેથી કરી તેની સાથે મિકસ એન્ડ મેચ કરવું સારુ પડે. રમતા રમતા ધોતી પગમાં આવતી નથી. ધોતી સાથે શોર્ટ ટોપ પહેરી તેની સાથે શોર્ટ જેકેટ પહેરી સ્ટાઈલિગ કરી શકાય. જો તમને ફેશનની આગવી સૂઝ હોય તો તમે બાંધણીના ફેબ્રિકની પણ ધોતી બનાવી શકો. આ ધોતી સાથે કોન્ટ્રાસ્ટ શેડમાં ટ્રાન્સપરેન્ટ ટોપ પહેરી શકાય. જેમકે જો રાણી કલરની ધોતી હોય તો તેની સાથે બ્રાઈટ ઓરેન્જ કલરનું ટોપ સારુ લાગશે. જો બ્લુ કલરની ધોતી હોય તો રેડ કે યલો કલરનું ટોપ પહેરી શકાય. ટોપના કલરની પસંદગી તમે તમારા સ્કીન ટાઈપ પ્રમાણે કરી શકો. ત્યાર બાદ મલ્ટી કલરની જ્વેલરી પહેરવી. નવરાત્રીમાં જેટલા બ્રાઈટ કલર પહેરશો તેટલો લુક વધારે સારો આવશે.

નવરાત્રીમાં આમ તો ઘણા ઓપશન છે પહેરવા માટે પરંતુ જેમને માત્ર આનંદ જ કરવો હોય તેની માટે ધોતી એ એક બેસ્ટ ઓપશન છે જે એક પરફેક્ટ ઈન્ડો વેસ્ટર્ન લુક આપે છે. ધોતી બધી જ વયની મહિલાઓ પહેરી શકે છે. ટોપની પસંદગી તમે તમારી ઉંમર મુજબ અને પર્સનાલિટી મુજબ કરી શકો. ફેશનનું આંધળું અનુકરણ કરવું નહીં. તમને જે ગમે અને કંફર્ટેબલ હોય તેવા જ કપડા પહેરવા.

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# મીઠું-મધુર સ્મિત ન હોય તો તમારા પોષાકની કોઈ કિંમત નથી



સ્ત્રી હોય કે પુરુષ, પરિણીત હોય કે અપરિણીત બાલીગ હોય કે નાબાલીગ! હસ્તું મુખડું કોને ન ગમે?

- ગાંધીજી ઘણીવાર ગંભીર વાતો કરતા, પરંતુ હાસ્યના પણ એટલા જ શોખીન હતા. આશ્રમનો એમનો ઓરડો હાસ્યનાં અવાજોથી ગૂંજી ઊઠતો. દેશના જટિલ પ્રશ્નો ઉકેલવાનો જેના પર બોજો હોય છતાં આવું મુક્ત હાસ્ય કરી શકે એજ તો મહાત્મા કહેવાયને?

મારી લાડકી બહેનો! આજે સ્ત્રીઓ અનેક પ્રકારની તાણ અને દીન-દુન્યવી સમસ્યાઓ હેઠળ જીવન જીવી રહી છે ત્યારે એ સનાતન સત્યને કદી પણ ભૂલશો નહીં કે,

* હાસ્ય એ મહામૂલું ઔષધ છે.
* હસતા હસતા કામ કરો અને
* કામ કરતા કરતા હસો

- આવી પ્રથાથી કામનો ભાર જરૂર ઓછો લાગે છે.

- દરેક વ્યક્તિમાં 'સેન્સ ઑફ હ્યુમર' તો હોવી જ જોઈએ. તેનાથી પોતાને અને બીજાઓને આનંદ આપી શકાય છે.

- જીવનમાં ગંભીર રહેવું મુશ્કેલ નથી, પરંતુ હસતાં રહેવું અને હળવાશથી જીવવું કઠીન છે.

- કેટલાક લોકોનો સ્વભાવ કાયમી ગુસ્સાવાળો અને ફટકું હોય છે. કેમ જાણે માથે મુસીબતના પહાડ તૂટી પડ્યા હોય તેવું સોગીયું મોઢું રાખીને ફરતા હોય છે. તેઓને ભૂલે ચૂકે કોઈ પ્રશ્ન પૂછો એટલે સીધો જવાબ આપવાને બદલે તમારા અંગ પર આવશે અર્થાત્ આડો જ જવાબ આપશે અને હવે તો સ્ત્રીઓ પણ પુરુષ સમોવડી બનતી જાય છે.

- હસવાના ફાયદાઓ-લાભો વિશે અમેરિકાના વિખ્યાત પત્રકાર નોર્મન કઝિન્સે ઘણા પુસ્તકો લખ્યા છે. તેઓ લખે છે કે,

* ઈન્સાને રોગથી બચવા માટે કમ સે કમ દિવસમાં ત્રણ વખત ખડખડાટ-નિર્દોષતાથી હસવું જોઈએ...

* બહેનો કહેશે કે એવા કોઈ પ્રસંગ વગર હાસ્ય કેમ આવે?

- કઝિન્સ કહે છે કે,

- તમે અરીસા-દર્પણની સામે ઊભા રહી તમારી જાત પર હશો, અને બહેનો તો દર્પણની શોખીન હોય છે.

- હાસ્યથી વ્યક્તિત્વ આકર્ષક બને છે.

- તંદુરસ્ત આરોગ્ય મેળવી શકાય છે.

- જો કે વર્તમાન જમાનો હસવાને બદલે રડવાનો છે. આમ છતાં હસવાનો જાદુ જુદો જ છે, અનોખો છે.

- હસવાથી આત્મવિશ્વાસ જાગૃત થાય છે.

- તમે ગમે તેટલો

* સ્વચ્છ,
* સુઘડ,
* મોંઘો અને ભપકાદાર પોષાક પહેર્યો હોય, પરંતુ તમારા ચહેરા પર મીઠું - મધુર સ્મિત ન હોય તો તમારા પોષાકની કોઈ કિંમત નથી.
* આપણું સ્મિત બધાને આકર્ષે છે,
* કોઈને દિવેલ પીધા જેવું મોઢું ગમતું હોતું નથી.

- સુખ કે સબ સાથી, દુઃખ મેં ન કોઈ...!

**કેટલાક લોકોનો સ્વભાવ કાયમી ગુસ્સાવાળો અને ફટકું હોય છે. કેમ જાણે માથે મુસીબતના પહાડ તૂટી પડ્યા હોય તેવું સોગીયું મોઢું રાખીને ફરતા હોય છે**

- સુખમાં મનુષ્ય માત્ર હસી શકે છે.

- દુઃખમાં પણ હસી લેતા સીખી જવું જોઈએ.

- અને જ્યારે આજના લેખના હાસ્યના વિષયની વાત કરી જ રહ્યા છીએ ત્યારે આપણે પણ થોડું હસી લઈએ.

હસે તેનું ઘર વસે

- પતિઃ તેં કદી કોઈ એવું કામ કર્યું છે, જેનાથી કોઈને લાભ થયો હોય?

* પત્નિઃ કેમ નહીં? તમારી સાથે લગ્ન જે કર્યા છે!

- છગનઃ (હજામ પાસે વાળ કપાવતા) કેમ યાર! તેં કદી ગધેડાની હજામત કરી છે ખરી?

* હજામઃ ના, યાર, આ પ્રથમ જ પ્રસંગ છે!

- અમેરિકાની એક સિનેતારીકાએ જ્યોર્જ બર્નાડ શૉને એમના પુસ્તકની પ્રશંસા કરતો પત્ર લખ્યોઃ 'આપનું પુસ્તક મને ખૂબ જ ગમ્યું. એ માટે અભિનંદન, પણ એ પુસ્તક આપે કોઈ પાસે લખાવ્યું છે?'

* શૉએ જવાબમાં લખ્યું- 'પુસ્તકની પ્રશંસા માટે ધન્યવાદ! મેં પુસ્તક કોઈ પાસે લખાવ્યું એ નથી જાણતો, પરંતુ આપે એ પુસ્તક કોની પાસે વંચાવ્યું છે એ આપ જણાવશો?

* * *ણ

- તમારા જીવનમાં કોઈ દુર્ઘટના રસ્તા પર થઈ છે?

* જી હા. બહુ મોટી. મારી પત્નિની પહેલી મુલાકાત રસ્તે ચાલતા થઈ હતી.

પ્રેરણા સ્રોતઃ

મુક્ત હાસ્ય એ જીવનનું ખરું ટોનિક છે, તેમ ક્રોધ - ગુસ્સાના ગેરલાભ વિશે આવતા અંકમાં બોધ મેળવીશું. ■

## પ્રકરણ-3

‘...એ છોકરી હેલિકૉપ્ટર દુર્ઘટનામાં મરી હોવાનું મને નથી લાગતું...’

આરે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડે કહેલી વાત ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલને યાદ આવી રહી હતી. એપીઆઈ પ્રણય શિંદે અને સબ-ઈન્સ્પેક્ટર કપિલ રાજપૂત સાથે ગોહિલ સરકારી વાહન બોલેરોમાં ક્રાઈમ બ્રાન્ચની ઑફિસેથી આરેમાં હેલિકૉપ્ટર દુર્ઘટનાના સ્થળે જવા નીકળ્યો હતો. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરથી બોલેરો પસાર થતી હતી ત્યારે તેની નજર રસ્તા પર હતી, પણ મગજમાં ગઈ કાલની વાતો ઘૂમરાયા કરતી હતી.

હેલિકૉપ્ટર દુર્ઘટનાસ્થળેથી નીકળતી વખતે ડીસીપી સુનીલ જોશીએ આરે પોલીસ સ્ટેશનને ઘટનાની નોંધ કરવાની અને તપાસમાં ક્રાઈમ બ્રાન્ચને સામેલ કરવાની સૂચના આપી હતી. સાકીનાકા ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ સાથે ગોહિલને પણ તપાસમાં ધ્યાન આપવાનું કહેવામાં આવ્યું હતું. એટલે ગોહિલ સવારે અંધેરીની ઑફિસે રોજિંદાં કામકાજ પતાવી આરે જઈ રહ્યો હતો.

ડીસીપીના ગયા પછી અશોક ગાયકવાડે ઇશારાથી નજીક બોલાવી જે કહ્યું હતું તે ગોહિલને યાદ આવ્યું. ગાયકવાડે કહેલું: ‘ડીસીપીસાહેબનો પ્રશ્ન ‘છોકરી ક્યાંથી આવી?’ અસ્થાને નથી... મેં છોકરીનું શબ જોયું ત્યારે મને પણ શંકા ગઈ હતી...’

તેણે પૂછેલું: ‘કેમ? શંકા કરવા જેવું શું છે?’

ગાયકવાડે કહેલું: ‘એ છોકરી હેલિકૉપ્ટર દુર્ઘટનામાં મરી હોવાનું મને નથી લાગતું!’

તેણે આશ્ચર્યથી ગાયકવાડ સામે જોયું હતું.

‘શબ કોહવાવા લાગ્યું છે અને માટીથી ખરડાયેલું છે...’ ગાયકવાડે કહ્યું હતું.

‘શું થયું? કયા ખયાલમાં છો, સર?’

સબ-ઈન્સ્પેક્ટર રાજપૂતે અચાનક પૂછેલા પ્રશ્નોથી ગોહિલની વિચારોની હારમાળા તૂટી.

‘કંઈ નહીં... આ કાર બહારની દુનિયા જોઈ રહ્યો છું!’ ગોહિલે સાચી વાત છુપાવી હાસ્યાસ્પદ જવાબ આપ્યો.


આમ તો ગોહિલે ગઈ કાલે ગાયકવાડે ખાનગીમાં કહેલી વાતની પણ ક્યાં કોઈને જાણ કરી હતી. તે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યો હતો.

ગાયકવાડ સાતારાનો વતની હતો અને ગોહિલની બદલી સાતારાથી થઈ હતી. વળી, અગાઉ કૃષ્ણા નદીમાંથી મૃતદેહો મળવાના સાતારાના ચર્ચાસ્પદ કેસને ઉકેલવામાં ગોહિલે મહત્ત્વની ભૂમિકા ભજવી હોવાથી ગાયકવાડ તેની કાબેલિયતથી પ્રભાવિત હતો. સમજશક્તિથી ગુના ઉકેલવામાં માહેર પોણા છ ફૂટનો ગોહિલ સ્માર્ટ અને દેખાવડો હતો. તેની સ્માઈલ પણ આકર્ષક હતી. ધીરગંભીર સ્વભાવનો નહીં, પણ દરેક મુદ્દાને ગંભીરતાથી લેતો. ગોહિલ સાથે ગાયકવાડને જાણે વિશેષ લગાવ હતો એટલે જ તેણે છોકરીને લગતી શંકા ઉપજાવનારી વાતો ડીસીપીને પણ નહીં, માત્ર ગોહિલને કહી હતી.

‘હેલિકૉપ્ટર તૂટી પડવાને કારણે લાશ માટીમાં રગદોળાય એ સમજ્યા, પણ આટલી જલદી કોહવાવા લાગે એ કઈ રીતે શક્ય છે?’ આ વાત ગોહિલના મનમાં પ્રશ્નાર્થ બનીને ટકોરા મારતી હતી.

બોલેરો હાઈવેથી જમણે વળાંક લઈ આરે કૉલોનીના મુખ્ય માર્ગ પર આવી એટલે ગોહિલે વિચારોને ખંખેરી નાખ્યા. કૉન્ક્રીટના જંગલ વચ્ચે આવેલા હરિયાળા વન પર તેણે નજર ટકાવી. ગીચ જંગલ વચ્ચેથી પસાર થતો મુખ્ય માર્ગ કેટલો સોહામણો દેખાતો હતો. બન્ને બાજુ વૃક્ષો અને હરિયાળી હોવાથી ભરતડકે પણ અહીં ટાઢકનો અનુભવ થતો હતો.

**અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...**




**યોગેશ સી પટેલ**

બોલેરો આરે તળાવ નજીક પહોંચી. વાહનમાં બેઠાં બેઠાં જ ગોહિલે તળાવની સામેની દિશામાં આવેલા આરે પોલીસ સ્ટેશન તરફ જોયું. કાષ્ઠના થાંભલાઓ પર ઊભેલા બાંધકામમાં પોલીસ સ્ટેશનની સગવડ કરવામાં આવી હતી. રસ્તો ખાલી હોવાથી બોલેરો બમણી ઝડપથી દોડી રહી હતી એટલે ગોહિલને પોલીસ સ્ટેશનને વધુ નીરખીને જોવાનો મોકો ન મળ્યો.

ગોહિલની ટીમ યુનિટ-૧૬ નજીક પહોંચી ત્યારે રસ્તાની બન્ને બાજુ ન્યૂઝ ચૅનલોની ઓબી વૅન્સ ઊભી હતી. બોલેરોમાંથી ઊતરેલી ગોહિલની ટીમને પત્રકારોએ ઘેરી લીધી અને એક પછી એક સવાલોનો મારો ચલાવવા માંડ્યો.

પત્રકારોને જવાબ આપ્યા વિના ગોહિલની ટીમ હેલિકૉપ્ટર દુર્ઘટનાસ્થળે પહોંચી. માત્ર ડ્રાઈવર સંજય માને બોલેરો પાસે રોકાયો. દુર્ઘટનાસ્થળ આસપાસનો પરિસર કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. આરે પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ્સ દિવસ-રાત પહેરો ભરતા હતા એટલે રાતે પ્રકાશ માટે ફ્લડ લાઈટ ગોઠવી દેવામાં આવી હતી, જેનું વીજ કનેક્શન છેક મુખ્ય રસ્તા પરના લાઈટના થાંભલામાંથી લેવાયું હતું. સામાન્ય નાગરિકોને કોર્ડન કરેલા પરિસરમાં પ્રવેશવા પર મનાઈ હતી.

‘ચ્યા માયલા... અંધેરી ક્રાઈમ બ્રાન્ચચી ટીમ પન આલી!’ કોન્સ્ટેબલ નામદેવ દળવીએ ઈન્સ્પેક્ટર રાજીવ કામતનું ધ્યાન દોર્યું.

‘દળવી... ધીમે બોલ!’ કામતે પાછળ ફરીને ગોહિલ તરફ જોયું.

દળવી અને કોન્સ્ટેબલ સૂરજ સાથે કામત ઘટનાસ્થળનું નિરીક્ષણ અને પુરાવા એકઠા કરવાની પ્રક્રિયા માટે આવ્યો હતો. સાથે ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીની ટીમ તપાસ માટે આવી હતી, જે ઘટનાસ્થળેથી નમૂના લઈને પરત ગઈ હતી. પછી કામતે પોતાનું કામ શરૂ કર્યું હતું.

‘શું ચાલે છે, ઑફિસર...’ ગોહિલે હાથ મિલાવી કામતને પૂછ્યું અને દળવી તરફ જોયું.

‘દળવી... મજામાં છેને?’ ગોહિલના વિવેકના જવાબમાં દળવીએ માત્ર માથું હલાવી હકાર દર્શાવ્યો.

‘ફોરેન્સિકની ટીમ ગયા પછી હમણાં જ સાકીનાકા યુનિટવાળા ગયા.’ કામતે કહ્યું: ‘પેલી છોકરીની માહિતી મેળવવા આવ્યા હતા.’

‘કંઈ ખબર પડી એ છોકરી કોણ હતી?’ ગોહિલે હેલિકૉપ્ટરના કાટમાળની દિશામાં ચાલતાં પૂછ્યું.

‘ના... પ્રયત્નો ચાલુ છે.’ કાટમાળ પાસે ઊભા રહી કામતે કહ્યું: ‘હેલિકૉપ્ટર રાઈડ કરાવનારી કંપની પાસે એની કોઈ માહિતી નથી!’

‘એ તો પવનહંસથી અમને પણ ખબર પડી, સર... હૉસ્પિટલથી કોઈ માહિતી?’ હવે શિંદેએ પ્રશ્ન કર્યો.

‘સબ-ઈન્સ્પેક્ટર બંડગર ગયો છે કૂપરમાં... જોઈએ ત્યાંથી શું મળે છે!’

કામતે માહિતી આપી: ‘આ ઘટનામાં માત્ર એક લેડી બચી ગઈ છે અને એ પણ અત્યારે બેભાન છે. પ્રિયા ધોળકિયા નામ છે એનું. બાકી કોઈ બચ્યું નથી. સારવાર પછી પ્રિયા ભાનમાં આવે તો વધુ માહિતી મળી શકશે.’

> **જય મહારાષ્ટ્ર... આમ્હી નાહી ભ્રષ્ટ! મુંબઈ જેવા ભીડવાળા શહેરમાં આવી દુર્ઘટના બની કઈ રીતે? મુંબઈગરા જમીન પર જોઈને ચાલે કે આકાશમાં? હવે આસમાનથી મોત આવી રહ્યાં છે...**

‘ઓકે... સંપર્કમાં રહીશું.’ કહીને ઘટનાસ્થળ ફરતે આંટો મારી ગોહિલે ઑફિસે જવા પગ ઉપાડ્યા ત્યાં ડૉ. સંયમ ઈમાનદાર અને ડૉ. કુશલ સહાણે આવતા દેખાયા.

‘ડૉક્ટર, તમે અહીં?’ આશ્ચર્ય સાથે ગોહિલે પૂછ્યું અને કામત પણ તેમને જોતો રહ્યો.

‘અરે, ભાઈ... મુંબઈના જંગલમાં હેલિકૉપ્ટર ક્રેશ થાય, એવી ઘટના રોજ રોજ થોડી બને છે!’

ડૉ. ઈમાનદારે હસતાં કહ્યું: ‘એમાં ડીસીપી જોશીએ કહ્યું કે એક છોકરીના શબે રહસ્ય ઊભું કર્યું છે... એટલે અમને અચરજ થયું અને અહીં આવવાની ઉત્સુકતા વધી.’

‘આ ઘટના જ એવી છે...’ ઈન્સ્પેક્ટર કામતે ગંભીર સ્વરે કહ્યું.

‘ડૉક્ટર કુશલને પણ આ સાઈટ જોવી હતી અને એમણે મને કહ્યું.’ ડૉ. કુશલ તરફ હાથનો ઇશારો કરતાં ડૉ. ઈમાનદારે જણાવ્યુંદ્ઃ ‘મારા કરતાં એ વધુ ઉત્સુક હતા અહીં આવવા!’

‘ઓકે... ડૉક્ટરસાહેબ, તમે આંટો મારો... અમે નીકળીએ.’ કહીને ગોહિલ તેની ટીમ સાથે નીકળ્યો.

ગોહિલની ટીમ થોડી આગળ વધી ત્યાં શિંદે અચાનક મોટેથી બોલ્યો: ‘સર... એક મિનિટ... થોભો!’

શિંદેના અવાજથી બધાના પગ જાણે જગ્યા પર થીજી ગયા. શિંદેની નજર જમીન પર હતી. ગોહિલે નીચે જોયું તો ત્રણેક ફૂટના અંતરેથી જ સાપ પસાર થતો દેખાયો. પાંચેક ફૂટ લાંબો સાપ હશે.

‘અહીં બિલાડી નહીં, સાપ આડા જાય છે... સર!’ શિંદેએ ટીખળ કર્યું.

પછી ઘાસ અને ઝાડીઝાંખરાં વચ્ચે સાપ ભરાઈ ગયો એટલે ગોહિલની ટીમે આગળ ચાલવા માંડ્યું.

મુખ્ય માર્ગ પર ગોહિલની ટીમ પહોંચી ત્યારે બોલેરો પાસે ઊભેલો ડ્રાઈવર માને તમાકુ મસળી રહ્યો હતો અને નજીકમાં સ્થાનિક વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકર ચૅનલોના માઈક સામે બોલી રહ્યા હતા. મેડિકલ શિબિરના સ્થળની મુલાકાત લઈને તે આવ્યા હતા.

‘જય મહારાષ્ટ્ર... આમ્હી નાહી ભ્રષ્ટ! આ ઘટનાને કારણે બિચ્ચારા ગરીબ રહેવાસીઓ માટેની મેડિકલ શિબિર રદ કરવી પડી છે એ દુખદ વાત છે. મુંબઈ જેવા ભીડવાળા શહેરમાં આ દુર્ઘટના બની કઈ રીતે? મુંબઈગરા જમીન પર જોઈને ચાલે કે આકાશમાં? હવે આસમાનથી મોત આવી રહ્યાં છે. આવી ગંભીર ઘટનાની તપાસ માટે એસઆઈટી નીમવાની માગણી ગૃહ પ્રધાનને કરવામાં આવી છે...’

‘આ નેતાને અચાનક ગરીબોનાં દુઃખ કેમ સાંભરી રહ્યાં છે!’ ગોહિલ વિચારી રહ્યો હતો ત્યારે તેનો મોબાઈલ રણક્યો. ડીસીપી ખંડાગળેની ઑફિસમાંથી કૉલ હતો...

* * *

ડીસીપી સુનીલ જોશીની કેબિનમાં પિન ડ્રોપ સાઈલન્સ હતું. માત્ર ઍરકન્ડિશનરની હળવી ઘરઘરાટી સંભળાતી હતી. જોશી કાગળ વાંચવામાં મગ્ન હતા અને આ કેસની તપાસ સાથે અત્યાર સુધી સંકળાઈ ગયેલી પોલીસ ટીમના બધા ઑફિસર્સ ટેબલની સામે ખુરશીમાં ગોઠવાયા હતા. બધા જોશીની બોલવાની રાહ જોતા હતા.

વાંચવાનું પત્યા પછી જોશીએ કાગળ ગડી કરીને ટેબલ પર પેપરવેઈટની નીચે દબાવ્યો. કેબિનમાં નીરવ શાંતિને કારણે કાગળ ઘડી કરવાનો અવાજ પણ સ્પષ્ટ સંભળાયો હતો.

‘બે વાત છે... એક તો સોહમ મામતોરાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો છે. હાર્ટ અટેકને કારણે તેનું મૃત્યુ થયું હોવાનો ડૉક્ટરનો મત છે. અને બીજી વાત...’

જોશી શ્વાસ લેવા રોકાયા અને વાત આગળ વધારી: ‘હેલિકૉપ્ટર ક્રેશ સાઈટ પરથી જે છોકરીનું શબ મળ્યું હતું તેના પોસ્ટમોર્ટમનો પ્રાથમિક રિપોર્ટ ડૉક્ટરે આપ્યો છે...’

અધિકારીઓ વધુ માહિતી જાણવા આતુર હતા એટલે જોશીની વાત સાંભળવા થોડું આગળની તરફ ઝૂક્યા.

જોશીએ પણ સમય બગાડ્યા વિના કહ્યું: ‘હેલિકૉપ્ટર ક્રેશ સાઈટ પરથી છોકરીની લાશ મળી એ જોગાનુજોગ છે કે બીજું કંઈ... એ અત્યારના તબક્કે કહી શકાય નહીં, પણ આ ઘટનામાં મોટી ગરબડ જણાઈ રહી છે.’

‘આપણી ધારણા કરતાં આ કેસ કંઈક અલગ જ છે...’ જોશીએ કહ્યું: ‘...એટલે કેસની તપાસ માટે એસઆઈટી નીમવાનો નિર્ણય લેવાયો છે, જે ઈન્સ્પેક્ટર ગોહિલના નેતૃત્વ હેઠળ ઘટનાની તપાસ કરશે.’

પેપરવેઈટ નીચે દબાવેલા કાગળ ગોહિલ તરફ લંબાવતાં જોશીએ કહ્યું: ‘ગામવાસીઓ સોહમ અને હેલિકૉપ્ટર દુર્ઘટનાને સાંકળીને દુરાત્માના કરતૂતની અફવા ફેલાવી રહ્યા છે, પણ પોસ્ટમોર્ટમ કરનારી ડૉક્ટરોની ટીમને આમાં મોટા રૅકેટનો અણસાર આવી રહ્યો છે... તેમણે ફોરેન્સિકની ટીમને હૉસ્પિટલમાં બોલાવી હતી!’

‘ડૉક્ટરોની ટીમે શબનું ડિટેઈલ પોસ્ટમોર્ટમ કરવાનો અભિપ્રાય આપ્યો છે. પ્રાથમિક અહેવાલ અનુસાર છોકરીનું મૃત્યુ હેલિકૉપ્ટર દુર્ઘટનામાં નથી થયું, કેમ કે...’

બધા ફાટી આંખે જોશી તરફ જોઈ રહ્યા અને ગોહિલ પોસ્ટમોર્ટમનો પ્રાથમિક અહેવાલ વાંચવા ઉતાવળો થયો. અહેવાલ વાંચવા ગોહિલે કાગળ હાથમાં લીધો, પણ જોશીએ જ વાત પૂરી કરી.

‘...એ લાશ પખવાડિયા જૂની છે... એટલે કે છોકરીનું મૃત્યુ પંદર દિવસ પહેલાં થયું હતું! અને તેનું શબ સીવેલું છે!’

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| जटिल | પિતા |
| जठर | દુનિયા |
| जग | અટપટું |
| जनक | રટણ |
| जप | હોજરી |

### ઓળખાણ પડી?

ભારતીય રાજકારણમાં બે રાજ્ય (મધ્ય પ્રદેશ અને ગુજરાત)ના રાજ્યપાલ પદ શોભાવનારાં સર્વ પ્રથમ મહિલાની ઓળખાણ પડી?



અ) સરોજિની નાયડુ
બ) આનંદીબહેન પટેલ
ક) શારદા મુખરજી
ડ) વિજયાલક્ષ્મી પંડિત

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧<br>પૂ | ૨<br>છ | ૩<br>પ | ર | ૪<br>છ | | ૫<br>અ | ખ | ૬<br>બા | ૭<br>ર |
| ૮<br>કા | ક | ડી | | ળ | | પ | | ૯<br>વ | ડી |
| ૧૦<br>ર | ડો | | ૧૧<br>આ | ક | ળ | વિ | ૧૨<br>ક | ળ | |
| | | ૧૩<br>ક | ડ | પ | | ૧૪<br>ત્ર | સ્ત | | ૧૫<br>પા |
| ૧૬<br>આ | ૧૭<br>પ | | ૧૮<br>ક | ટ | ૧૯<br>ક | | ૨૦<br>ર | ૨૧<br>મ | લ |
| ૨૨<br>કુ | ળ | ૨૩<br>ક | થા | | ૨૪<br>ર | ૨૫<br>જા | | ૨૬<br>ચા | ક |
| ળ | | મ | | ૨૭<br>પા | તા | ળ | | ણ | |
| ૨૮<br>વ્યા | ક | ર | ણ | | લ | | ૨૯<br>રા | | ૩૦<br>ક |
| કુ | | બં | | ૩૧<br>કા | | ૩૨<br>બં | ધા | ૩૩<br>ર | ણ |
| ળ | | ૩૪<br>ધ | ડા | કા | બં | ધ | | ૩૫<br>વ | કી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ |
| | | | ૭ | ૮ | | | ૯ | | |
| ૧૦ | ૧૧ | | ૧૨ | | | ૧૩ | | | |
| | ૧૪ | ૧૫ | | | ૧૬ | | ૧૭ | | |
| ૧૮ | | | | ૧૯ | | ૨૦ | | | |
| | | | | | ૨૧ | | | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | | ૨૬ | ૨૭ | | | | | |
| ૨૮ | | ૨૯ | | | | | | ૩૦ | ૩૧ |
| ૩૨ | | | | | ૩૩ | | ૩૪ | | |
| | ૩૫ | | | | | | | ૩૬ | |

**આડી ચાવી**

(૧) સવાલ - જવાબ (૪)
(૩) ..... શીખવા પાણીમાં ઝંપલાવો (૩)
(૭) દગો, ફટકો (૫)
(૯) પ્રત્યેક, દરેક (૩)
(૧૦) દાબડી (૨)
(૧૨) દંડ, શિક્ષા, નસિયત (૨)
(૧૩) ઢગલો (૨)
(૧૪) કમી, ખોટ (૩)
(૧૭) દાઝી જવાય એવું (૩)
(૧૮) રોટલી માટે બાંધેલો લોટ (૩)
(૧૯) દેવોને આમંત્રણ (૩)
(૨૧) સાહેબ (૨)
(૨૨) બાળક પતિ-પત્નીને જોડતી ..... છે (૨)
(૨૪) ઓછું (૨)
(૨૬) અવર-જવર (૬)
(૨૮) સમજાવીને કામ લેવું તે (૫)
(૩૦) બીક, ભય (૨)
(૩૨) રમતના પાસા (૩)
(૩૪) આગતા-સ્વાગતા (૩)
(૩૫) ઘરધણી (૬)
(૩૬) શરીર (૨)

**ઊભી ચાવી**

(૧) ખૂબ જ્ઞાનિ, વિદ્વાન (૩)
(૨) વ્યવસ્થિત રીતે, પદ્ધતિસર (૪)
(૩) તો પણ (૨)
(૪) કદર કરનાર (૫)
(૫) પર, ઉપર, પેઠે, પ્રકારે (૨)
(૬) બિનજરૂરી દખલગીરી કરવી તે (૪)
(૮) છુટ્ટી (૨)
(૧૧) ડરપોક (૩)
(૧૫) બધું, સઘળું (૩)
(૧૬) એક મહત્ત્વનું યોગાસન (૪)
(૧૮) જરૂર હોય ત્યાં જ પૈસા વાપરવા (૫)
(૨૦) રખડેલ, આવારા (ઉ.) (૪)
(૨૨) હેરાનગતિ (૫)
(૨૫) નાના બાળકને ..... ખવડાવો (૪)
(૨૬) ..... તને દઉં દાવ - ગુ. નાટક (૨)
(૨૭) રૂઆબ (૨)
(૨૯) ગુ. નાટક ‘રાઈનો પર્વત’માં રાઈની માતા (૩)
(૩૧) કિંમતી પથ્થર (૩)
(૩૩) વાનરરાજ સુગ્રીવનો ભાઈ (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. સ્ત્રીના સગા મામાજીની એક માત્ર બહેનના એકમાત્ર પુત્રના એકમાત્ર સગા કાકાની એકમાત્ર ભત્રીજી સ્ત્રીના સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) બહેન બ) ભાણેજ ક) ભત્રીજી ડ) નણંદ

### જાણવા જેવું

ભૂતાનને થંડર ડ્રેગનની ભૂમિ પણ કહે છે. ભૂતાનના ખીણ પ્રદેશમાં વીજળી ત્રાટકે છે ત્યારે પ્રકાશનો જે ઝળહળાટ જોવા મળે છે એ દ્રશ્ય રાક્ષસ મોઢામાંથી આગ ઓકતો હોય એવું લાગતું હોવાથી આવી અનોખી ઓળખ મળી છે. ભૂતાન શબ્દ ભૂ + ઉત્થાન એટલે કે ઊંચી ભૂમિ પરનો પ્રદેશ હોવાની માન્યતા છે.

### સુડોકુ-૯૦૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | | | | | | ૯ | ૩ |
| | | | ૭ | ૯ | ૬ | | | |
| | ૮ | | | | | | ૫ | |
| | ૭ | ૧ | ૨ | | ૪ | ૯ | ૩ | |
| | ૬ | | | | | | ૭ | |
| | ૯ | ૫ | ૬ | | ૭ | ૮ | ૧ | |
| | ૩ | | | | | | ૪ | |
| | | | ૯ | ૬ | ૩ | | | |
| ૯ | ૨ | | | | | | ૬ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૪ | ૬ | ૫ | ૯ | ૮ | ૨ | ૧ |
| ૨ | ૧ | ૫ | ૩ | ૮ | ૪ | ૭ | ૬ | ૯ |
| ૬ | ૮ | ૯ | ૨ | ૧ | ૭ | ૫ | ૪ | ૩ |
| ૫ | ૬ | ૩ | ૧ | ૯ | ૨ | ૪ | ૮ | ૭ |
| ૧ | ૪ | ૭ | ૮ | ૩ | ૫ | ૬ | ૯ | ૨ |
| ૮ | ૯ | ૨ | ૪ | ૭ | ૬ | ૧ | ૩ | ૫ |
| ૭ | ૨ | ૬ | ૯ | ૪ | ૧ | ૩ | ૫ | ૮ |
| ૯ | ૩ | ૧ | ૫ | ૬ | ૮ | ૨ | ૭ | ૪ |
| ૪ | ૫ | ૮ | ૭ | ૨ | ૩ | ૯ | ૧ | ૬ |

### ચતુર આપો જવાબ

**માથું ખંજવાળો**

આપેલા વાક્યમાં જમવામાં પીરસાતી એક વસ્તુ સંતાઈ બેઠી છે એ શોધી કાઢો. ઘરે આવો ત્યારે અખરોટ લીધા વગર નહીં આવતા

### નોંધી રાખો

જીવનમાં બે બાબત કાયમ નોંધી રાખજો કે મુશ્કેલી જીવનની પાઠશાળા છે અને સફળતાની ચાવી નિષ્ફળતામાં છુપાયેલી છે.

### માઈન્ડ ગેમ

ભારતીય નૌકાદળના કાફલામાં વિવિધ જહાજ છે. આ કાફલાના ભારતમાં ઉત્પાદિત પ્રથમ વિમાન વાહક જહાજનું નામ ખબર છે?

અ) આઈએનએસ અરિહંત બ) આઈએનએસ ખંડેરી ક) આઈએનએસ વિક્રાંત ડ)આઈએનએસ વિક્રમાદિત્ય

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| छंद | નાદ |
| छडा | ભાળ |
| छान | સરસ |
| छळ | પજવણી |
| छत | ચંદરવો |

ઓળખાણ પડી? જાનકી અમ્માલ

માઈન્ડ ગેમ BIRD OF PARADISE

ગુજરાત મોરી મોરી રે દાદા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો ડોસા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) હરીહર ભટ્ટ - ડાલ્લાસ - યુએસએ (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) અમીશી બંગાળી (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) વિપીન શાહ (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) ભાવના કર્વે (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ સંઘવી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) હિનાબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) પુષ્પા ખોના (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) કિશોર સંઘરાજકા (૪૬) કમલ માતલયિા (૪૭) મહેશ દોશી (૪૮) અરવિંદ કામદાર (૪૯) (૪૯) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા)

# યુએસ ટ્રેડ ડીલના આશાવાદે સેન્સેક્સ ૩૨૪ પોઈન્ટ ઊછળ્યો, નિફ્ટી ૨૫,૦૦૦ની નજીક સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારમાં ફેડરલના રેટકટની સંભાવનાએ આવેલા સુધારા સાથે સ્થાનિક સ્તરે અમેરિકા સાથેની વ્યાપાર વાટાઘાટોના સકારાત્મક પરિણામના આશાવાદ વચ્ચે વધેલી લેવાલીના ટેકાએ, સતત છઠ્ઠા દિવસે આગેકૂચ જાળવી રાખતાં સેન્સેક્સ ૩૨૪ પોઈન્ટ ઊછળ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૫,૦૦૦ની નજીક સરક્યો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે ટ્રમ્પના પોઝિટિવ કથનોને કારણે સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમનું વહીવટ ભારત સાથે વેપાર અવરોધોને દૂર કરવા માટે વાટાઘાટો ચાલુ રાખી રહ્યું છે. જ્યારે આ તરફ માલ અને સેવા કર (જીએસટી)ના ઘટાડા અંગે આશાવાદ અને યુએસ દર ઘટાડાની આશાએ સેન્ટિમેન્ટને વધુ ટેકો આપ્યો હતો.

દિવસ દરમિયાન ૫૪૨.૫૬ પોઇન્ટ અથવા તો ૦.૬૬ ટકાના ઉછાળા સાથે ૮૧,૪૨૫.૧૫ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયા બાદ અંતે સેન્સેક્સ ૩૨૩.૮૩ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા વધીને ૮૧,૪૨૫.૧૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ઇન્ડેક્સ ૧૦૪.૫૦ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૨૪,૯૭૩.૧૦ની સપાટી પર બંધ થયો હતો. નિફ્ટીએ સત્ર દરમિયાન ૨૫,૦૦૦ની સપાટી વટાવી હતી, જોકે પ્રોફિટ બુકિંગને કારણે બેન્ચમાર્ક આ સપાટી જાળવવામાં નિષ્ફળ રહ્યો હતો. આઇટી, ફાઇનાન્શિયલ અને રિયલ્ટી શેરોના શેરોમાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, ઓટો અને મીડિયા શેરોમાં પ્રોફિટ બુકિંગથી ઇન્ટ્રાડેમાં બેન્ચમાર્કનો ઘણોખરો લાભ ગુમાવવો પડ્યો હતો.

બીઇએલ, એચસીએલ ટેક્નોલોજીસ, બજાજ ફાઇનાન્સ, એક્સિસ બેંક અને ટીસીએસના શેરમાં બે ટકાથી ૪.૩૦ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. વ્યાપક બજારના શેરઆંકોમાં પણ સુધારો જોવા મળ્યો હતો. સ્મોલ કેપ્સમાં ૦.૭૦ ટકા અને મિડકેપ્સમાં ૦.૯૦ ટકાનો વધારો નોંધાયો હતો. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે કહ્યું કે તેમના વહીવટતંત્રએ ભારત સાથે વેપાર અવરોધોને દૂર કરવા માટે વાટાઘાટો ચાલુ રાખી છે અને તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરવાની યોજના બનાવી રહ્યા છે. ટ્રમ્પના આ કથનથી અઠવાડિયાના તણાવ પછી ટ્રેડ ટોકમાં સફળતાની આશા જાગી છે.

આગામી સપ્તાહે યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા સંભવિત રેટ ઘટાડાની અપેક્ષાઓએ આઇટી શેરોમાં વધુ વધારો કર્યો, પાછલાબે સત્રોમાં આ સેકટરમાં ૫.૫૦ ટકા જેવો સુધારો જોવા મળ્યો છે. વેલ્સ્પન લિવિંગ, વર્ધમાન ટેક્સટાઇલ, ટ્રાઇડેન્ટ અને અરવિંદ સહિતની ટેક્સટાઇલ કંપનીઆના શેરમાં, અમેરિકા અને ભારતના વેપાર સોદા અંગેના આશાવાદની ચર્ચાઓ વચ્ચે ૩.૭૦ ટકાથી ૧૦ ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો.

આરબીઆઇએ યશ બેન્કના આર્ટિકલ ઓફ એસોસિએશનમાં ફેરફાર કરીને નોમીની ડિરેટકટની નિમણુંક કરવા માટે મંજૂરી આપી છે. આઇફોન ૧૭ સીરીઝનો ભાવ રૂ. ૮૨,૯૦૦થી ૨.૩ લાખ જેવો રહેશે અને તે ૧૯મી સપ્ટેમ્બરની ભારતીય બજારમાં આવશે. પ્રાઇમરી માર્કેટમાં અર્બન કંપની, દેવ એક્સલરેટર અને શ્રીંગાર હાઉસના આઇપીઓ પહેલા જ દિવસે ગણતરીના કલાકોમાં ફુલ્લી સબ્સક્રાઇબ્ડ થઇ ગયા હતા.

ક્યુપિડ લિમિટેડે ફ્રેગ્રેન્સ બ્રાન્ડ મેનસમમાં વ્યૂહાત્મક હિસ્સો ખરીદવા માટે ટર્મ શીટ પર હસ્તાક્ષર કર્યા છે. આ રોકાણ જીઆઈઆઈ ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ લિમિટેડ દ્વારા સંચાલિત ફંડ સ્ટ્રક્ચરના માધ્યમથી કરવામાં આવ્યું છે. આ રોકાણ ક્યુપિડ




લિમિટેડના આંતરરાષ્ટ્રીય સ્તરે તેના વ્યાપને વિસ્તૃત કરવાના રોડમેપને વધુ મજબૂત બનાવે છે.

વોલ્વો કાર ઇન્ડિયાએ પોતાની આધુનિક ઇલેક્ટ્રિકલ વ્હીકલ ઇએક્સ ૩૦ મોડલની રજૂઆત કરી છે, જેને કર્ણાટકના બેંગલુરુમાં હોસાકોટ ખાતે કંપનીના પ્લાન્ટમાં એસેમ્બલ્ડ થઇ રહી છે. આ મોડલ અત્યાર સુધીની કોઈપણ સંપૂર્ણ ઇલેક્ટ્રિક વોલ્વો કરતાં સૌથી ઓછી કાર્બન ફૂટપ્રિન્ટ ધરાવે છે, જેના આંતરિક ભાગ રિસાયકલ્ડ ડેનિમ, પીઇટી બોટલ, એલ્યુમિનિયમ, પીવીસી પાઇપ વગેરેમાંથી બનાવવામાં આવ્યા છે.

નિફ્ટીમાં સૌથી વધુ તેજી દર્શાવનારા શેરોમાં ભારત ઇલેક્ટ્રોનિક્સ, વિપ્રો, એચસીએલ ટેક્નોલોજીસ, બજાજ ફાઇનાન્સ, ટીસીએસનો સમાવેશ થાય છે, જ્યારે એમએન્ડએમ, હીરો મોટોકોર્પ, બજાજ ઓટો, મારુતિ સુઝુકી, ટાટા મોટર્સનો સૌથી વધુ ઘટનારા શેરોમાં સમાવેશ થાય છે. સેક્ટર્સમાં, ઓટો ઇન્ડેક્સ એક ટકા ઘટ્યો, જ્યારે આઇટી ઇન્ડેક્સ ૨.૬૦ ટકા વધ્યો, પીએસયુ બેંક ઇન્ડેક્સ ૨.૨૦ ટકા વધ્યો અને રિયલ્ટી ઇન્ડેક્સ એક ટકા વધ્યો હતો.

યુએસ-ભારતે ચાલુ વેપાર ઘર્ષણને ઉકેલવા માટે વાટાઘાટો ફરી શરૂ કરવાનો સંકેત આપ્યો હોવાથી એપેક્સ ફ્રોઝન ફૂડ્સના શેરમાં ૧૬ ટકા, અવંતિ ફીડ્સમાં ૧૫ ટકા, કોસ્ટલ કોર્પોરેશનના શેરમાં ૨૦ ટકા, ગોકલદાસ એક્સપોર્ટ્સમાં ચાર ટકા, વેલ્સપન લિવિંગમાં ૮ ટકા, અરવિંદના શેરમાં ચાર ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

બીએસઈ પર ૧૦૦ થી વધુ શેરોએ તેમના ૫૨ સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ કર્યો, જેમાં ઈન્ડિયન બેંક, એચબીએલ એન્જિનિયરિંગ, ગુજરાત મિનરલ, મહારાષ્ટ્ર સ્કૂટર્સ, કમિન્સ ઈન્ડિયા, આઈશર મોટર્સ, જેએસડબ્લ્યુ સ્ટીલ, મણપ્પુરમ ફાઇનાન્સ, બોશ, મુથૂટ ફાઇનાન્સ, મારુતિ સુઝુકી વગેરેનો સમાવેશ થાય છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે બીઈએલ ૪.૨૬ ટકા, એચસીએલ ટેકનોલોજી ૨.૫૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૧૯ ટકા, એક્સિસ બેન્ક ૨.૦૫ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૯૯ ટકા, ટેક મહિન્દ્ર ૧.૮૮ ટકા, ઈન્ફોસિસ ૧.૮૬ ટકા, સ્ટેટ બેન્ક ૧.૧૬ ટકા, લાર્સન ૦.૮૭ ટકા અને આઈટીસી ૦.૬૭ ટકા વધ્યા હતા, જ્યારે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૪૬ ટકા, મારુતિ ૧.૫૩ ટકા, ટાટા મોટર્સ ૦.૯૧ ટકા, અલ્ટ્રાટેક ૦.૬૦ ટકા, પાવર ગ્રીડ ૦.૩૩ ટકા, ઈટર્નલ ૦.૨૫ ટકા અને ટાઈટન ૦.૨૨ ટકા ઘટ્યા હતા.

સતત છઠ્ઠા સત્રની આગેકૂચમાં આઈટી અને કેપિટલ ગુડ્સ શેરો સર્વાધિક વધ્યા હતા, જ્યારે ઓટો શેરોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૨.૫૫ લાખ કરોડનો વધારો નોંધાયો હતો. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૦,૭૮૭.૩૦ના બંધથી ૩૨૩.૮૩ પોઈન્ટ્સ (૦.૪૦ ટકા) વધ્યો હતો.

સેન્સેક્સની ૧૯ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૧ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૮૪ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૭૨ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૯ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ સ્થિર રહ્યો હતો. સેન્સેક્સ ૮૧,૫૦૪.૩૬ ખૂલીને ઊંચામાં ૮૧,૬૪૩.૮૮ સુધી અને નીચામાં ૮૧,૨૩૫.૪૨ સુધી જઈને અંતે ૮૧,૪૨૫.૧૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૩.૯૦ લાખ કરોડથી રૂ. ૨.૫૫ લાખ કરોડ વધીને રૂ. ૪૫૬.૪૫ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે બીએસઈ ફોકસ્ડ આઈટી ૨.૫૨ ટકા, આઈટી ૨.૪૮ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૮૮ ટકા, ટેક ૧.૫૯ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૨ ટકા, રિયલ્ટી ૧.૧૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૭૬ ટકા, બેન્કેક્સ ૦.૬૮ ટકા અને એફએમસીજી ૦.૫૮ ટકા વધ્યા હતા, જ્યારે ઓટો ૧.૨૧ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૫૧ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૨૨ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૧ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૨૮૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૯૯૪ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૧૩૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૪૪ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

નવ સ્ટોક્સને ઉપલી જ્યારે આઠ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૦૧.૧૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૨૭ સોદામાં ૧,૨૩૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૩,૧૦,૧૪૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧,૫૭,૧૩,૭૭૩.૪૯ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં નવી નીચી સપાટીએથી સાધારણ ચાર પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ ઘટાડાતરફી વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો એક તબક્કે ગઈકાલના બંધ સામે ચાર પૈસાના ઘટાડા સાથે ૮૮.૧૯ની સપાટી સુધી ગબડી ગયા બાદ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૦૫૦.૪૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં સત્રના અંતે સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૮૮.૧૧ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૧૫ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૮.૧૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૧૯ અને ઉપરમાં ૮૮.૦૬ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ચાર પૈસાના સુધારા સાથે ૮૮.૧૧ના મથાળે બંધ રહ્યો હતો.

ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ભારત સાથે વેપાર વાટાઘાટો થઈ રહી છે, જ્યારે બીજી તરફ તેમણે યુરોપિયન યુનિયનને પણ રશિયાથી તેલની ખરીદી કરી રહ્યા હોય તેની સામે ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની હાકલ કરી હતી.

આમ બે તરફી વાતોને ધ્યાનમાં લેતા આજે ડૉલર સામે રૂપિયો રેન્જબાઉન્ડ રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સના ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનિલ કુમાર ભણસાળીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૭.૯૦થી ૮૮.૪૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને ૯૭.૭૪ આસપાસ ક્વૉટ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૮૯ ટકા વધીને બેરલદીઠ ૬૬.૯૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૨૩.૮૩ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૦૪.૫૦ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હોવાથી રૂપિયાના સુધારાને પણ ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## વૈશ્વિક સોનામાં મક્કમ વલણ, સ્થાનિકમાં ₹ ૧૬૦નો સુધારો, ચાંદી ₹ ૧૭૬ નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે ફેડરલ રિઝર્વનાં રેટકટના આશાવાદ સાથે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૬૭૩.૯૫ ડૉલરની નવી ઊંચી સપાટી દર્શાવીને પાછા ફર્યા હતા. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનામાં ધીમો સુધારો આગળ વધ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૯થી ૧૬૦નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૭૬ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહેવાની સાથે ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલી રહી હતી. તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૭૬ના ઘટાડા સાથે રૂ. ૧,૨૪,૫૯૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ નફારૂપી વેચવાલી ઉપરાંત જૂના સોનામાં વેચવાલીના દબાણ સામે જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવા છતાં વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના



ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૯ વધીને રૂ. ૧,૦૯,૧૯૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૬૦ વધીને રૂ. ૧,૦૯,૬૩૫ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભ હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૩૬૫૫.૭૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૬૯૪.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૪૧.૨૦ ડૉલર આસપાસ રહ્યાના અહેવાલ હતા. એકંદરે સોનામાં પ્રબળ રોકાણલક્ષી માગને ધ્યાનમાં લેતા એએનઝેડ જૂથે આ વર્ષનાં અંત સુધીમાં ભાવ વધીને ઔંસદીઠ ૩૮૦૦ ડૉલર અને આગામી વર્ષે જૂન સુધીમાં ભાવ વધીને ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર સુધી પહોંચવાનો અંદાજ મૂક્યો હોવાના અહેવાલ હતા.

એકંદરે હાલના તબક્કે એક કરતાં ઘણાં કારણોસર સોનામાં તેજીનો અન્ડરટોન જણાઈ રહ્યો છે, જેમાં મુખ્ય કારણ ફેડરલ રિઝર્વ દ્વારા આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકવાના આશાવાદનો સમાવેશ થતો હોવાનું કેપિટલ ડૉટકૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં રોકાણકારોની નજર આજે મોડી સાંજે અમેરિકાના જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા ઉપરાંત આવતીકાલે જાહેર થનારા ફુગાવાના ડેટા પર સ્થિર થઈ છે. તેમાં પણ ખાસ કરીને જો ફુગાવાના અપેક્ષા કરતાં વધુ વૃદ્ધિ જોવા મળે તો આગામી ટૂંકા સમયગાળામાં સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે છે. જોકે, ટેક્નિકલ દૃષ્ટિએ જોતા હાલ વૈશ્વિક સોનું ઓવરબોટ પોઝિઝનમાં છે, એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત માર્ચ સુધીના બાર મહિનાના સમયગાળામાં અમેરિકામાં રોજગારીનું સર્જન ૯,૧૧,૦૦૦ જેટલું થોડું જ થયું હોવાનું અમેરિકી સરકારે જણાવ્યું હતું. તેમ જ ત્યાર બાદ પણ ટ્રમ્પની આક્રમક ટૅરિફ નીતિને કારણે રોજગાર ક્ષેત્ર પર વધુ માઠી અસર પડી છે. ગત સપ્તાહે જાહેર થયેલા રોજગારીના ડેટાએ શ્રમ બજાર નબળી પડી રહી હોવાનો નિર્દેશ આપ્યો હતો. આથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૧૦૦ ટકા અને ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી છ ટકા શક્યતા સીએમઈ ફેડર વૉચ ટૂલ પર બજાર વર્તુળો મૂકી રહ્યા છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત કેલૅન્ડર વર્ષ ૨૦૨૪માં સોનાના વૈશ્વિક ભાવમાં ૨૭ ટકાનો વધારો થયો હતો, જ્યારે વર્તમાન વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ૩૮ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

## ઔદ્યોગિક માગને ટેકે ચોક્કસ ધાતુઓમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપર સહિતની અમુક ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ જોવા મળેલા કિલોદીઠ રૂ. નવના ઘટાડાને બાદ કરતાં કોપર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૯૪૪, કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૬૭ અને રૂ. ૫૬૮, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૫૪ અને રૂ. ૮૩૯ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૬૧ અને રૂ. ૨૭૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને વપરાશકાર ઉદ્યોગની લેવાલી પણ પાંખી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. નવના ઘટાડા સાથે રૂ. ૩૧૧૯ના મથાળે રહ્યા હતા. આ સિવાય છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૬૧૫, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૧૭, લીડ ઈન્ગોટ્સના કિલોદીઠ રૂ. ૧૮૪ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૩૪૨ની સપાટીએ ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## મિડિયમ ગ્રેડની ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, પરંતુ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતા સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૭૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૭૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૦થી ૩૯૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૯૦થી ૪૦૪૦માં ટકેલા ધોરણે થયા હતા.



## મલયેશિયા પાછળ આયાતી તેલમાં નરમાઈ



મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૬ રિંગિટનો ઘટાડો આવ્યાના નિરુત્સાહી અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે સિંગતેલમાં નિરસ માગે ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. જોકે, આજે ભાવઘટાડાના માહોલમાં ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપાર ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૭, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ તથા સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૨૭૫ અને જી-વનના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ થયાના અહેવાલ હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૧૦૦૦ ગૂણી જૂની અને ૬૦૦૦ ગૂણી નવી મગફળી મળીને કુલ ૭૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૯૦૦થી ૧૧૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૧૮૦૦ ગૂણી જૂની અને ૮૦૦ ગૂણી નવી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૦૦થી ૧૦૮૦માં થયા હતા.

વધુમાં આજે સ્થાનિકમાં હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦માં, સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, સિંગતેલના રૂ. ૧૩૭૦માં, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦માં અને સરસવના રૂ. ૧૬૦૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



રાજકોટમાં અર્વાચીન રાસોની ઝાકમઝાળ વચ્ચે પ્રાચીન ગરબીનું મહત્ત્વ યથાવત્ રહ્યું છેઃ મવડી ચોક ખાતે સળગતી ઈંઢોણીના રાસની પ્રેક્ટિસ શરૂ કરવામાં આવી છે... (પ્રવીણ સેદાણી, રાજકોટ)

# અંજાર નગરપાલિકા દ્વારા દેવળિયા નાકાથી ચિત્રકુટ સુધીના માર્ગ પર નડતરરૂપ કાચાં-પાકાં દબાણો હટાવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ઐતિહાસિક અંજાર શહેરમાં દબાણોની સમસ્યા સતત વધી રહી છે. અહીંના સવાસર તળાવ, જેસલ-તોરલની સમાધિ સહિતના પ્રવાસન સ્થળોની આસપાસ ખડકી દેવામાં આવેલાં સંખ્યાબંધ દબાણોને લીધે નાગરિકોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. આ શહેરની ઓળખામાં દેવળિયા નાકાથી ચિત્રકુટ સુધીના માર્ગને 'આઇકોનિક' બનાવવા માટે નગરપાલિકા દ્વારા હાથ ધરાઈ રહેલી કામગીરીમાં નડતર રૂપ કાચાં-પાકાં દબાણોને દૂર કરી દેવામાં આવ્યાં છે.



આ દબાણ હટાવ ઝુંબેશ અંગે અંજાર નગરપાલિકાના ચીફ ઑફિસર તુષારભાઈ ઝાલરિયાએ જણાવ્યું હતું કે, અગાઉ કુલ ૩૬ દબાણકારોને નોટિસ પાઠવવામાં આવી હતી જે અંતર્ગત ૨૩ દબાણકર્તાઓએ પોતાના અતિક્રમણોને સ્વયંભૂ રીતે દૂર કર્યાં હતાં, બાકીનાં ૧૦ જેટલાં દબાણોને અંજાર સુધરાઈ દ્વારા દૂર કરવામાં આવ્યાં હતાં. જડેશ્વર મહાદેવ મંદિર, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, દેવળિયા નાકા, કે.કે એમ એસ હાઇસ્કૂલ પાસે ચિત્રકૂટ સર્કલ, બસ સ્ટેશન વિસ્તાર, ખડિયા તળાવ વિસ્તાર અને પ્રાંત કચેરી વિસ્તાર સહિતના માર્ગો અને ફૂટપાથ પર નાગરિકોને નડતરરૂપ લારી અને કેબિન રૂપી અતિક્રમણોને પોલીસ બંધોબસ્ત સાથે દૂર કરવામાં આવ્યાં હતાં. હજુ પણ શહેરમાં દબાણ હટાવવાની કામગીરી ચાલુ જ રહેશે તેમ તેઓએ ઉમેર્યું હતું.

# કચ્છ કલેક્ટરે પૂરગ્રસ્ત રાપરના વિસ્તારોની મુલાકાત લઇ, તત્કાળ રાહત કામગીરી શરૂ કરવા સૂચના આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં તાજેતરમાં વરસેલા અતિભારે વરસાદે વિરામ લેતાં પરિસ્થિતિ ધીરે ધીરે થાળે પડી રહી છે, જો કે રાપર તાલુકામાં ત્રણ દિવસમાં અંદાજે વીસ ઈંચ જેટલો અતિભારે વરસાદ પડી ગયા બાદ ભારે તારાજી સર્જાઈ છે. સામખિયાળી-રાધનપુર અને ચિત્રોડ-રાપર-ધોળાવીરા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ધોવાઈ ગયા છે તો મેવાસા સહિત અનેક ડેમો ઓવરફ્લો થયા છે અને કેટલાક તૂટી ગયા છે.

જિલ્લા કલેક્ટર આનંદ પટેલે અધિકારીઓના કાફલા સાથે રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લઇ, ક્ષતિગ્રસ્ત મેવાસા ડેમ અને ગાગોદર પાસેના રાષ્ટ્રીય ધોરીમાર્ગનું નિરીક્ષણ કર્યું હતું. રાપર મામલતદાર કચેરી ખાતે મહેસૂલ, પંચાયત, પીજીવીસીએલ, માર્ગ-મકાન, સિંચાઈ વિભાગ અને નગરપાલિકાના અધિકારીઓ સાથે યોજેલી મેરેથોન બેઠકમાં સમાહર્તાએ તાત્કાલિક રાહત કામગીરી માટે ટુકડીઓનું ગઠન કરવા માટે સૂચના આપી હતી. વરસાદી પાણીથી ગ્રસ્ત વિસ્તારોમાં નડતરરૂપ દબાણ દૂર કરવા, ખેતરોમાં થયેલા નુકસાનનો સર્વે કરવા અને બીમારી ન ફેલાય તે માટે દવાઓનો છંટકાવ કરવા તાકીદ કરી હતી. આ વેળાએ કલેક્ટર સમક્ષ સ્થાનિક આગેવાનોએ વરસાદ દરમિયાન વહીવટી તંત્રની નિષ્ક્રિયતા અંગે ફરિયાદ કરી હતી.

# કચ્છમાં અનરાધાર વરસાદનો વિરામઃ પૂર અસરગ્રસ્ત વિસ્તારોને થાળે પાડવા તંત્ર જોતરાયું

## રાજ્ય હસ્તકના ૧૨ રસ્તાઓ હજુ પણ વાહનવ્યવહાર માટે બંધ હાલતમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં પડેલા અતિભારે વરસાદે વિરામ લેતાં જનજીવન ધીરે ધીરે થાળે પડી રહ્યું છે. સમુદ્રમાં સર્જાયેલા ડિપ્રેશનની અસર હેઠળ કચ્છના તમામ દસ તાલુકાઓમાં ચૌદસ, પૂનમ અને સોમવારની બપોર સુધી વરસેલા અતિભારે વરસાદે ભારે તારાજી સર્જી છે જેને પગલે ખોરવાઈ ગયેલા જનજીવનને પૂર્વવત્ કરવા માટે તંત્ર દ્વારા હાલ યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. વરસાદના આ અતિરેકથી અનેક માર્ગોને વ્યાપક નુકશાની પહોંચી છે જેમાં પંચાયત હસ્તકના છ અને રાજ્ય હસ્તકના ૧૨ રસ્તાઓ હજુ પણ વાહનવ્યવહાર માટે બંધ હાલતમાં છે.

વ્યાપક વરસાદના પગલે જળાશયોમાં નવા નીરની આવક થઈ છે. મધ્યમ સિંચાઈના ૨૦ પૈકી ૧૧ અને નાની સિંચાઈના ૧૭૦ પૈકી ૯૩ ડેમો ઓવરફ્લો થયા હતા. કચ્છમાં સોળ આની વરસાદની પારાશીશી ગણાતું ભુજનું હૃદય સમાન હમીરસર તળાવ પણ ઓગની જતાં કચ્છીજનોના હૈયા તૃપ્ત થયા હતા. ચોમાસાના પ્રારંભે વરસાદથી વંચિત સીમાવર્તી લખપતમાં સાત, ગાંધીધામમાં છ, ભુજમાં સાડા પાંચથી છ, અંજાર, નખત્રાણામાં પાંચ, કાંઠાળ અબડાસા, માંડવી અને મુંદરા પંથકમાં બેથી ત્રણ ઇંચ વરસાદ થયો હતો.

# બે સગીરાઓ ઉપર દુષ્કર્મ આચરનાર ભાવનગરના આધેડને આજીવન કેદ



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જીલ્લાના મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ૫૫ વર્ષિય વૃદ્ધે જુદી જુદી બે સગીરાઓ ઉપર બળાત્કાર કરનાર આરોપીને મહુવાની કોર્ટે આજીવન કેદની સજા તેમજ દંડ તેમજ ભોગ બનનાર બંને સગીરાઓને આર્થિક વળતર પણ ચૂકવવા અદાલતે હુકમ કર્યો હતો.

આ બનાવની વિગત એવી છે કે ભાવનગર જિલ્લાના મહુવાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગોલણભાઈ ચીથરભાઈ મકવાણા (ઉં.વ.૫૫) નામના વૃદ્ધે ગત વર્ષ ૨૦૨૪ ની ફેબ્રુઆરી માસમાં બે સગીરાઓ જેમાં એક ૧૩ વર્ષ ૬ માસ તથા બીજી સગીરા ૧૫ વર્ષની બંને સગીરાઓને આ કામના આરોપીએ કહેલ કે તમે ઘરે આવો તમારૂ કામ છે તેમ કહીને ૧૫ દિવસમાં ૨ વખત દુષ્કર્મ કરેલ અને તેનો વીડિયો પણ ઉતાર્યો હોવાની ફરિયાદ નોંધાતા મહુવા રૂરલ પોલીસે આરોપી ગોલણભાઈ ચિથરભાઈ મકવાણાની સામે ગુનો નોંધાયો હતો. આ અંગેનો કેસ આજરોજ મહુવાના બીજા એડી. ડિસ્ટ્રી. જજ એ.એસ.પાટીલની અદાલતમાં ચાલી જતા અદાલતે સરકારી વકીલ કમલેશ કેસરીની અસરકારક દલીલો તેમજ ૧૭ મૌખિક અને ૫૨ લેખિત આધાર, પુરાવા, સાક્ષીઓ, વિગેરે ધ્યાને રાખી આરોપી વૃદ્ધને આજીવન કેદ નૈસર્ગિક મૃત્યુ (જીવે ત્યાં સુધી) ની જેલની સજા તેમજ દંડ તેમજ ભોગ બનનાર બંને સગીરાઓને પુનઃવસન માટે રૂા. ૪ લાખ વળતર પેટે ચૂકવવા અદાલતે હુકમ કર્યો હતો.

# ભાવનગરના તળાજાના રાજપરા નજીક બાઈક સાથે બે લોકોને કચડી અજાણ્યો વાહન ચાલક ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ તળાજા-ભાવનગર નેશનલ હાઈવે પર રાજપરા ગામના ખેડૂત અને ઉંચડી ગામના તેમની સાથે બાઈક પર સવાર ખેતમજૂર બંનેને અજાણ્યા ટ્રક જેવા મોટા વાહને બાઇક સાથે જ કચડી નાખતા રક્તરંજિત બન્યો હતો. તળાજા નજીકના નેશનલ હાઈવે પર વારંવાર ગમખ્વાર અકસ્માતોની ઘટના બને છે. આવા જ પ્રકારની દુઃખદ ઘટનાની મળતી વિગતો મુજબ રાજપરા (તણસા) ગામના ખેડૂત જીવરાજભાઈ ભવાનભાઈ ધામેલિયા ઉં.વ.આ.૬૦, ઉંચડી (ગોપનાથ)ના રહેવાસી શામજીભાઈ છગનભાઈ જાદવ ઉં.વ.૫૦ ને બાઇક પાછળ બેસાડી ગામની નજીક જ આવેલ વાડીએ સવારે આશરે ૬.૧૫ બાદ જતા હતા. નેશનલ હાઈવે પર બાઈક હંકારે એ પહેલા જ કોઈ અજાણ્યા વાહન ચાલકે બાઇક સાથે બંને સવારો સાથે એવો અકસ્માત સર્જ્યો કે જેમાં બાઈક અને ઉંચડી ના ખેતમજૂર શામજીભાઈ જાદવ કચડાઈ ગયા હતા. બંનેના સ્થળ પર જ કમકમાટી ભર્યા મૃત્યુ થયાની જાણ થતાં જ ગ્રામજનો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા.જેમાં શામજીભાઈ ના શબને ગોદડાંમાં પોટલુંવાળી ને લાવવા પડ્યું હતું. મૃતક જીવરાજભાઈ ના ભત્રીજા પ્રકાશ કુરજીભાઈ ધામેલિયા એ ફરાર થઇ ગયેલા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ અલંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.પોલીસે જણાવ્યું હતું કે માનવ અને સીસી ટીવી કેમેરાના માધ્યમથી વાહનચાલકને શોધવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરમાં રસ્તાનું ધોવાણ થતાં ૧૦ ગામનો સંપર્ક કપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી, જેના પરિણામે ૧૦ ગામોને જોડતા મુખ્ય રસ્તાઓનું ધોવાણ થયું હતું. કઠેચી, રાણાગઢ અને મૂળ બાવળા જેવા ગામોને જોડતો રસ્તો પાણીના તેજ પ્રવાહમાં તૂટી ગયો હતો, જેનાથી ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ રસ્તાઓનું ધોવાણ થવાથી ગામલોકોનો બહારના વિસ્તારો સાથેનો સંપર્ક કપાઈ ગયો હતો. માત્ર બે દિવસ પહેલાં જ આ રસ્તા પર માટીનો પાળો નાખીને કામચલાઉ સમારકામ કરવામાં આવ્યું હતું. જોકે, ઉપરવાસના વરસાદ અને પાણીના જોરદાર વહેણથી આ માટીનો પાળો પણ ધોવાઈ ગયો હતો, જેનાથી રસ્તો ફરીથી બંધ થઈ ગયો હતો આ ઘટનાએ સ્થાનિક તંત્રના કામની ગુણવત્તા પર સવાલો ઊભા કર્યા હતા. ગ્રામજનો વર્ષોથી આ જગ્યાએ બ્રિજ બનાવવા માટે અનેક વખત રજૂઆત કરી હતી પરંતુ તેમની માંગણી પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહોતું. જો આ સ્થળે પાકા બ્રિજનું નિર્માણ થયું હોત તો આ પરિસ્થિતિ સર્જાઈ ન હોત. સ્થાનિકોના કહેવા પ્રમાણે, વારંવાર રસ્તાઓ ધોવાઈ જવાની આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો અત્યંત જરૂરી છે. ગામલોકોને દર વર્ષે આવી મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે માટે સરકારે તાત્કાલિક ધોરણે આ વિસ્તારોમાં બ્રિજ બનાવવાની યોજના હાથ ધરવી જોઈએ તેવી માગ ઊઠી હતી.

# અમરેલીમાં ભાજપના નેતાએ જ ભ્રષ્ટાચારની પોલ ખોલતાં હડકંપ મચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીમાં રોડ રસ્તા બનાવવાને લઈ થયેલા ભ્રષ્ટાચારની પોલ સ્થાનિક નેતાએ જ ખોલી હતી. અમરેલી ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેન હિરપરાએ બીસ્માર રોડ વિશે સરકારને ફરિયાદ કરી હતી અને ભ્રષ્ટાચારના આરોપ પણ લગાવ્યા હતા.

તેમણે પત્ર લખીને કહ્યું, અમરેલી જિલ્લામાં આવેલા નેશનલ હાઇવે અતિ ખરાબ હાલતમાં છે. આ જિલ્લામાં બનતા નવા ડામર રોડ કે રિ-કાર્પેટ રોડમાં કાયમી ગુણવત્તાનો અભાવ રહ્યો છે. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર કાળી કમાણી કરીને પ્રજાને રોડ-રસ્તા બાબતે કાયમી પરેશાન કરે છે. અમરેલી જિલ્લામાં આવેલા સ્ટેટ હાઇવે અને જિલ્લા પંચાયત માર્ગ-મકાન વિભાગના નવા બનતા રોડ કે રિ-કાર્પેટ ડામરના સેમ્પલ થર્ડ પાર્ટી કે ગેરી લેબમાં ફેઇલ થયા હોય તેવો કોઈ દાખલો બન્યો નથી.

વધુમાં તેમણે કહ્યું કે, ગેરંટી સમયમાં રહેલા રોડ કોન્ટ્રાક્ટરના ખર્ચે રિપેરિંગ થયા હોય તેવા દાખલાઓ જનતાની જાણમાં નથી. કોઈ એજન્સીને નબળા કામને લઈને દંડ થયો હોય અને વસુલાત થઈ હોય તેવા દાખલા નહિવત છે. કોઈની સામે પોલીસ ફરિયાદ થઈ હોય તેવા દાખલા પણ ધ્યાને આવતા નથી. અમરેલીમાં રેતીની લીઝ ન હોવા છતાં પણ સરકારી બાંધકામ બંધ રહ્યું નથી. ગેરકાયદે રેતીનો ઉપયોગ કરી બહારની રેતીના લીઝના પાસ રજૂ કરવામાં આવે છે, જે સૌથી મોટું કૌભાંડ છે.

વર્તમાન સમયમાં નીચેના હાઇવે વાહનચાલકો માટે માથાનો દુખાવો સમાન બન્યો તો, સત્વરે પેચ કામ અને રિ કાર્પેટ થાય જેમાં રાજુલાથી સાવરકુંડલા સ્ટેટ હાઇવે, સાવરકુંડલાથી અમરેલી હાઈવે, સાવરકુંડલાથી નેસડી સુધી ચલાલા સ્ટેટ હાઈવે, અમરેલીથી બગસરા સ્ટેટ હાઇવે, ચલાલાથી બગસરા સ્ટેટ હાઈવે, અમરેલીથી બાબરા નેશનલ હાઈવે, બગસરાના માણેકવાડાથી બીલખા રોડ અમરેલીની હદ સુધીના તમામ રોડ રિપેરિંગ અને નવા બનાવવા માટે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી હતી.

# અંજારના સુગારિયામાં ધોળા દિવસે માતાજીના બે મંદિરમાંથી આભૂષણોની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આદ્ય શક્તિની આરાધનાના મહાપર્વ આસો નવરાત્રીના શરૂ થઇ ચૂકેલા કાઉન્ટડાઉન વચ્ચે અંજાર તાલુકાના સુગારિયા ગામમાં આવેલાં માતાજીનાં બે મંદિરોમાંથી તસ્કરોએ ધોળા દિવસે રૂા. ૧૯,૩૩૬ની કિંમતના આભૂષણોની ઉઠાંતરી કરતાં શ્રદ્ધાળુઓની લાગણી દુભાઈ છે.

સુગારિયા ગામના દરબારવાસમાં આવેલા મોમાય માતા તથા શીતલા માતાના મંદિરમાં ગત તા. ૧૭મી ઓગસ્ટના રોજ ચોરીનો આ બનાવ બન્યો હતો જેમાં ધોળા દિવસે મુખ્ય દરવાજાના નકુચા તોડીને અંદર પ્રવેશેલા તસ્કરોએ મોમાય માતાનાં મંદિરમાંથી ચાંદીના નાના-મોટા ત્રણ છત્તર તથા શીતલા માતાના મંદિરમાંથી ચાંદીના નાના-મોટા બે છત્તર એમ કુલ રૂા.૧૯,૩૩૬ના આભૂષણોની ચોરી કરી હતી. ૨૩ દિવસ બાદ ચોરીના આ બનાવ અંગે વીરભદ્રસિંહ મહિપતસિંહ જાડેજાએ અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# જામનગરમાં અમદાવાદ અને રાજકોટથી રૂપલલનાઓ બોલાવી ચલાવવામાં આવતું કૂટણખાનું ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં એક ફ્લેટમાંથી મહિલા સંચાલિત કૂટણખાનું ઝડપાયું હતું. કૂટણખાનું ચલાવતી મહિલા અમદાવાદ અને રાજકોટથી રૂપલલનાઓને બોલાવવામાં આવતી હતી. સમગ્ર મામલે પોલીસને જાણ થતાં દરોડા પાડીને કૂટણખાનું ઝડપી પાડ્યું હતું. પોલીસે ચાર મહિલાની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી..

જામનગરમાં આવેલા અંધઆશ્રમ આવાસના એક ફ્લેટમાં કૂટણખાનું ચલાવામાં આવતું હતું. જામનગર શહેર વિભાગના ડીવાયએસપીને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગર અંધઆશ્રમ આવાસના ત્રણ માળિયા બિલ્ડિંગમાં ફ્લેટમાં એક મહિલા દ્વારા બહારથી યુવતીઓ બોલાવીને કૂટણખાનું ચલાવાતું હતું.

સમગ્ર ઘટના મામલે પોલીસે કૂટણખાનું ચલાવનાર ૫૫ વર્ષીય મહિલા સામે ગુનો નોંધ્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, કૂટણખાનું ચલાવતી મહિલા સિલાઈ કામ કરતી હતી. પરંતુ શોર્ટકટથી પૈસા મેળવવા મહિલાએ પોતાના ઘરમાં કૂટણખાનું ચલાવવાનું શરૂ કર્યું હતું. જેમાં મહિલાએ અમદાવાદથી બે અને રાજકોટથી એક એમ ત્રણ યુવતીઓ બોલાવતી હતી. ઘરમાંથી કૂટણખાનું ઝડપાતાં આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

# આમ આદમી પાર્ટીની વિદ્યાર્થીપાંખ એએસએપી લોન્ચ થઈઃ વિદ્યાર્થીઓને રાજકારણમાં જોડાવા આહ્વાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી રાજકોટ ખાતે સીવાયએસએસને નવા નામ એએસએપી તરીકે લોન્ચ કરવા માટે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સમક્ષ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ કહ્યું હતું કે, આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને મને મારા કૉલેજકાળના દિવસો યાદ આવી ગયા. રાજકોટની આખી ટીમ અને ઘણા બધા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં તેમાં જોડાયા હતા. મને પૂરો વિશ્વાસ છે કે એએસએપી ગુજરાતમાં તમામ કૉલેજમાં, યુનિવર્સિટીઓમાં, હાઈ સ્કૂલમાં વિદ્યાર્થીઓનો અવાજ બનશે.

આ ઉપરાંત તેમણે કહ્યું, અત્યાર સુધી ભાજપ-કોંગ્રેસ વાળા પોતાના સગા સંબંધીઓને ટિકિટ આપીને એમને આગળ વધારીને રાજનીતિ કરતા હતા, જ્યારે આમ આદમી પાર્ટીએ નક્કી કર્યું છે કે એએસએપી દ્વારા અમે એક લાખ યુવાનને ગુજરાતમાં જોડીશું. આ યુવાનો આગામી સમયમાં તાલુકા પંચાયત જિલ્લા પંચાયત, પાલિકા, નગરપાલિકાની ચૂંટણીઓ પણ લડશે. આ સાથે જ તે પોતાના વિસ્તારનો અવાજ બનશે અને લોકોને જાગૃત કરશે અને આ સાથે જ પોતાના કૉલેજમાં, યુનિવર્સિટીમાં, વિદ્યાર્થીઓ સાથે થતા અન્યાય વિરુદ્ધ અવાજ પણ ઉઠાવશે.

ઇસુદાન ગઢવીએ દેશના રાજકારણીઓ પર નિશાન તાકતા કહ્યું હતું કે, વર્ષોથી બની બેઠેલા આપણા નેતાઓએ નક્કી કર્યું છે કે દેશને ગુલામ રાખવો છે. જનતાને ક્યારેય જાગૃત થવા દેવી નથી. નેતા- સાંસદો એવો માહોલ બનાવી દે છે કે તેમના દીકરાઓને ટિકિટો મળે છે, જ્યારે બીજાના દીકરાઓ સાફ-સફાઈમાંથી જ ઊંચા નથી આવતા. મારા એક ફોનથી લોકોના કામ થઈ જાય છે એવું લોકો કહે છે, પરંતુ હું આજે છું કાલે ન પણ હોવ ત્યારે તમારા હકની લડાઈ તમારે જાતે જ લડવી પડશે.

આ ઉપરાંત તેમણે કહ્યું, યુપી બિહારમાં ૪૦ થી ૫૦ ટકા લોકો રાજનીતિ શું કહેવાય એનાથી વાકેફ છે, જ્યારે આપણને કોર્પોરેશનની ચૂંટણીમાં કેટલા વોર્ડ આવે તેની પણ જાણકારી નથી. તેથી જ અમે યુવાઓને કહીએ છીએ કે, રાજનીતિમાં આવો, રાજનીતિ શીખો અને રાજનીતિમાં જે ગંદકી છે એને સાફ કરો ત્યારે આવનારી પેઢી વિદેશમાં જવાનું નામ નહીં લે.

# ભાવનગર જિલ્લાની તમામ અદાલતોમાં શનિવારે રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદનાં આદેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ભાવનગર દ્વારા ભાવનગર ખાતે કાર્યરત તમામ અપીલ અદાલતો તથા સિનિયર તથા જુનિયર દિવાની અદાલતોમાં તથા તાલુકા ખાતે કાર્યરત વિવિધ અદાલતોમાં તા.૧૩/૦૯/૨૦૨૫ના રોજ રાષ્ટ્રિય લોક અદાલત યોજાશે.

ભાવનગર શહેર વિસ્તારમાં ટ્રાફિકને લગતા ઈ-મેમોને લગતા કેસો કે જેમાં સંદર્ભમાં દર્શાવેલ પત્ર જોતા ઈ-મેમોના કેસો પણ પ્રિ-લિટિગેશનથી નિકાલ થઈ શકે તેમ છે અને જે તે પક્ષકારોની સામે કોર્ટમાં કેસ દાખલ કર્યા વિના પણ તા.૧૩/૦૯/૨૦૨૫ની રાષ્ટ્રીય લોક અદાલત યોજાય તે પહેલા પ્રિ-લિટિગેશનથી નિકાલ થઈ શકે તેમ છે. લોક અદાલતમાં સમાધાન પાત્ર તમામ દિવાની તથા ફોજદારી કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવશે.

આ લોક અદાલતમાં પી.જી. વી. સી.એલ., નેગોશિયેબલ એક્ટ (ચેક રિટર્ન), બૅન્કને લગતા કેસો, મોટર અકસ્માત વળતરનાં કેસો, લગ્ન વિષયક કેસો, રેવન્યૂ કેસો, જમીન સંપાદનના વળતરના કેસો તેમ જ લેબર કોર્ટના કેસો વગેરે સમાધાન માટે રાખવામાં આવશે. ભાવનગર ટ્રાફિક પોલીસ દ્વારા જે ઈ-મેમો આપવામાં આવે છે તેમાં નિયમ મુજબ માંડવાળ કરીને કોર્ટમાં કેસો દાખલ થયા વિના આવા ઈ-મેમોના કેસોનો નિકાલ થઈ શકશે.

વધુમાં જે વ્યક્તિઓ સાયબર ક્રાઈમના ગુનામાં ભોગ બનેલ છે અને તેમણે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનાની વિગત દર્શાવતી અરજીઓ કરેલ છે અને તે અરજીઓ વખતે પોલીસની કાર્યવાહીથી તેમની રકમ ફ્રીઝ થયેલ છે તે રકમ પરત મેળવવાની અરજીઓ તા.૧૩/૦૯/૨૦૨૫ની લોક અદાલત પહેલાં વહેલામાં વહેલી તકે જે તે હકુમતની કોર્ટમાં દાખલ કરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.